




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 22 AUGUST, 2025 Vol. 23, No. 32 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદ ફળ્યું, સંપત્તિમાં અધધ વધારો

## સાત મહિનામાં ટ્રમ્પે 100 મિલિયન ડોલરના બોન્ડ ખરીદ્યા, 33 પાનાની સરકારી ફાઈલમાં ચોંકાવનારો ખુલાસો

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સંપત્તિ અંગે 33 પાનાની સરકારી ફાઈલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રિપોર્ટ મુજબ તેઓ બીજી વખત રાષ્ટ્રપ્રમુખ બન્યા બાદ તેમની સંપત્તિમાં ધરખમ વધારો થયો છે. છેલ્લા સાત મહિનામાં ટ્રમ્પે 100 મિલિયન ડોલર (લગભગ 870 કરોડ)થી વધુનું રોકાણ કરીને અનેક ક્ષેત્રોમાં શેર ખરીદ્યા છે.

યુએસ ઑફિસ ઑફ ગવર્નમેન્ટ એથિક્સ (OGE) રિપોર્ટ મુજબ, 20 જાન્યુઆરીના રોજ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપતિ પદનો કાર્યભાર સંભાળ્યો, ત્યારબાદ 21 જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ટ્રમ્પે 100 મિલિયન ડોલરથી વધુ,



એટલે કે લગભગ 870 કરોડ રૂપિયાના બોન્ડ ખરીદ્યા છે. અગાઉ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, આ તમામ ટ્રાન્ઝેક્શન્સ થર્ડ પાર્ટી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યા છે, પરંતુ આખરે આ તમામ પૈસા ટ્રમ્પના હોવાથી, તેમના પર સરકારના નિર્ણયોનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરવાનો આરોપ પણ લાગી રહ્યો છે. ટ્રમ્પે આ રોકાણ મુખ્યત્વે યુએસ કોર્પોરેટ, સ્થાનિક મ્યુનિસિપલ અને રાજ્યના ડેટ સિક્યોરિટીઝમાં કર્યું છે. તેમાં મુખ્યત્વે સિટીગ્રુપ, મોર્ગન સ્ટેનલી, વેલ્સ ફાર્ગો, મેટા, ક્વોલકોમ, ધ હોમ ડેપો, ટી-મોબાઈલ યુએસએ અને યુનાઈટેડ હેલ્થ ગ્રુપ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ટ્રમ્પે બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ રાજ્યો, કાઉન્ટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કુદરતી ગેસ ઉત્પાદક સંસ્થાઓ અને અન્ય સ્થાનિક મ્યુનિસિપાલિટીઝ દ્વારા જારી કરાયેલા બોન્ડ્સમાં રોકાણ કર્યું છે. દરમિયાન, ટ્રમ્પની સંપત્તિ અંગે અલગ-અલગ આંકડા સામે આવ્યા છે. વર્ષ 2024માં ટ્રમ્પની સંપત્તિમાં 600 મિલિયન ડોલર (લગભગ 4,980 કરોડ રૂપિયા)નો વધારો થયો હોવાનું સરકારી આંકડાઓ પરથી સ્પષ્ટ થયું છે. તેમાં ક્રિપ્ટોકરન્સી, ગોલ્ફ પ્રોપર્ટી, લાયસન્સિંગ ડીલ્સ અને અન્ય ઉદ્યોગોમાંથી એકઠા થયેલા નફાનો સમાવેશ થાય છે. ટ્રમ્પની કુલ સંપત્તિ ઓછામાં ઓછી 1.6 બિલિયન ડોલર (લગભગ 13,960 કરોડ રૂપિયા) છે. બોન્ડ એટલે ફિક્સ્ડ ઈન્કમ ઈન્વેસ્ટમેન્ટ... આમાં કંપની અથવા સરકાર રોકાણકાર પાસેથી પૈસા લઈને નિશ્ચિત વ્યાજ ચૂકવે છે. નિષ્ણાતો કહે છે કે, જો યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દર ઘટાડે છે, તો ટ્રમ્પનું રોકાણો વધુ નફો આપશે, કારણ કે વ્યાજ દર ઘટવાથી બોન્ડની કિંમત વધે છે.

# યુક્રેન ઉપર ફરી ભીષણ હુમલો : રશિયાએ 570થી વધુ ડ્રોન અને 40 મિસાઇલો ઝિંકી

## એક નાગરિકનું મોત અને 15 લોકો ઈજાગ્રસ્ત થયાની યુક્રેનની સ્પષ્ટતા

**મોસ્કો**

રશિયાએ યુક્રેન પર વર્ષનો ત્રીજો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે. રશિયન સેનાએ પશ્ચિમી ક્ષેત્રમાં ૫૭૦થી વધુ ડ્રોન અને ૪૦ મિસાઈલો ઝિંકી ભયાનક તબાહી મચાવી છે. તાજેતરમાં જ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વ્લોદોમીર ઝેલેન્સ્કીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે બેઠક યોજી હતી. બેઠક બાદ રશિયા-યુક્રેનનું યુદ્ધ બંધ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી, જોકે રશિયન સેનાનો તાજેતરનો હુમલો જતા એવું લાગી રહ્યું છે, બંને દેશો પાછીપાની કરવા તૈયાર નથી.

રશિયન સેનાએ આ વર્ષનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હોવાનો યુક્રેન એરફોર્સે ૨૧ ઓગષ્ટે આક્ષેપ કર્યો હતો. એરફોર્સે આક્ષેપ કર્યો છે કે, રશિયન સેનાએ ૫૭૪ ડ્રોન અને ૪૦ મિસાઈલો ઝિંકી તબાહી મચાવી છે. સેનાએ સૌથી વધુ યુક્રેનના પશ્ચિમ વિસ્તારોને ટાર્ગેટ કર્યા છે. યુક્રેન એરફોર્સના અધિકારીઓનું કહેવું છે કે, રશિયાના હુમલામાં એક નાગરિકનું મોત થયું છે, જ્યારે ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હુમલા બાદ ઝેલેન્સ્કીએ પુતિન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, તાજેતરના હુમલાથી એવા સંકેત મળી રહ્યા છે કે, રશિયા કોઈપણ રીતે યુદ્ધવિરામ ઈચ્છતું નથી. મોસ્કો તરફથી યુદ્ધ બંધ કરાવવા કે પછી યોગ્ય વાતચીત કરવા માંગતું હોવાના કોઈપણ સંકેત મળ્યા નથી. યુક્રેનના વિદેશ મંત્રી એન્ટ્રી સાઈબિહાએ કહ્યું કે, 'રશિયન સેનાએ પશ્ચિમ યુક્રેનના એક મુખ્ય અમેરિકન ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચર કંપની પર હુમલો કર્યો છે.'




ચોંકાવનારી વાત એ છે કે, રશિયાએ યુક્રેનના જે વિસ્તારમાં હુમલો કર્યો છે, તે યુદ્ધ ક્ષેત્રથી ઘણું દૂર આવેલું છે. રિપોર્ટ મુજબ, પશ્ચિમ દેશો યુક્રેનને આપેલા સૈન્ય હથિયારો તે જ વિસ્તારમાં પહોંચાડે છે. કદાચ આ જ કારણે રશિયાએ પશ્ચિમ યુક્રેનને ટાર્ગેટ કર્યું હોઈ શકે છે. અધિકારીઓએ કહ્યું કે, હુમલામાં ઉપયોગ કરાયેલ ડ્રોનની ગણતરી કરવામાં આવી છે, તે મુજબ યુક્રેન પર આ વર્ષનો સૌથી મોટો હુમલો કરાયો છે. ડ્રોન અને મિસાઈલોની ગણતરી મુજબ આ આઠમો સૌથી મોટો હુમલો હતો.

## વૈભવી કિલ્લો ખાનગી રહેઠાણમાં પરિવર્તિત થયો

# 23 બેડરૂમ અને હેલિપેડ ધરાવતો કિલ્લો 1.5 મિલિયન પાઉન્ડમાં વેચાણ માટે તૈયાર

**લંડન**

પોર્ટ્સમાઉથ અને આઈલ ઓફ વાઈટ વચ્ચે સ્થિત સોલેન્ટના હદયમાં સ્થિત એક સમયે ડોક્ટર હમાં દર્શાવાયેલો 23 બેડરુમ અને હેલિપેડ ધરાવતો એતિહાસિક કિલ્લો હવે ફરી 1.5 મિલિયન પાઉન્ડમાં વેચાણ માટે ઉપલબ્દા છે. આ નો મેન્સ લેન્ડ ફોર્ટ, ઘોંઘાટીયા પડોશીઓથી કંટાળી ગયેલા લોકો માટે એક આદર્શ રહેઠાણ પુરૂ પાડે છે. વિહંગમ દશ્યો ધરાવતો , વિક્ટોરિયન ટાપુનો કિલ્લો 160 વર્ષથી વધુ જૂનો છે અને 1860માં નેપોલિયન IIIના સંભવિત આક્રમણ સામે સંરક્ષણની હરોળ તરીકે બાંધવામાં આવેલા ચાર દરિયાઈ કિલ્લાઓમાં એક હતો. આશરે ૯૯,૦૦૦ ચોરસ ફૂટ જગ્યા સાથે, ચાર માળનો કિલ્લો




હવે સ્વ-નિર્મિત વૈભવી ખાનગી રહેઠાણમાં પરિવર્તિત થઈ ગયો છે.

તેના ઐતિહાસિક મૂળ હોવા છતાં તેના જૂના વિશ્વના આકર્ષણથી આધુનિક સુવિધાઓ માટે જગ્યા બની છે, જેમાં પાંચ બાર અને એક રેસ્ટોરન્ટ છે. કેરાબેટ બાર નાઈટક્લબ, રેસ્ટોરન્ટ અને લોર્ડ નેલ્સન પબની સાથે, તેના નવા માલિકો માટે ચાર ટ્રીટમેન્ટ રૂમ અને સોના સાથેનો એક મીની સ્પા પણ છે.







# બ્રામ્પ્ટનમાં નવલ અને રાશિ બજાજ પ્લેસ ખાતે કૃષ્ણ જન્માષ્ટમી અને નંદ ઉત્સવની ઉજવણી

### પ્રેમ અને પવિત્રતા દર્શાવવા માટે ગુલાબી અને સફેદ રંગના વિવિધ શેડ્સથી સુશોભન કરાયું, ભગવાન કૃષ્ણને 101 પ્રકારના ફળો, 31 પ્રકારના સૂકા મેવા અર્પણ કરાયા







**બ્રામ્પ્ટન**

આ વર્ષે બ્રામ્પ્ટનમાં નવલ અને રાશિ બજાજ પ્લેસ ખાતે કૃષ્ણ જન્માષ્ટમી અને નંદ ઉત્સવની ઉજવણી ખાસ પવિત્રતા અને પ્રેમના સંદેશ સાથે કરવામાં આવી હતી. તેઓ બ્રામ્પ્ટનમાં 15 વર્ષથી જન્માષ્ટમીની ઉજવણી કરે છે. આ વર્ષે પ્રેમ અને પવિત્રતા દર્શાવવા માટે સમગ્ર સુશોભન ગુલાબી અને સફેદ રંગના વિવિધ શેડ્સથી કરવામાં આવ્યું હતું. પ્રખ્યાત ગાયક અજય ત્યાગી અને ટીમ, સચિન જોશી દ્વારા પર્ફોર્મન્સ આપવામાં આવ્યા હતા, તેમજ સમગ્ર સાઉન્ડ સિસ્ટમ અને સંગીતનું સંચાલન સચિન જોશી દ્વારા કરવામાં આવ્યું હતું, સચિન જોશીએ તેમના સુરીલા અવાજમાં ઘણા ગરબા પણ ગાયા હતા. ઘરના દરવાજા અને રસોડાની બહાર નાના પગના નિશાન દોરવામાં આવ્યા હતા, જે ઘર તરફ ચાલતા હતા, જે કૃષ્ણના અમારા ઘરમાં પ્રવાસનું પ્રતીક છે. કૃષ્ણને પ્રસાદમાં મીઠાઈઓ, ફળો, સોપારી અને માખણ ધરાવાયા હતા. આ પ્રસંગે ૨૫૬થી વધુ વિવિધ પ્રકારની મીઠાઈઓ ખૂબ કાળજીથી તૈયાર કરવામાં આવી હતી. ૧૦૧ પ્રકારના ફળો, ૩૧ પ્રકારના સૂકા મેવા ભગવાન કૃષ્ણને અર્પણ કરવામાં આવ્યા હતા. ઉજવણી પછી આ મીઠાઈઓનું પ્રસાદ તરીકે વિતરણ



કરવામાં આવ્યું હતુ. બ્રામ્પ્ટનમાં જન્માષ્ટમીની ઉજવણીમાં સેંકડો લોકો અને ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી, પ્રબમીત સિંહ સરકારિયા (પરિવહન મંત્રી), સાંસદ અમરજોત સંધુ, સાંસદ દિપક આનંદ, બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉન, બ્રામ્પ્ટન સિટી કાઉન્સિલર રોડ પાવર, ભારતના વાઈસ કોન્સ્યુલ યદુ રામજી, લેખક જય વાસવડા, ઘણા સંગઠનના વડાઓ, ઘણા ધાર્મિક અંતઃકરણના વડાઓ, સમુદાયના નેતાઓ અને મીડિયાના મિત્રો હાજર રહ્યા હતા. બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉને જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવી ઉલ્લેખ કર્યો હતો કે બ્રામ્પ્ટન કેનેડાના સૌથી વૈવિધ્યસભર શહેરોમાંનું એક છે, અને એ જોવાનો હંમેશા આનંદ થાય છે કે કેવી રીતે વિવિધતાઓએ બ્રામ્પ્ટનને ધાર્મિક, સાંસ્કૃતિક રીતે આટલું મજબૂત અને પ્રશંસનીય બનાવ્યું છે. વિવિધ કેનેડિયન સમાજના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. મંત્રી માનનીય પ્રબમીત સિંહ સરકારિયાએ જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવી હતી. નવલ બજાજે ભગવાન કૃષ્ણના જીવનમાંથી શીખો, ભગવત ગીતામાંથી તેમના ઉપદેશો લો અને તેને વધુ શાંતિપૂર્ણ અને સુંદર બનાવવા માટે જીવનમાં અમલમાં મૂકવા અપીલ કરી હતી.

# મ્યુનિ. હાઉસિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામમાં ઑન્ટેરિયો $ 1.6 બિલિયનનું રોકાણ કરશે

**ઑન્ટેરિયો**

પ્રીમિયર ડગ ફોર્ડે વાર્ષિક એસોસિએશન ઑફ મ્યુનિસિપાલિટીઝ ઑફ ઑન્ટેરિયો (AMO) કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે, ઑન્ટરિયો સરકાર ઘરો અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ પર બાંધકામ ઝડપી બનાવવા વધારાના $1.6 બિલિયનનું રોકાણ કરીને સમુદાયોનું રક્ષણ કરી રહી છે. સાથે જ ખર્ચ ઘટાડી ઑન્ટારિયોના અર્થતંત્રને મજબૂત બનાવી રહી છે. આ રોકાણ મ્યુનિસિપલ હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ (MHIP)ને લગભગ બમણું કરીને $ 4 બિલિયન કરે છે, જે પ્રાંતના 2025ના પ્રાંતીય બજેટમાં તાજેતરના $ 400 મિલિયનના વધારા પર આધારિત છે. પ્રીમિયર ડગ ફોર્ડે જણાવ્યું હતું કે, અમે હાઉસિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રેકોર્ડ રોકાણ કરી રહ્યા છીએ. જેથી અમે કામદારોને નોકરી પર રાખી શકીએ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રી કિંગા સુરમાએ જણાવ્યું હતું કે, 2024માં તેની શરૂઆત થઈ ત્યારથી MHIPએ સમગ્ર પ્રાંતમાં 800,000 ઘરોનું નિર્માણ શક્ય બનાવ્યું છે. પ્રાંતના $1.2 બિલિયન બિલ્ડીંગ ફાસ્ટર ફંડ સાથે જોડાણમાં જે તેમના હાઉસિંગ લક્ષ્યોને પૂર્ણ કરતી અને તેનાથી વધુ થતી મ્યુનિસિપાલિટીઓને પુરસ્કાર આપે છે, આ રોકાણો સમુદાયોને પરિણામો પહોંચાડવા માટે જરૂરી સંસાધનો આપે છે. મ્યુનિસિપલ હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામમાં આ વધારાનું $1.6 બિલિયન રોકાણ સમગ્ર ઓન્ટેરિયોમાં સમુદાયોને વધુ હાઉસિંગ ખોલવા અને આર્થિક વિકાસને ટેકો આપવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ બનાવવામાં મદદ કરશે.


SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available



JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# યુવા પેઢીએ સાંસ્કૃતિક પરંપરાઓ જાળવવા સાથે સમાજહિતના કાર્યો કરવા જોઈએ : વૈષ્ણવાચાર્ય

## ઇટોબિકોક બાલકૃષ્ણ સત્સંગ મંડળ દ્વારા સંસ્થાની 10મી વર્ષગાંઠ સાથે સ્વાતંત્ર્ય દિન અને જન્માષ્ટમીની ઉજવણી



ઈટોબિકોક : બાલકૃષ્ણ સત્સંગ મંડળ, ઈટોબિકોક દ્વારા શનિવાર, ૧૫મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦મા વર્ષગાંઠ મહોત્સવને અતિ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ દિવસ વિશેષ રહ્યો હતો. કારણ કે એ જ દિવસે સમગ્ર ભારત ૭૯મો સ્વાત્ર્ય દિન પણ ઉજવી રહ્યુ હતુ. આ સાથે જ જન્માષ્ટમીનો અવસર પણ હતો. આ ત્રિ-ઉત્સવના સંયોગમાં શ્રાદ્ધા, ભક્તિ, આનંદ અને દેશભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો. આ ભવ્ય સમારોહનું આયોજન રાજેશ શાહ અને આઈ જે શાહ તથા સમગ્ર બાલકૃષ્ણ સત્સંગ મંડળ પરિવારના સમર્પિત પ્રયત્નોથી કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૨૫થી વધુ વૈષ્ણવોએ સત્સંગનો લાભ લીધો હતો. સ્થળને ઉત્સવી અને પાવન બનાવવામાં ચેતના શાહ તથા તેમના સખીઓના સહિયારા પ્રયાસો રહ્યા હતા. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિ રહી હતી. તેમણે વચનામૃતરૂપે દિવ્ય

### ત્રિ-ઉત્સવના સંયોગમાં શ્રદ્ધા, ભક્તિ, આનંદ અને દેશભક્તિનો અનોખો માહોલ સર્જાયો

પ્રવચન આપીને શ્રોતાઓને આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડયું હતુ. આ સાથે જ આજના યુગમાં સ્વસ્થ જીવન જીવવાના અગત્યના સૂત્રો, સંતુલિત જીવનશૈલી અપનાવવાની કળા અને માનસિક તથા આધ્યાત્મિક શાંતિ મેળવવાના ઉપાયો સરળ ભાષામાં સમજાવ્યા હતા. તેમનાં વચનોમાં રજૂ થયેલા આત્મિકતા શિસ્ત સ્વાસ્થ્ય જેવા જીવનમંત્રોએ સૌના હૃદયને સ્પર્શી લીધા હતા. વૈષ્ણવાચાર્યએ જણાવ્યું કે, બાલકૃષ્ણ સત્સંગ મંડળ જેવી સંસ્થાઓ સમાજ માટે પ્રેરણાનું દીપક સમાન છે, જે યુવાઓને ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને સેવા-ભાવ સાથે જોડે છે. યુવા પેઢીએ સાંસ્કૃતિક પરંપરાઓ જાળવવા ઉપરાંત સમાજહિતે સેવા કાર્યો કરવા જોઈએ. કાર્યક્રમ દરમિયાન છેલ્લા ૧૦ વર્ષમાં બાલકૃષ્ણ સત્સંગ મંડળ, ઈટોબિકોક દ્વારા કરવામાં આવેલા વિવિધ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સેવાકીય કાર્યોનો ચિતાર પણ રજૂ કરાયો હતો. સમાપન પ્રસંગે સૌએ મળીને સંસ્થાની સતત પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. ઉપરાંત આગલા દાયકામાં વધુ સેવા, સંસ્કાર અને સાધનાના કાર્ય માટે સંકલ્પ કર્યો હતો. આ રીતે બાલકૃષ્ણ સત્સંગ મંડળ, ઈટોબિકોકની ૧૦મી વર્ષગાંઠ ઉજવણી માત્ર એક સમારંભ નહીં, પરંતુ એક પવિત્ર પ્રસંગ બની રહ્યો હતો. આ પ્રસંગે ૧૨૫ થી વધુ વૈષ્ણવોએ હાજરી આપી હતી.

# નાઝી સલામી બતાવતા વીડિયો બદલ પાંચ કેનેડિયન લશ્કરી સભ્યો સસ્પેન્ડ

**ટોરોન્ટો**

નાઝી સલામી આપતા લોકોના એક જૂથને દર્શાવતો વીડિયો સામે આવ્યા બાદ કેનેડિયન સશસ્ત્ર દળોના પાંચ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સાથે જ લશ્કરી પોલીસે ઘટનાની તપાસ આરંભી છે.

સેનાના કમાન્ડર લેફ્ટનન્ટ-જનરલ માઈકલ રાઈટે વીડિયોની સામગ્રીને ખલેલ પહોંચાડનારી ગણાવી અને કહ્યું કે નફરત અને ઉગ્રવાદને “કેનેડિયન સેનામાં કોઈ સ્થાન નથી. હું વીડિયોની સામગ્રીથી ખૂબ જ વ્યથિત અને નિરાશ છું. આ વર્તન સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને ઝડપી પગલાં લેવામાં આવશે. કમાન્ડરે કહ્યું કે, જનતાના એક સભ્યએ આ વીડિયો સૈન્ય સાથે શેર કર્યો છે, જેમાં ઓછામાં ઓછા સાત વ્યક્તિઓ, જેમાંથી પાંચને કેનેડિયન સેનાના સેવા આપતા સભ્યો તરીકે ઓળખવામાં આવ્યા છે.

આ વીડિયો ફૂટેજ 2023માં લેવામાં આવ્યો હતો અને તેમાં એક વ્યક્તિ રોયલ 22e રેજિમેન્ટ ધ્વજની સામે કવાયત કરતી અને કોઈ પદાર્થનું સેવન કરતી પણ બતાવે છે. રાઈટે કહ્યું કે તેમને 6 ઓગસ્ટના રોજ આ વીડિયો વિશે ખબર પડી અને તેમણે આ મામલો ઝડપથી લશ્કરી પોલીસને સોંપ્યો હતો.


Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS

• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more..............

Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

travel SERVICES
VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS

Guaranteed Lowest Fare for:
INDIA EUROPE
FAR EAST NORTH AMERICA
MIDDLE EAST AUSTRALIA
AFRICA CARIBBEAN
Call Us Today For Special Packages
AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE
DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
tico.ca IATA
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6

તંત્રી સ્થાનેથી

# ચૂંટણીમાં ગેરરીતિ : રાહુલના આક્ષેપો સામે પંચની નરોવા કુંજરવાની નીતિ

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ભારતમાં થયેલી છેલ્લી ચારેક મોટી ચૂંટણીમાં ગફલો થયાના ગંભીર આરોપો મુક્યા અને તે અંગે કેટલાક સજ્જડ પુરાવા મીડિયા સમક્ષ મુકતા દેશના રાજકારણમાં પખવાડિયાથી ખળભળાટ મચેલો છે. રાહુલે આક્રમકતા સાથે ચૂંટણી પંચે ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રની ચૂંટણીમાં મોટા પાયે ઘાલમેલ કરી છે અને બોગસ મતદારોની મદદથી ભાજપે ચૂંટણી જીતી હોવાનો ગંભીર આક્ષેપ કરતા સત્તાધીશો પણ સ્તબ્ધ થઈ ગયા છે.



તંત્રી - સ્વદેશ

રાહુલની આ પ્રેસવાર્તા સોશિયલ મીડિયામાં એટલી હદે વાયરલ થઈ રહી છે કે, જડ ભાજપ સરકાર અને ચૂંટણી પંચે તેની નોંધ લેવી પડી રહી છે. શરૂઆતમાં તો ચૂંટણી પંચ રાહુલના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપશે તેવી આશા હતી. પરંતુ પંચે રાહુલના આક્ષેપોના જવાબમાં મામુલી પ્રેસ નોટ જાહેર કરતા દેશને લાગવા માંડ્યું કે, રાહુલના આક્ષેપોમાં દમ છે અને ચૂંટણી પંચની ભુમિકા પણ ભૂંડી જ છે. ચૂંટણી પંચે એકદમ સરકારી રાહે જવાબ આપ્યા, જેમાં ભારતમાં મતદાર યાદી કઈ રીતે બને છે તેનું જ્ઞાન પિરસવામાં આવ્યું. પંચે રાજકીય પક્ષો અને નેતાઓને મત ચોરીના આક્ષેપો કરવા બદલ ફરિયાદ નોંધાવવા સુધી ચેતવણી આપી, પરંતુ જે આક્ષેપો થયા છે તેનો કોઈ જવાબ આપ્યો નથી.

રાહુલે ચૂંટણી પંચ નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી કરાવતું નથી અને ભાજપને ફાયદો કરાવવા કામ કરીને લોકતંત્રને પાગળું કરી રહ્યું છે એવું આળ જ મૂકી દીધું છે. જેથી પંચે આ દેશનાં લોકોને પોતે કોઈ ચોક્કસ પાર્ટીના દલાલ તરીકે નહીં પણ બંધારણીય સંસ્થા તરીકે આ દેશમાં લોકશાહીના જતન માટે કામ કરે છે, તેનો અહેસાસ કરાવવો જોઈએ પણ તેના બદલે ચૂંટણી પંચે સાવ ઉડાઉ જવાબો આપ્યા છે. પંચે સાવ વાહિયાત વાત તો એ કરી છે કે, મતદાર યાદીમાં ભૂલો રહી ગઈ હતી તો ભૂલોની ફરિયાદ, દાવા અને વાંધા રજૂ કરવા માટે ચૂંટણી પંચે નક્કી કરેલા નિર્ધારિત સમયગાળામાં કરવા જોઈતા હતા. આ સમયગાળા દરમિયાન વાંધા નોંધાવવામાં આવ્યા હોત તો ચૂંટણી નોંધણી અધિકારી તેની તપાસ કરીને સુધારા કરી શક્યા હોત. પણ નિર્ધારિત સમયગાળામાં વાંધા રજૂ ના કરાયા એટલે હવે કંઈ ના થઈ શકે.

ચૂંટણી પંચે ડહાપણ પણ ડહોળ્યું છે કે, ભવિષ્યમાં કોઈને કોઈ વાંધો હોય તો તેમણે નિર્ધારિત પ્રક્રિયા અને સમયમર્યાદામાં વાંધો ઉઠાવવો પડશે. પંચ સીધેસીધું એવું લોકોને કહી રહ્યું છે કે, ગરબડ થઈ હોય તેની પાછળથી રજૂઆત કરો તો કંઈ નહીં થાય. વળી, પંચે નક્કી કરેલી સમયમર્યાદામાં રજૂઆત ના કરાઈ, એટલે ખોટું કર્યું હોય એ પણ સાચું માની લેવાનું ? પંચની દલીલને માન્ય રાખીએ તો ભ્રષ્ટાચાર બદલ કોઈ કેસ જ ના કરી શકાય. ભ્રષ્ટાચાર થયો હોય કે ખોટું થયું હોય તો તેની તાત્કાલિક ખબર પડી જાય એ જરૂરી નથી. પણ જ્યારે ખબર પડે ત્યારે એ માટે પગલાં લેવાવાં જોઈએ. આ બહુ સાદી વાત સ્વીકારવાના બદલે ચૂંટણી પંચે સત્યને સ્વીકારવાની હિંમત દાખવી નથી.

રાહુલ ગાંધીએ બેંગલુરૂ લોકસભા મતવિસ્તારમાં આવતી મહાદેવપુરા વિધાનસભા બેઠકની મતદારયાદી રજૂ કરી હતી, જેમાં 1.06 લાખ બોગસ મતદારો હોવાનો આક્ષેપ કર્યો હતો. રાહુલે આક્ષેપ કર્યો હતો કે, કર્ણાટકમાં ઘણાં બધાં બૂથોની મતદારયાદીમાં એક જ વ્યક્તિનું નામ વારંવાર છે. ઘણી જગ્યાએ મતદારોના ફોટા નથી અને ઘણા કેસમાં મતદારોનાં સરનામાં નકલી છે. આ ઉપરાંત રાહુલે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના થોડાક મહિના પહેલાં જ લાખો મતદારોના નામ યાદીમાં ઉમેરાઈ ગયાનો પુરાવો રજૂ કર્યો હતો. સાથે જ તેમણે આક્ષેપ કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં પણ 40 લાખ મતદારો રહસ્યમય છે અને કર્ણાટક તથા મહારાષ્ટ્ર એ બંને રાજ્યોની મતદારયાદીમાં શંકાસ્પદ મતદારો છે. દેશની અનેક બેઠક પર આ પ્રકારની સ્થિતિ છે. એટલે આ સરકાર વોટ ચોરી કરીને બનાવાઈ છે.

પંચે રાહુલે રજૂ કરેલી યાદીની વેરિફિકેશન તો ન કર્યું પરંતુ સાથે એ મુદ્દે કોઈ ખુલાસો આપ્યો નથી. બિહારમાં સાત કરોડથી વધારે મતદારો છે અને ચૂંટણી પંચ સાત કરોડ મતદારોના વેરિફિકેશનની ક્વાયત માંડીને બેઠું છે. આ અંગે રાહુલે ઉલ્લેખ કર્યો એ એક વિધાનસભા મત વિસ્તારના મતદારોના વેરિફિકેશન માટે પણ પંચ તૈયાર નથી, તેનો અર્થ એ જ કે પંચને વેરિફિકેશન કરવામાં જરાય રસ નથી.

મતદાર યાદીમાં ગેરરીતિને લઈને રાજકારણ ગરમાઈ રહ્યું છે, કોંગ્રેસ આ મુદ્દે ચૂંટણી પંચ સામે વિરોધ પ્રદર્શન પર ઉતરી ગઈ છે. વિપક્ષ ઈન્ડિયા ગઠબંધન ચૂંટણી રાજ્ય બિહારમાં વોટર અધિકાર યાત્રા યોજી રહી છે. એવામાં ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને રાહુલ ગાંધીનું નામ લીધા વગર કહ્યું હતું કે જે પણ આરોપો લગાવાયા છે તે નિરાધાર છે, જો તેમની (રાહુલ) પાસે પુરાવા હોય તો ૭ દિવસમાં સોગંદનામા સાથે રજુ કરે નહીં તો પુરા દેશની માફી માગે.

ખુદ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું હતું કે કેટલાક પક્ષો અને તેમના નેતાઓ બિહાર એસઈઆર અંગે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. જો આ સમગ્ર પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની ભૂલ કે ખામી હોય તો તેને લઈને ચૂંટણી પંચના દરવાજા હંમેશા ખુલ્લા છે. મતદારો કે ચૂંટણી પંચ ડબલ મત કે વોટ ચોરીના પાયા વિહોણા આરોપોથી ડરતો નથી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં એક કરોડથી વધુ કર્મચારીઓ ભાગ લે છે, આટલી પારદર્શીતાથી ચૂંટણી યોજવામાં આવે છે શું ખરેખર મતચોરી શક્ય છે? વોટચોરી સહિતના જે પણ આરોપો લગાવાઈ રહ્યા છે તેના પુરાવા સાત દિવસમાં રજુ કરવામાં આવે નહીં તો આ તમામ દાવાને અયોગ્ય જાહેર કરવામાં આવશે.

બીજી તરફ રાહુલ વોટ ચોરીના મુદ્દાને ઠંડો પડવા દેવા માંગતા નથી. એટલે તેઓએ તેજસ્વીની યાદવ સાથે બિહારમાં વોટ અધિકાર યાત્રા યોજીને કેન્દ્ર સરકાર અને પંચને ફરી સાણસામાં જકડવા પ્રયાસ કર્યો છે. ખેર રાહુલ કદાચ રાજકારણ પણ રમતા હોઈ શકે. પણ વાસ્તવમાં લોકશાહી દેશમાં ચૂંટણીની પ્રક્રિયા પારદર્શક અને શંકાથી પર હોવી જોઈએ. કિન્તુ ભારતમાં કેટલાક સમયથી પંચના વર્તન અંગે સવાલો ઉઠી રહ્યા છે. પંચની કામગીરી સામે દેશનો સૌથી જૂનો પક્ષ અને વિરોધ પક્ષ સતત આંગળી ચિંધી રહ્યો છે. એટલે ચૂંટણી પંચ વિવાદમાં ફસાયુ છે. બિહારમાંથી એસઆઈઆરને નામે પંચે 65 લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાંખ્યા છે. આ મુદો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો અને કોર્ટે બિહારમાં વોટર વેરિફિકેશન સામે લાલ આંખ કરીને જેમનાં નામ મતદાર યાદીમાંથી કાઢી નંખાયાં તેમની તમામ વિગતો જાહેર કરવાનો આદેશ આપીને ચૂંટણી પંચને તેની ફરજ અને જવાબદારીનું ભાન કરાવ્યું છે.

manoj1968@yahoo. ca






# આણંદમાં કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલરની હત્યા અજાણ્યા શખ્સોએ જૂની અદાવતે ચપ્પુ હુલાવ્યું

## આણંદ પોલીસે ઉમરેઠના સુરેલી ગામના બે યુવકોને અમદાવાદથી ઝડપી લીધા

**આણંદ**

આણંદ નગરપાલિકાના વોર્ડ નં.-૧ના કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર ઈકબાલ ઉર્ફે બાલો મલેકની મંગળવારે સવારે બાકરોલ ગામના ગોયા તળાવ ઉપર વોકિંગ ટ્રેક ઉપર અજાણ્યા શખ્સોએ તિક્ષ્ણ હથિયારના ઘા મારી કરપીણ હત્યા કરી નાખી હતી. વિદ્યાનગર પોલીસે હત્યાનો ગુનો નોંધવા સાથે વિવિધ ટીમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. અઢી વર્ષ પૂર્વે ઈકબાલ ઉર્ફે બાલાને વિદ્યાનગરના મોટાબજાર વિસ્તારમાં પરિવારની એક યુવતીને લઈને એક યુવક સાથે માથાકૂટ થઈ હતી. ઈકબાલ મલેકે યુવકને માર મારી જાહેરમાં વરઘોડો કાઢયો હોવાનું જાણવા મળતા પોલીસે શંકાને આધારે યુવકનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. સીસીટીવીના ફૂટેજ તપાસતા મોંઢા ઉપર બે યુવકો રૂમાલ બાંધીને બાઈક લઈ પસાર થતા જણાયા હતા. દરમિયાન બંને હત્યારાઓ અમદાવાદના જુહાપુરામાં છુપાયાની માહિતી મળતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરી બંનેને ઝડપી પાડયા હતા. વિદ્યાનગર પોલીસની ટીમ ફૈઝલ ઈલ્યાસ હુસેન મલેક અને ઐયાન અલ્તાફભાઈ મલેકની પ્રાથમિક તપાસ કરતા હત્યા સમયે ઝપાઝપી થઈ હતી. અને હત્યારા બંને યુવકોએ છરા વડે હુમલો કર્યો હતો. ઈકબાલ મલેકે પ્રતિકાર કરતા ફૈઝલના હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી.

# સગીરા પર વારંવાર દુષ્કર્મના કેસમાં આકડોલના શખ્સને 20 વર્ષની કેદ

## ભોગ બનનારને 1 લાખ વળતર ચૂકવવા આદેશ થયો

**નડિયાદ**

નડિયાદ તાલુકાના આકડોલ ગામના શખ્સે સગીરાને ભગાડી જઈ વારંવાર બળાત્કાર ગુજારવાના કેસમાં નડિયાદ સેશન્સ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂા. ૩૫ હજારનો દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, નડિયાદ તાલુકાના આકડોલ ગામનો રાજેશ ઉર્ફે કાકડી પરમાર સગીર વયની દીકરીને લગ્ન કરવાની લાલચ આપી તા. ૧૬/૦૩/૨૦૨૪ના રોજ ભગાડી ગયો હતો. ભોગ બનનારને પોતાની રિક્ષામાં બેસાડી ડુમરાલ ગામ તરફ લઈ ગયો હતો અને ત્યાંથી જુદા જુદા વાહનોમાં બેસી અલગ અલગ જગ્યાઓ પર લઈ ગયો હતો. ત્યારબાદ તેણે ઉમેશભાઈ પટેલના ખેતરની ઓરડીમાં સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. આ મામલે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધ્યો હતો.

# આણંદમાં કાર ડિવાઈડર સાથે અથડાઈ બેના મોત, એક ગંભીર રીતે ઇજાગ્રસ્ત

**આણંદ**

આણંદ-પેટલાદ હાઈવે પર રામોદડી ઓવરબ્રિજ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. વાસદથી તારાપુર તરફ જઈ રહેલી એક કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈને પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે આખી કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ ગંભીર અકસ્માતમાં કારમાં સવાર ત્રણ લોકોમાંથી બેના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના દરવાજા અને પતરા કાપીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

સ્થાનિકોએ તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને આસપાસના વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# વાઈબ્રન્ટ ગુજરાત : માંડલ અને બેચરાજી SIRમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કામગીરી પૂરજોશમાં

## માંડલ બેચરાજી SIRમાં મોટા પ્રોજેક્ટ્સના કારણે ઔદ્યોગિક ક્ષેત્ર વધુ મજબૂત બન્યું

**બેચરાજી**

માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ તેની વિકાસલક્ષી પહેલ હેઠળ કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. જેમાં અંદાજે 190 કરોડના રોકાણ સાથે 33 કિમીના રસ્તાઓનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

લગભગ 500 કરોડના ખર્ચે પાણી પુરવઠો, ગટર અને ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલની પાઈપલાઈન જેવી સુવિધાઓ સાથે 66 કિમીના ટાઉન



પ્લાનિંગ રસ્તાઓનું બાંધકામ ચાલુ છે. 70 કરોડની ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી કેટલાક પ્લાન્ટનું નિર્માણ પણ કરશે. જેમાં 20 મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો વધારાનો વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, 4થી 15 મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા ત્રણ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર ગુજરાત માટે મહેસાણામાં જે આગામી વીજીઆરસીનું આયોજન થવાનું છે તે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ મૉડેલનું વિસ્તરણ છે.

# ચોર ઘૂસ્યાની શંકાએ લોકો ભેગા થયા પાદરા ભાજપ સહકારી નેતા ક્લિનિકમાંથી ચાદર ઓઢીને ભાગ્યા

## લોકોએ ચાદર હટાવી તો ભાસ્કર પટેલ દેખાયા અને બાદમાં કાળા કાચની કારમાં ભાગ્યા

**પાદરા**

પાદરા તાલુકાના સાધી ગામના ભાજપાના કાર્યકર તેમજ એપીએમસીના પૂર્વ ચેરમેન ભાસ્કર પટેલના મોડી રાત્રે ચાદર ઓઢીને રહસ્યમય ભાગવાનું કૃત્ય કરતા ચકચાર મચી છે. ગામના એક ક્લિનિકમાં મહિલા સાથે આખી રાત રોકાયા બાદ વહેલી સવારે ચાદર ઓઢીને રહસ્યમય સંજોગોમાં ભાગી રહેલા ભાસ્કર પટેલનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પોતે ઓળખાય નહી તેવી રીતે ચાદર ઓઢીને ભાગતા ભાસ્કર પટેલને ગ્રામજનોએ ચોર સમજીને પકડયા હતાં પરંતુ ભાસ્કર પટેલ ખુલ્લા પડી જતા તેઓ એક કારમાં ભાગવામાં સફળ રહ્યા હતાં.

ગ્રામજનોએ જણાવ્યુ હતું કે મધ્યરાત્રિના સમયે સામાન્ય રીતે બંધ રહેતું ક્લિનિક ખુલ્લું જોઈને શંકા થતા લોકો એકત્ર થયા હતા. ક્લિનિકમાં ચોર ઘૂસ્યો હોવાનો ભ્રમ ફેલાતા પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ પણ કરી હતી પરંતુ ક્લિનિકની અંદર રહેલી મહિલાએ પોતે સુરક્ષિત હોવાનું જણાવતા પોલીસ સ્થળ પરથી પરત ફરી ગઈ હતી.

ગ્રામજનોએ કહ્યુ હતું કે પરોઢે અચાનક ચાદર ઓઢેલો એક પુરુષ ક્લિનિકમાંથી નીકળીને ભાગવા લાગ્યો હતો. શખ્સની વર્તણૂંક શંકાસ્પદ લાગતા તેને પકડીને અમે ચાદર ખેંચીને જોતા તે વ્યક્તિ ભાસ્કર પટેલ હોવાનું બહાર આવ્યું હતું પરંતુ તે છટકીને કારમાં બેસી ભાગી ગયા હતા.

# ચકલાસી નગરપાલિકાના પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મુદ્દે 26મીએ ફેંસલો

**નડિયાદ**

ચકલાસી નગરપાલિકાના પ્રમુખ ધર્મેશ વાઘેલા સામે અવિશ્વાસની દરખાસ્ત કરવામાં આવી હતી. ઉપપ્રમુખ અમિતભાઈ પટેલે પ્રમુખ સામેની દરખાસ્તની ચર્ચા માટે તા. ૨૬મી ઓગસ્ટે સભા બોલાવી છે. ભાજપના કાઉન્સિલરો અપક્ષના સમર્થનથી પાલિકા પ્રમુખ સામે પ્રસ્તાવ લાવતા મામલો ગરમાયો છે.

ચકલાસી નગરપાલિકાના ઉપપ્રમુખ અમિત પટેલે તમામ સભ્યો અને ચીફ ઓફિસરને નોટિસ પાઠવી છે. જેમાં પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલા વિરુદ્ધ રજૂ થયેલી અવિશ્વાસની દરખાસ્ત પર ચર્ચા કરવા માટે સામાન્ય સભા બોલાવવામાં આવી છે. તા. ૨૬ ઓગસ્ટના રોજ સવારે ૧૨:૩૦ કલાકે નગરપાલિકાના સભાખંડમાં સભા યોજાશે. અગાઉ, ચૂંટાયેલા સભ્યો દ્વારા પ્રમુખ સામે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સભ્યોનો આક્ષેપ છે કે, પ્રમુખ કામકાજમાં સંકલન કરતા નથી, પ્રજાના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યા છે અને વિકાસના કાર્યોનું કોઈ આયોજન કરતા નથી. આ કારણોસર ૧૨ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત પર હસ્તાક્ષર કર્યા હતા. જેમાં ભાજપના જ સભ્યો, અપક્ષમાંથી ભાજપમાં ગયેલા સભ્યો અને અપક્ષ સભ્યોનો સમાવેશ થાય છે.

# દુષ્કર્મ કેસમાં સંડોવાયેલા આરોપીને 20 વર્ષની સજા

**વડોદરા**

સગીર કિશોરીને લગ્નની લાલચ આપી તેનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના બનાવમાં સંડોવાયેલા આરોપીને કસુરદાર ઠેરવી અદાલતે આરોપીને ૨૦ વર્ષની સજા તેમજ રૂા.૫૦ હજારનો દંડ ફટકારી આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સજાનો આદેશ કર્યો હતો. અજય અલ્પેશભાઇ તડવી તા.૮ એપ્રિલ ૨૦૨૧ના રોજ સગીર કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આ બનાવ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ તેમજ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદીની દીકરીની સગીર દીકરી તેમની સાથે રહેતી હતી અને તેને લગ્નની લાલચ આપી આરોપી ભગાડી ગયો હતો. આરોપીએ કિશોરીને લગ્નની લાલચ આપી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

# ડાકોર મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ અને નંદમહોત્સવ ધામધૂમથી ઉજવાયા

## રણછોડરાયે હીરા- પન્નાજડિત સવાલાખનો મુગટ ધારણ કર્યો

**ડાકોર**

ડાકોરમાં નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકીના નાદ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને નંદમહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ત્રણ દિવસની રજાના કારણે ડાકોરમાં બે લાખથી વધુ ભક્તો દર્શનાર્થે ઉમટયા હતા. બપોરના ૧૨ વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહ્યા હતા અને ઠાકોરજીને રાજભોગ જમાડવામાં આવ્યો ત્યારે દર્શન બંધ રહ્યા હતા. બપોરે ૧ વાગે ઠાકોરજીને પોઢાડી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ મંદિર સાંજે ૪.૪૫ કલાકે



ખુલી ૫ વાગે ઉત્થાપન આરતી કરાઈ હતી. બાદમાં ઠાકોરજીને વર્ષો જૂનો અમૂલ્ય હીરાપન્નાજડિત સવાલાખનો મુગટ ધારણ કરાવાયો હતો. ત્યારબાદ રાત્રીના ૧૨ વાગે પંચામૃત સ્નાન કરાવી શ્રીકૃષ્ણ જન્મના વધામણાં કરવામાં આવ્યા હતા.

# કોટેશ્વર મહાદેવ મંદિરમાં 18 કિલો ચાંદીના થાળુંની ચોરી

**અંબાજી**

અંબાજી નજીક આવેલા પૌરાણિક કોટેશ્વર મહાદેવ મંદિરમાં ચોરીની ઘટના સામે આવતા શિવભક્તોમાં રોષ ફેલાયો છે. મળતી માહિતી મુજબ, રવિવારે સમયે તસ્કરોએ મંદિરમાંથી 18 કિલો વજનના ચાંદીના થાળુંની ચોરી કરી હતી, જેની કિંમત આશરે રૂ. 21 લાખ આંકવામાં આવી રહી છે. આ ચોરીની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ ચાંદીનું થાળું આશરે 15 દિવસ પહેલાં જ રાજસ્થાનના જોધપુરના એક ભક્તે શિવલિંગ પર અર્પણ કર્યો હતો. ચોરી થયા બાદ તાત્કાલિક મંદિરના તમામ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ચોરીની સમગ્ર ઘટના મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પોલીસ અને સિક્યુરિટી સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયા છે અને તપાસ હાથ ધરી છે.

# નર્મદામાં ભાજપના નેતાને કમલમમાં માર પડ્યો નાંદોદના મહિલા ધારાસભ્યના ભાઈ પર આરોપ

**નર્મદા**

રાજપીપળામાં કમલમમાં બક્ષીપંચ મોરચાના પ્રમુખ પર નાંદોદના મહિલા ધારાસભ્યના ભાઈએ હુમલો કરી ધમકીઓ આપી હોવાની ફરિયાદ થતાં જિલ્લામાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

નર્મદા જિલ્લા ભાજપ બક્ષી પંચ મોરચાના પ્રમુખ ડૉ. ધવલ પટેલે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય ડૉ. દર્શનાબહેન દેશમુખના ભાઈ ડૉ. રવિ દેશમુખ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે 'હું તેમજ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જિતેશભાઈ તડવી 14 ઑગસ્ટના રોજ રાજપીપળા ખાતે ભાજપ દ્વારા આયોજિત મશાલ રેલીમાં હાજર હતા ત્યારે ડૉ. રવિ દેશમુખનો જિતેશભાઈ પર ફોન આવ્યો હતો અને મારી ટિકિટ કપાઈ હોવાની અફવા અંગે અપશબ્દો બોલી ઔકાત બતાવી દેવાની ધમકી આપી હતી.'

ડૉ. ધવલ પટેલે પોલીસ ફરિયાદમાં જણાવ્યાનુસાર 'આ ઘટના બાદ હું સાંજે કમલમ ઑફિસ પહોંચ્યો ત્યારે ત્યાં હાજર ડૉ. રવિ દેશમુખે મારા પર હુમલો કરતાં મારા ખભા અને ગળાના ભાગે ઈજા થઈ હતી. આ સમયે મહિલા ધારાસભ્ય સહિત અન્ય અગ્રણીઓ પણ હાજર હતા. હુમલા બાદ ડૉ. રવિ દેશમુખે મને ગરુડેશ્વરમાં રહેવા નહીં દેવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.'

આ વિશે પ્રતિક્રિયા આપતાં ડૉ. રવિ દેશમુખે જણાવ્યું હતું કે આદિવાસી સમાજમાં વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓને સંતોષવા અને સમાજમાં ભાગલા પાડવાનું મોટું ષડયંત્ર છે. આદિવાસી ધારાસભ્ય બહેનને નીચા પાડવા જાહેર સ્થળે તેઓ ચર્ચા કરતા હતા અને બહેનને અપશબ્દો બોલતા હતા. આદિવાસી બહેન મારી સગી બહેન છે. એક ભાઈ તરીકે મારી કોઈ સ્વાભાવિક પ્રતિક્રિયા ના હોઈ શકે?

# વડોદરા પંચાયતના કારોબારી ચેરમેન સામે એટ્રોસિટી અને ચોરીની ફરિયાદ

**વડોદરા**

પીપળીયા ગામે રહેતા શિતલબેન બારિયાએ વાઘોડિયામાં નિલેશભાઇ પુરાણી તેમજ અન્ય ૮થી ૧૦ માણસો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું ઘરકામ કરું છું તેમજ મારા પતિ વેપાર કરે છે. તા.૧૯ જુલાઈના રોજ મારા પતિ તેમના કામ માટે પટના ગયા હતા રાત્રે હું તેમજ મારી બે પુત્રીઓ અને મારા સસરા ઘેર હતા ત્યારે નિલેશ પુરાણી તેમજ અન્ય લોકો મારા ઘરમાં ઘૂસી ગયા હતાં.

મારા સસરાએ મને બૂમ પાડી બોલાવતા હું તેમજ મારી બંને પુત્રીઓ રૂમમાં આવ્યા ત્યારે નિલેશભાઇ પુરાણી હતા. મને જોતા જ નિલેશભાઇ ઉશ્કેરાઇ ગયા હતા અને તારા લીધે જ તારો પતિ ઉચે ચડે છે તમ કહી પતિને ફોન કરવાનું કહેતા મેં ફોન કર્યો હતો અને તેમણે ફોન ઉપાડતા મેં નિલેશ પુરાણીને વાત કરવા માટે ફોન આપ્યો હતો. થોડી વાત કર્યા બાદ તેઓ પોતાની ગાડીઓ લઈને નીકળી ગયા હતાં. થોડા સમય બાદ મેં તપાસ કરી તો બેઠકરૂમના કબાટમાં મારા પતિએ મને આકસ્મિક ખર્ચ માટે રૂા.૧ લાખ આપ્યા હતાં તે મળ્યા ન હતાં. મારા પતિની જમીનની કોઇ વાત બાબતે માથાકૂટ ચાલતી હોવાથી નિલેશ પુરાણીએ આવીને ધમકી આપી હતી.

# અમરોલીમાં 33 વર્ષની શિક્ષિકાનો આપઘાત, સાસરિયાના ત્રાસનો આરોપ

**સુરત**

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં રહેતી અને શિક્ષિકા તરીકે ફરજ બજાવતી મહિલાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. 33 વર્ષીય આરતી નારોલા નામની પરિણીતાએ પતિ અને સાસરિયાંના માનસિક ત્રાસના કારણે આ પગલું ભર્યું હોવાનો આરોપ સાથે અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આરતીના લગ્ન પાંચ વર્ષ પહેલાં નિલેશ નારોલા સાથે થયા હતા, જે સરથાણા વિસ્તારમાં ફિઝિયોથેરાપી ક્લિનિક ચલાવે છે. લગ્ન બાદથી જ આરતી અને નિલેશ વચ્ચે નાની-નાની બાબતોમાં ઝઘડા થતા હતા. આ ઉપરાંત, આરતીના પરિવારજનોનો આરોપ છે કે તેની સાસુ, સસરા અને નણંદ પણ તેને ત્રાસ આપતા હતા.

આ ત્રાસથી કંટાળીને આરતીએ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ આરતીના પરિવારના સભ્યોએ ફરિયાદ કરી હતી.

# સાવલીમાં ભાજપના નેતાઓ વચ્ચે મારામારી

**સાવલી**

સાવલી તાલુકાના ભાદરવા ગામે હાલના સરપંચના પતિ અને પૂર્વ સરપંચ અને પ્રદેશ કિસાન મોરચાના હોદ્દેદાર વચ્ચે પાણી છોડવા મુદ્દે ઉગ્ર મારામારીનો વીડિયો વાયરલ થતાં સમગ્ર તાલુકામાં ભાજપની આબરૂના લીરેલીરા ઉડ્યા છે અને ભારે ચર્ચાનો વિષય બન્યો છે.



પ્રાપ્ત માહિતી મુજબ સાવલી તાલુકાના ભાદરવા ગામે ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ અને હાલના સરપંચના પતિ મહીપતસિંહ રાણા અને ભાજપ જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અને પૂર્વ સરપંચના પતિ અને પ્રદેશ કિસાન મોરચાના હોદ્દેદાર અશોક ગામેચી વચ્ચે પાણી છોડવા મુદ્દે માથાકૂટ થઇ હતી જેનો વીડિયો વાયરલ થયો હતો.

ગામના વારીગૃહના પાણી છોડવા મુદ્દે બોલાચાલીમાં મારામારી થઇ હતી. વાયરલ વીડિયોમાં પૂર્વ તાલુકા પ્રમુખ દ્વારા કાર ચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. અશોકભાઈએ જણાવ્યું હતું કે પોતે ગ્રામ પંચાયતના સદસ્ય છે અને તહેવાર હોય પાણી છોડવાનું કહેતા વારીગૃહના કર્મચારીનું ઉપરાણું લઈને ઝઘડો કર્યો હતો અને મહીપતસિંહે તેમની કાર મહિલાઓ પર ચઢાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. કેટલીક બાઈકો પર કાર ચઢાવી હતી જેના પગલે કેટલીક મહિલાઓને ઈજાઓ થઈ છે અને કારથી બાઈકોને પણ નુકશાન થયું છે. આ મુદ્દે મહીપતસિંહ રાણાએ જણાવ્યું હતું કે સામાન્ય બોલાચાલી થઈ હતી અને પંચાયતના કર્મચારીને અશોકભાઈએ પાણી મુદ્દે માર્યો હતો તેના પગલે સામાન્ય બોલાચાલી થઇ હતી. ભાજપના બે નેતાઓ વચ્ચે મારામારી થતાં સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે.

# સુરતમાં 32 કરોડની હીરા ચોરીમાં ફેક્ટરી માલિક જ નીકળ્યો ચોર, વીમો પકવવા રચ્યું હતું ષડયંત્ર

**સુરત**

18 ઓગસ્ટના રોજ સુરતના વરાછા વિસ્તારમાં આવેલા ખોડીયાર નગર રોડ પરની કપૂર વાડીની ડીકે એન્ડ સન્સ ડાયમંડ કંપનીમાં 32 કરોડના હીરા ચોરાયા હોવાનો કેસ પોલીસ ચોપડે નોંધાયો હતો. ભૂતકાળમાં ક્યારેય આટલી મોટી ચોરીનો કેસ બન્યો ન હોય સુરત પોલીસ તંત્ર દોડતું થયું હતું. 15 ઓગસ્ટ, જન્માષ્ટમી અને રવિવારની રજા એમ કુલ ત્રણ રજા દરમિયાન આ ચોરીની ઘટના બની હોવાથી પોલીસને તપાસ શરૂ કરવામાં જ પરસેવો પડી ગયો હતો. જોકે, પહેલેથી જ આ



ચોરીની ઘટના પોલીસને શંકાસ્પદ લાગી રહી હતી. અનેક સીસીટીવી કેમેરા ચેક કર્યા બાદ ફરિયાદના બીજા જ દિવસે આ ચોરી જ નકલી હોવાનું પકડી પાડ્યું હતું.સમગ્ર ચોરીનું ષડયંત્ર રચવાનું કારણ 25 કરોડનું દેવું થઈ ગયું હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું છે. 300 કરોડ ટર્ન ઓવર ધરાવતી કંપનીના માલિક દેવેન્દ્ર કુમાર ચૌધરી હાલ ચાલી રહેલા હીરા ઉદ્યોગના મંદીના કારણે ધીમે ધીમે દેવામાં ઉતરી રહ્યા હતા. થોડા સમયમાં જ 25 કરોડથી વધુનું દેવું થઈ ગયું હતું. તેણે પોતાનું ઘર ગીરવે મુકીને બેંકમાંથી 14 કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ ઉપરાંત માર્કેટમાંથી 7 કરોડ અને વતન રાજસ્થાનથી 4 કરોડ લીધા હતા. જેને પગલે આ દેવામાંથી બહાર નીકળવા વીમો પકવવાનું કારસ્તાન સૂઝ્યું હતું. જેથી તેણે લીધેલો વીમો 10 દિવસ પહેલા રિન્યૂ કરાવ્યો હતો.

# રણછોડપુરા ગામમાં મહેમદાવાદના વેપારીની છરાના ઘા ઝીંકીને હત્યા

## રૂપિયાની લેતી-દેતીમાં હત્યા થઈ હોવાની આશંકા

**નડિયાદ**

મહેમદાવાદ શહેરમાં રહેતા સલીમ મહેમુદ્દીન મલેક પોતે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. ગતરોજ મોડી રાત્રે તેઓ ઘવાયેલી હાલતમાં વસો તાલુકાના દાવડા નજીકના પરા વિસ્તાર એવા રણછોડપુરામાં આવ્યા હતા. સ્થાનિકોએ તુરંત જાણ કરતા પરિવારજનો રણછોડપુરા ખાતે આવી પહોંચ્યા હતા. જોકે સલીમભાઈને સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. વસો પોલીસને જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મૃતક ઘાયલ હાલતમાં રણછોડપુરા સીમમાં રાત્રે અચાનક એક વ્યક્તિના ઘર નજીક આવી જતાં તેઓ પણ ડરી ગયા હતા. સલીમ મલેકનું મૃત્યુ થાય તે પહેલા સ્થાનિકોએ વિડિયો પણ બનાવ્યો હતો. આ મામલે મૃતકના ભાણીયા મલેક મહંમદસહીદ સફીયાણાએ જણાવ્યું કે, મને રાત્રે ફોન આવ્યો હતો જેમાં સામેવાળી વ્યક્તિએ કહેલું કે, તમારા મામાને કોઈએ છરાના ઘા માર્યા છે માટે? તમે રણછોડપુરા સીમમાં આવો તેમ કહેતા હું અને મારા પરિવારજનો ત્યાં પહોંચ્યા હતા.

# મગોડીમાં અઢી વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરીને દુષ્કર્મ કરનારાને ૨૦ વર્ષની કેદની સજા

**ગાંધીનગર**

ગાંધીનગર શહેર નજીક આવેલા મગોડી ગામ ખાતે રહેતી સગીરાને આરોપી પ્રવીણ જોઈતાભાઈ રાઠોડ રહે મીઠી પારડી, દિયોદર, બનાસકાંઠા દ્વારા પ્રેમ જાળમાં ફસાવવામાં આવી હતી અને તેણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી ગત ૧૨ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ મગોડી ગામેથી બાઈક ઉપર અપહરણ કરી લેવામાં આવ્યું હતું. જે સંદર્ભે આ સગીરાની માતા દ્વારા ચિલોડા પોલીસ મથકમાં આરોપી પ્રવીણ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ગાંધીનગરની સ્પે. પોક્સો કોર્ટમાં બીજા એડિશનલ સેશન્સ જજ જે. એન. ઠક્કરની કોર્ટમાં ચાલ્યો હતો.જ્યાં સરકારી વકીલ સુનિલ.એસ.પંડયા દ્વારા ભોગ બનનાર સગીરા અને અન્ય સાહેદોની જુબાની લેવામાં આવી હતી . ત્યારબાદ વકીલે રજૂઆત કરી હતી કે, ભોગ બનનાર દીકરીની ઉંમર નાની હતી અને તેમ છતાં આરોપી દ્વારા ગંભીર પ્રકારનો ગુનો આચરવામાં આવ્યો છે. સમાજમાં આ પ્રકારની ઘટનાઓ સતત વધી રહી છે. જેના પગલે આરોપીને કાયદામાં દર્શાવવામાં આવેલી સખતમાં સખત સજા કરવામાં આવે. જેના પગલે કોર્ટ દ્વારા આ દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી પ્રવીણ જોઈતાભાઈ રાઠોડને બળાત્કાર અને પોક્સો એક્ટની કલમ હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી છે અને ૪૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.



# ભુજમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે લોહિયાળ જંગ : પંચ અને કડાથી હુમલો કરાયો

## અગાઉ બે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલ ગાળાગાળી બાબતે મનદુ:ખ રાખી હુમલો કરવામાં આવતા કચ્છમાં ચકચાર

**ભુજ**

સેવન્થ ડે સ્કુલ બાદ ભુજની વીડી હાઈસ્કૂલના બે વિધાર્થી વચ્ચે સામાન્ય બાબતે મારામારી થઈ હતી જેમાં અગાઉ બે વિધાર્થી વચ્ચે થયેલ ગાળાગાળી અને મનદુ:ખ રાખી હુમલો કરવામાં આવતા સમગ્ર કચ્છ ભરમાં ચકચાર મચી જવા પામી છે. આ મારામારીની ઘટનામાં ભુજની વીરજી દેવશી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૧૧ અને ૧૦ ના વિધાર્થી વચ્ચે બબાલ સર્જાઈ હતી. જેમાં ધોરણ. ૧૦ના વિધાર્થીને માર મારવામાં આવ્યો હતો.




આ બનાવમાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓના ટોળાએ એક વિદ્યાર્થી પર ગંભીર પ્રકારનો હુમલો કર્યો હતો. જાણવા મળતી માહિતી મુજબ આ શાળાના વિદ્યાર્થીએ હાથમાં પહેરવાના પંચ અને કડા વચ્ચે અન્ય વિદ્યાર્થી પર હુમલો કરતા માથાના ભાગે લોહી લુહાણ થતાં વિધાર્થીને માથા ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ હુમલામાં ૧૦થી વધુના વિદ્યાર્થીના ટોળાએ માર માર્યો હોવાનો આક્ષેપ હાલ કરવામાં આવી રહ્યો છે.

આ અંગે શાળાના આચાર્ય પુછતા તેઓએ આ બનાવને સમર્થન આપી. આ ઘટનાને ગંભીર ગણાવી હતી. ભુજ શહેરની વીડી હાઈસ્કૂલના આચાર્યએ બંને વિધાર્થીના વાલીને શાળાએ બોલાવી માફી પત્ર લખાવી સમજાવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# રતનપરના સુધારા પ્લોટમાં જૂની અદાવતમાં 2 યુવક પર ફાયરિંગ

**રાજકોટ**

રતનપરના સુધારા પ્લોટ વિસ્તારમાં રહેતા ઈમ્તીયાઝ માલાણી અને રોનક મહેબુબભાઈ મોવર રતનપર ઢાળ પાસે ચા-પાણી, નાસ્તો કરવા ગયા હતા. ત્યાંથી પરત સુધારા પ્લોટ વિસ્તાર તરફ આવી રહ્યાં હતાં ત્યારે પેટ્રોલ પંપ પાસે ચારથી પાંચ શખ્સોએ કારમાં આવી યુવકો સાથે બોલાચાલી કરી હતી અને મામલો બીચકતા છરી વડે મારમારી માથાના તેમજ પગે અને હાથે ઈજાઓ પહોંચાડી ગાલ પર ફાયરીંગ કરી ઢીકા-પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેમાં ઈમ્તીયાઝ માલાણીને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં અગાઉ થયેલી બોલાચાલી તેમજ અંગત અદાવતનો ખાર રાખી થાનમાં રહેતા અને અસામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સ ફારૂકભાઈ ભટ્ટી અને તેના સાગરીતોએ ચારથી પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યા હોવાનું પણ હાલ અનુમાન સેવાઈ રહ્યું છે.

# જૂનાગઢમાં પિતાએ સગીર પુત્રીને 5 વર્ષ સુધી પીંખી, પાડોશીએ પણ આચર્યું દુષ્કર્મ

જૂનાગઢ: શહેરમાં ઘોર કળિયુગની સાબિતી આપતો કિસ્સો સામે આવ્યો હતો. પિતાએ તેની જ સગી પુત્રી પર દુષ્કર્મ આચર્યું હતું. જેથી તેણે હિંમત કરી પાડોશીને વાત કરતાં પાડોશી પણ તેને પીંખી હતી. આ મામલો સામે આવતાં જૂનાગઢમાં ચકચાર મચી ગઈ હતી. આ મામલો અભયમ હેલ્પલાઈન સુધી પહોંચતા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે પીડિતાનું કાઉન્સેલિંગ કર્યું હતું તેમજ પિતા અને પાડોશી બંને સામે ગુનો નોંધ્યો હતો.

જૂનાગઢમાં રહેતી સગીરાની માતા માનસિક અસ્વસ્થ હતી. પિતાએ એકલતાનો લાભ લઈને 10 વર્ષીય દીકરી પર પહેલીવાર દુષ્કર્મ આચર્યું અને સતત પાંચ વર્ષ સુધી આ ક્રમ ચાલુ રાખ્યો હતો. પીડિતાએ 15 વર્ષની ઉંમરે હિંમત પૂર્વક પાડોશીને વાત જણાવી ત્યારે મદદ કરવાની જગ્યાએ પાડોશીએ પણ પીડિતા પર દુષ્કર્મ આચર્યું હતું.

# વઢવાણ યાર્ડના ચેરમેન તરીકે નારણ પાવરા, વા. ચેરમેન તરીકે જગદીશ અસવારની નિમણૂક

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લાની સૌથી મોટી વઢવાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં તાજેતરમાં રાજ્ય નિયામક દ્વારા રાજ્ય સાથે વઢવાણ માર્કેટિંગ યાર્ડની ચુંટણી જાહેર થતા આજે વઢવાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ડિરેક્ટરો દ્વારા સર્વાનુમતે ચેરમેન તેમજ વાઈસ ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

વઢવાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેન રામજીભાઈ ગોહિલ તેમજ વાઈસ ચેરમેનની અઢી વર્ષની મુદત ગત ૦૩ એપ્રિલના રોજ પૂરી થઈ ગઈ હતી. અને ત્યારથી છ મહિના સુધી માર્કેટિંગ યાર્ડમાં વહીવટદાર શાસન ચાલતું હતું. તેમજ વઢવાણ માર્કેટિંગના ચેરમેન રામજીભાઈ ગોહિલ સામે ઝાલાવાડ જીનિંગ મંડળીમાં અંદાજે રૂ.૨.૬૬ કરોડની ઉચાપત અંગે ફરિયાદ નોંધાઈ છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સુરેન્દ્રનગર-લખતર હાઈવે પર કાર સળગી ઉઠતા 8 વ્યક્તિ ભડથું

## ઝમર અને દેદાદરા વચ્ચે બે કાર વચ્ચે ટક્કર, રોડ સાઈડમાં ખાબક્યા બાદ કાર સળગી ઉઠી, ઝીંઝરનો પરિવાર ખરીદી કરવા જઈ રહ્યો હતો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે. ત્યારે સુરેન્દ્રનગર-લખતર હાઈવે પર બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં નાના બાળકો અને મહિલાઓ સહિત કુલ આઠ વ્યક્તિના જીવતાં ભૂંજાઈ જતા મોત નીપજ્યા હતા. બનાવને પગલે હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથધરી હતી.

સુરેન્દ્રનગર-લખતર હાઈવે પર આવેલા ઝમર અને દેદાદરા ગામ વચ્ચે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ એક કાર રોડની સાઈડમાં ખાબક્યા બાદ અચાનક સળગી ઉઠી હતી. કારમાં સવાર મુળ ધંધુકા તાલુકાના



ઝીંઝર ગામના અને હાલ ભાવનગર રહેતા તેમજ લખતર તાલુકાના કડુ ગામના મહિલાઓ સહિત કુલ ૮ વ્યક્તિઓ કારમાં જ જીવતા ભુંજાઈ જતા તમામના મોત નીપજ્યા હતા.

પ્રાથમિક તપાસમાં ઝીંઝર ગામનો પરિવાર પોતાના સગા-સબંધીઓને ત્યાં કડુ ગામે આવ્યો હતો. ત્યાંથી સુરેન્દ્રનગર ખાતે ખરીદી માટે જઈ રહ્યા હતા. દરમ્યાન અન્ય કાર સાથે ધડાકા ભેર અથડાતા કરૂણાંતિકા સર્જાઈ હતી. બનાવની જાણ થતાં પાલિકાની ફાયર ફાયટર ટીમ તેમજ સ્થાનીક પોલીસ અને ત્રણથી ચાર ૧૦૮ ઘટના સ્થળે દોડી ગઈ હતી. વરસતા વરસાદમાં કારમાંથી મૃતદેહને બહાર કાઢી સુરેન્દ્રનગર સરકારી હોસ્પીટલ ખાતે પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથધરી હતી. કરૂણાંતિકાની જાણ થતા પરિવારોના નજીકના સ્વજનો પર આભ તુટી પડયું હતું. અકસ્માતમાં અન્ય કારચાલકની હાલત પણ ગંભીર હોવાનું સામે આવ્યું હતું. અકસ્માતને પગલે ડેપ્યુટી આઈજી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા.

અકસ્માતમાં મૃત્ય પામેલાઓમાં (૧) મીનાબા વિરેન્દ્રસિંહ રાણા ઉ.વ.૪૯, રહે.કડુ, (૨) કૈલાસબા જગદીશસિંહ ચુડાસમા ઉ.વ.૬૦, રહે.ભાવનગર, (૩) રાજેશ્રીબા નરેન્દ્રસિંહ રાણા ઉ.વ.૫૨, રહે.કડુ, (૪) દિવ્યાબા હરદેવસિંહ જાડેજા ઉ.વ.૩૫, રહે.કચ્છ, (૫) નીતાબા ભગીરથસિંહ જાડેજા ઉ.વ.૫૮, રહે. જામનગર, (૬) પ્રતિપાલસિંહ જગદિશસિંહ ચુડાસમા ઉ.વ.૩૫, રહે.ભાવનગર, (૭) રીધ્ધીબા પ્રતિપાલસિંહ ચુડાસમા ઉ.વ.૩૨, રહે.ભાવનગર, (૮) દિવ્યેશ્રીબા પ્રતિપાલસિંહ ચુડાસમા ઉ.વ.૧૦ મહિના, રહે.ભાવનગરનો સમાવેશ થાય છે.

# કેનેડા જવાના મામલે ફ્રોડ થતા યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

## સુરતના શખ્સને નાણા આપ્યા બાદ પરત કર્યાં નહી

**ભાવનગર**

ઘોઘા તાલુકાના તગડી ગામે પટેલ શેરીમાં રહેતા હિતેષભાઈ કલ્યાણભાઈ લાઠીયાએ ઘોઘા પોલીસ મથકમાં જેનીલ શૈલેષભાઈ પ્રજાપતી (રહે. સેન્ટ્રલ બજાર, વેસુ, સુરત) સામે ફરીયાદ નોંધાવી હતી કે, તેમના નાનાભાઈ સંજયભાઈ લાઠીયા (ઉ.વ ૩૪) એ કેનેડા જવા માટે તેના વર્ક વિઝા મેળવવા જેનીલ પ્રજાપતીને રૂ.૧૭ લાખ ટ્રાન્સફર કર્યાં હતા અને રૂ.૫ લાખ રોકડા મળી કુલ રૂ.૨૨ લાખ ચુકવ્યા હતા. પરંતુ જેનીલે કેનેડાના વર્કવિઝા કરાવી ન આપતા તેની પાસે પૈસા પરત માંગતા ન આપી ગલ્લા તલ્લા કરતો હતો. અવાર-નવાર પૈસાની ઉઘરાણી કરવા છતા ન આપી તેની સાથે ફ્રોડ કરી પૈસા પરત ન કરી તેના ભાઈને મરવા મજબુર કરતા ગત તા.૧૫ ઓગસ્ટના રોજ સવારના આઠ કલાકના રૂમમાં ઢીનું દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ મરણ ગયો હતો. યુવાનને સારવાર અર્થે ભાવનગર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં યુવાનનું મોત થયું હતું.

# જાફરાબાદ દરિયાના તોફાનમાં 3 બોટની જળ સમાધિ : 11 ખલાસીઓ લાપતા થતાં દોડધામ

## દરિયામાં ગયેલ 500 બોટ પરત પહોંચી, અન્યને એલર્ટ કરાઇ, તરવૈયા દ્વારા શોધખોળ

**રાજુલા**

જાફરાબાદ પાસે મધદરિયે ત્રણ બોટે કાબુ ગુમાવતા જળ સમાધી લીધી હતી. જો કે, આ ગંભીર ઘટનામાં ૧૧ ખલાસી લાપતા બન્યા હોવાનું જણાયું છે અને સંલગ્ન તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયું છે. જો કે, અત્યાર સુધીમાં ૫૦૦ બોટ પરત આવી હોવાનું જણાયું છે.

જાફરાબાદ માછીમારીની નવી સિઝનના પ્રારંભે જ દરિયો ખેડવા નિકળેલા સાગરખેડૂ મધદરિયે પહોંચ્યા અને કુદરતી વાતાવરણ ગંભીર બનતા મધદરિયેથી બોટ લઈને કાંઠે પરત ફરતા અનેક બોટના મશીનો પર બંધ હોવાથી અન્ય બોટ દ્વારા રેસ્ક્યુ હાથ ધરી દોરડા બાંધી પરત ફર્યા હતા. દરિયો ગાંડોતૂર બની મસમોટા મોજાં ઉછાળતા જાફરાબાદ થી ૧૮ નોટિકલ માઈલ યશવંતભાઈ બારૈયા ની જય શ્રી નામની બોટે મધદરિયામા જળસમાધિ લીધી હતી અન્ય બોટ દ્વારા ૫ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા ૪ ખલાસીઓ લાપતા થયા હતા જાફરાબાદ ની દેવકી નામની બોટે પણ મધદરિયે જળસમાધિ લીધી હતી તે બોટમાં ૧૦ ખલાસીઓ હતા અન્ય બોટ દ્વારા રેસ્ક્યુ હાથ ધરી ૭ જેટલા ખલાસીઓ ને બચાવી લેવામાં આવ્યા છે. તો બીજી બાજુ ગીર સોમનાથ જિલ્લાના રાજપરા ની મુરલીધર નામની બોટે મધદરિયામા જળસમાધિ લેતા અન્ય બોટ દ્વારા રેસ્ક્યુ હાથ ધરી ૫ જેટલા ખલાસીઓ ને બચાવી લેવામાં આવ્યા હતા.

# ખારાઘોડા રણમાં ફસાયેલા 9 યુવકનું પોલીસે રેસ્ક્યૂ કર્યું

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. જેમાં દસાડા તાલુકા તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે ખારાઘોડા સહિતના રણ વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. રણમાં વચ્છરાજ દાદાના મંદિરે દર્શન કરવા ૯ યુવકો જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક વધુ વરસાદ ખાબકતા તમામ યુવકો રણના કાદવમાં અંદાજે ૨૦ કિલોમીટર દુર ફસાઈ ગયા હતા અને રસ્તો ભુલી ગયા હતા જે અંગેની જાણ પાટડી પોલીસના કંન્ટ્રોલ રૂમમાં કરવામાં આવતા પાટડી પોલીસે રણના રસ્તાના જાણકાર લોકોની મદદ લઈ ટ્રેક્ટર તેમજ ગાડી વડે રણમાં જઈ તપાસ હાથધરી હતી અને ફસાયેલા તમામ ૯ યુવકોને શોધી રણમાંથી રેસ્ક્યુ કરી સલામત રીતે બહાર કાઢયા હતા.

# લોકડાયરાને હવે ગુનાખોરીનું ગ્રહણ પોલીસ તંત્રે કરવો પડે છે હસ્તક્ષેપ

## ડાયરામાં ફાયરિંગ અને નોટો ઉડાવવા બાબતે વારંવાર વિવાદ

**ગીર સોમનાથ**

ગીર સોમનાથ પોલીસ દ્વારા લોકસાહિત્યકાર દેવાયત ખવડની હત્યા કરવાની કોશિશ સહિતના હુમલા બદલ જે પરપકડ થઈ છે તે કોઈ નવી વાત નથી. એકલા દેવાયત ખવડ પર જ સાતથી વધુ ફરિયાદો થઈ છે. દર વર્ષે અવારનવાર ઘટનાઓમાં ડાયરાના કલાકારો અને માથાભારે આયોજકો કે શ્રોતાઓ વચ્ચે ડખા થવાથી પોલીસને દખલગીરી કરીને સમાધાન કે લાલઆંખ બતાવીને તમામ મામલાને શાંત પાડવાની કામગીરી ભજાવવી પડે છે. છેલ્લા 5 વર્ષમાં ડાયરામાં થયેલી બબાલોને કારણે ગુજરાત પોલીસને દખલગીરી કરવી પડી હોય એવી અંદાજિત સૌથી વધુ ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. ડાયરામાં ગેરકાયદે રીતે ફાયરિંગ કરવું, ડાયરામાં રૂપિયાની ચલણી નોટો ઉડાડવામાં ગૃહવિવાદો, ગુહવિવાદ જાતિ વાચક શબ્દોને લીધે થયેલી આંતરીક સોશિયલ મીડિયાની લડાઈઓ, ચાલુ ડાયરામાં થતી મારામારીઓ અને ફાયરિંગની ઘટનાઓમાં પોલીસને અવારનવાર હસ્તક્ષેપ કરવો પડે છે.

# મેંદરડામાં 13 ઈંચ વધુ વરસાદ, 51 ડેમ છલકાયા, 70 ડેમ હાઈ એલર્ટ

**જૂનાગઢ**

ગુજરાતમાં મેઘરાજાએ આક્રમક પધરામણી કરી હતી, જેના કારણે જૂનાગઢ જિલ્લામાં મેઘતાંડવ સર્જાયું હતું. જૂનાગઢ જિલ્લાના મેંદરડામાં 6 વાગ્યા સુધીમાં ૧૩.૦૩ ઈંચ, કેશોદમાં ૧૧.૦૨ ઈંચ, વંથલીમાં ૧૦.૨૪ ઈંચ વરસાદ પડ્યો હતો. તે ઉપરાંત અનેક તાલુકમાં 5 ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલનો સંગ્રહ 261426 એમસીએફટી એટલે કે કુલ સંગ્રહ ક્ષમતાના 78.25 % જેટલો નોંધાયો હતો. તે ઉપરાંત રાજયના અન્ય ૨૦૬ જળાશયોમા 418024 એમસીએફટી એટલે કે કુલ સંગ્રહ ક્ષમતાના 74.93% જળસંગ્રહ નોંધાયો હતો. રાજ્યના કુલ ૨૦૬ જળાશયો પૈકી 51 જળાશયો ૧૦૦% ભરાયેલ છે, 70 ડેમને હાઈ એલર્ટ પર, 30 ડેમને એલર્ટ પર તેમજ 19 ડેમને વોર્નીંગ પર મુકવામાં આવ્યા હતા.

# જામનગરના શ્રાવણી લોકમેળામાં સવા 2 લાખ લોકો ઉમટ્યા

**જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં શ્રાવણી લોક મેળાનું આયોજન કરાયું છે. સાતમ આઠમ અને નોમના ત્રણ દિવસના તહેવારો દરમિયાન વરસાદના ઝાપટાંની વચ્ચે પણ લોકોએ મેળાની રંગત માણી હતી, અને ત્રણ દિવસ દરમિયાન બેથી સવા બે લાખ લોકોએ મેળાનું મનોરંજન માણ્યું હતું.

જામનગરના પોલીસ વિભાગ, મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટીમ, તથા સિક્યોરિટી વિભાગ વગેરેની સુંદર વ્યવસ્થા ના કારણે બાજુમાં જ એસ.ટી. ડિવિઝન આવેલું હોવા છતાં પણ કોઈ ટ્રાફિક જામની સમસ્યા થઈ ન હતી, અને એસ.ટી.ના



તમામ રૂટો પણ રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા, જ્યારે નગરજનોએ મેળાનું ભરપૂર મનોરંજન માણ્યું હતું, અને જામનગરના લોકોએ સાતમ આઠમના તહેવારની ઉજવણી કરી હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા 10 ઓગસ્ટ થી 24 ઓગસ્ટ સુધીના શ્રાવણી મેળાનું આયોજન કરાયું હતું, પરંતુ કાનૂની ગૂંચ વગેરે મુદ્દા તેમજ એસ.ઓ.પી. ની ગાઈડલાઈન ને અનુસરીને રાઈડ્સ વગેરેના અભિપ્રાયો મેળવવામાં થોડો વિલંબ થયો હોવાથી સાતમના તહેવારના દિવસે તારીખ 15મી ઓગસ્ટે મેળાનો પ્રારંભ થયો હતો. વરસતા વરસાદે પણ શહેરીજનો મેળાની રંગત માણવા માટે ઉપસ્થિત રહ્યા હતા. જોકે મહાનગરપાલિકા દ્વારા મેળા મેદાનમાં કાંકરી પાથરેલી હોવાના કારણે ગારા કીચડ નો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો ન હતો, અને વરસાદ નું પાણી ભરાવાનો પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો ન હતો.

## રાજકોટના 'શૌર્યનું સિંદૂર' લોકમેળાનું ભવ્ય સમાપન, 15 લાખથી વધુ લોકોએ માણી મજા

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા 'શૌર્યનું સિંદૂર' લોકમેળાનું ભવ્ય સમાપન થયું હતું. આ મેળાએ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના લોકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. પાંચ દિવસ ચાલેલા આ લોકમેળાની મુલાકાત 15 લાખથી વધુ લોકોએ લીધી હતી. મેળામાં વિવિધ પ્રકારની રાઈડ્સ, ખાણીપીણીના સ્ટોલ્સ, રમકડાં અને અન્ય પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું, લોકમેળામાં ખાણી-પીણી રમકડા, હસ્તકલા કટલેરી સહિતની ચીજવસ્તુઓની ખરીદી પાછળ લોકો દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. એસ.ઓ.પી.ની કડક અમલવારી તેમજ નિયમ મુજબના ડોકયુમેન્ટસ આઠ જેટલા રાઈડસ સંચાલક પુરા નહી કરી શકતા મોતનો કુવો,વેન્જર સુનામી સહિતની આ આઠ રાઈડ્સ મંજૂરીના અભાવે શરૂ નહી થઈ શકતા રસીકોમાં નિરાશા સાંપડી હતી મેળાના અંતીમ દિવસે 1.60 લાખથી વધુ ચિક્કાસ જનભેદની ઉમટી પડી હતી.


Ganesha Accounting & Shiv Financial Services
Ganesha Accounting & Tax Services Inc.
Personal, Business & Corporate Tax
Accounting & Book Keeping
Financial Statement
Payroll, HST, WSIB Returns
New Business Registration & Incorporation
Manishaben Sevak
647-770-3876
ganesha.taxservices@gmail.com
proudly presents
Navratri 2025
SHIV FINANCIAL SERVICES
Super Visa Insurance & Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
647-236-7620
Garba Night
with
Jitendra Joshi
Legendry Garba Singer of North America & India (Nadiadi)
13 | SEP | 2025
SATURDAY - 6:30PM
Sringeri Temple Hall
80 Brydon Drive, Etobicoke, ON
Title Sponsors
GAURANG NAGAR
CENTURY 21. People's Choice Realty Inc. 1780 Albion Road, Unit 2, Toronto ON M9V 1C1
Gaurang Nagar
Real Estate Broker
C : 647-760-0996
E : realtor.gaurang@gamil.com
MLS
Buy | Sell | Lease | Invest
Devang Vyas
Mortgage Agent | Level 2 | #M20003201
416-830-5349
mortgage.devang@gmail.com
www.mortgagebydevang.ca
703-100 Allstate Parkway, Markham, ON L3R 6H3
Independently Owned & Operated FSRA #13093
in association with
Yeshvi Travel
yeshvitravel@gmail.com
+1 (905)-910-1516
+1 (437)-421-4414
SERVICES
Auto Home, Commercial, Business, Insurance Life, Travel Critical illness insurance
15+ YEARS OF EXPERIENCE
DEALING WITH 15+ COMPANIES
Jay Brar
RIBO, CIP, CAIB Licensed Broker & LLQP Licensed
Email : jay.brar@fsbgroup.ca
647-400-5100
905-731-8572
GLORS Heating & AC
HEATING & AIR CONDITIONING
647-883-4051
GlorsHeating.com
We might not be the cheapest, but best in quality GUARANTEED
Classic Honda
SANDIP SHAH
Sales Consultant
sandip.shah@performance.ca
416-741-1115
info@rohitlaw.ca
www.rohitlaw.ca
206-1058A Albion Rd, Etobicoke, ON M9V 1A7
ROHIT SHARMA
BARRISTER & SOLICITOR
JYOTISH SONI
Certified Home Inspector
AUM PROPERTY INSPECTIONS INC.
Cell: 647-801-7664
AumPropertyInspections@gmail.com
www.AumPropertyInspections.ca
KRUPA SHAH LAW PROFESSIONAL CORPORATION
Krupa Shah
Barrister, Solicitor & Notary Public
Email : Krupa@krupalawyer.ca
Web: www.krupalawyer.ca
Tel: +1-647-404-1610
Fax: +1-416-764-5622
11 Dawes Road, Brampton, ON - L6X 0R8
MARUTI CONSTRUCTION INC
Sandip Dave
647 501 9797
WE DO CUSTOM HOUSE, COMMERCIAL & INDUSTRIAL CONSTRUCTION & RENOVATION.
We Work with WSIB & Liability Insurance.
PESTISECT PEST CONTROL
+1-647-924-2753
info@pestisect.ca
www.pestisect.ca
Our Services includes
Ant, Bed Bug, Centipede, Cockroach, Rats & Mice, Fly, Silverfish, Spider
Raccoon, Squirrel, Skunk, Opossum, Bird, Clover Mites, Flea, Moth
All kind of Residential & Commercial Pest Services
Pal Physio & Rehab
Jignesh Shah
Clinic Director
6100 Finch Avenue W, Suite E-103, Etobicoke, ON. M9V 0A1
MAHARANI JEWELLERS LTD.
Specialize in: 18k, 22k, 24k and Diamonds
7112 Airport Rd. Malton, Mississauga
1011 Albion Rd. Etobicoke, ON
shreehari
CANADA PR, USA E2 L1
& all other immigration services
123 Pioneer Dr, Unit B203, Kitchener, Ontario N2P2A3
Ganesha Accounting & Tax Services Inc.
Personal, Business & Corporate Tax
Accounting & Book Keeping
Financial Statement
Payroll, HST, WSIB Returns
New Business Registration & Incorporation
Manishaben Sevak
647-770-3876
ganesha.taxservices@gmail.com
SONI STUDIOS
PHOTOGRAPHY
DHARMIK SONI
647-323-1334
@SONISTUDIOS
DHARMIK.SONI@YAHOO.CA
PG TRADING LTD.
Remittance and Currency Exchange
MONEY TRANSFER
CANADA TO INDIA
INDIA TO CANADA
+1 437-955-0442
Media Support
ગુજરાત ન્યૂઝલાઈન
WWW.GUJARATNEWSLINE.CA
647 400 6248
ગુજરાત વીકલી
ગુજરાત નો રણકાર
સ્વદેશ



# ॥ સંસ્કૃતિ ॥



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH

નવા બિલમાં સમાનતાનો ધ્યેય કે પછી વિપક્ષને સાણસામાં લેવા પ્રયાસ?

# બંધારણમાં સુધારો : સરકારની મનસા સામે ફરી સવાલ

રાહુલ ગાંધીએ ચૂંટણી દરમિયાન પંચે ભાજપ સાથે મળીને ગફલા કર્યાના ગંભીર આરોપોએ આખા દેશમાં ચકચારી મચાવી છે. તેવા સમયે કેન્દ્ર સરકારે બુધવારે લોકસભામાં બંધારણમાં 130મો સુધારો કરતુ બિલ રજૂ કર્યું હતુ. આ બિલમાં એવી જોગવાઈ છે કે, હવે ભારતમાં ગંભીર ગુનાહિત આરોપોમાં સતત 30 દિવસ જેલમાં રહેવા પર વડા પ્રધાન, મંત્રીઓ અને મુખ્ય મંત્રીઓને તેમના પદ પરથી દૂર કરી શકાશે. ભારતના બંધારણ મુજબ કાયદાની દ્રષ્ટિએ દેશના તમામ નાગરિકોને સમાન માનવામાં આવ્યા છે. પરંતુ મુખ્ય મંત્રી કે પ્રધાન મંત્રી જેવા પદ પર રહેલા નેતાઓને કેટલાક વિશેષાધિકારો આપવામાં આવ્યા છે. જો મુખ્ય મંત્રી સામે કોઈ ક્રિમિનલ કેસ કરવો હોય તો રાજ્યના ગવર્નરની પરવાનગી લેવી પડે છે અને પ્રધાન મંત્રી પર ફોજદારી કેસ કરવો હોય તો રાષ્ટ્રપતિની પરવાનગી લેવી પડે છે.

એનડીએની સરકાર હવે આ કાયદામાં મોટો ફેરફાર કરવા માગે છે, જેનો ખ્યાલ લોકસભામાં રજૂ કરવામાં આવેલા ૧૩૦માં બંધારણ સુધારા બિલ પરથી આવે છે. ગૃહમંત્રી અમિત શાહે બુધવારે ૧૩૦મો બંધારણ સુધારા બિલ સહિતનાં ત્રણ મહત્ત્વપૂર્ણ બિલ રજૂ કર્યા હતાં. શાહે બિલ રજૂ કરતાની સાથે જ લોકસભામાં હંગામો મચી ગયો હતો. આ બિલમાં ગંભીર ગુનાઈત આરોપોમાં સતત ૩૦ દિવસ જેલમાં રહેવા પર વડા પ્રધાન, મંત્રીઓ અને મુખ્ય મંત્રીઓને તેમના પદ પરથી દૂર કરવાની જોગવાઈ છે. તેથી આ બિલ લોકસભામાં આવતાંની સાથે જ વિપક્ષે જોરદાર વિરોધ સાથે હંગામો મચાવી દીધો હતો. કેટલાક સાંસદોએ તો બિલની નકલો ફાડીને લોકસભામાં જ ઉડાડી હતી. જો કે, ત્યાર બાદ ત્રણેય બિલોને JPC એટલે કે સંયુક્ત સંસદીય સમિતિને મોકલવાનો પ્રસ્તાવ રજૂ થયો હતો. આ બિલ જે સમયે અને રીતે રજૂ કરવામાં આવ્યું તેના પરથી સરકારના ભેદી ઈરાદાઓનો ખ્યાલ આવે છે.

ભારતનાં બંધારણના અનુચ્છેદ ૭૫માં પ્રધાન મંત્રી અને તેમના મંત્રીમંડળની રચના માટેની જોગવાઈ છે. હવે નવા સુધારા મુજબ જો કોઈ મંત્રી ગંભીર (પાંચ વર્ષ કે તેથી વધુ સજાપાત્ર) ગુનાના આરોપસર સતત ૩૦ દિવસ જેલમાં હોય તો રાષ્ટ્રપતિ તેમને પ્રધાન મંત્રીની સલાહ બાદ પદ પરથી દૂર કરશે. જો પ્રધાન મંત્રી સલાહ નહીં



આપે તો ૩૧મા દિવસ પછી તે મંત્રીને આપમેળે પદ પરથી દૂર થયેલા માનવામાં આવશે. જો પ્રધાન મંત્રી પોતે તેમના કાર્યકાળ દરમિયાન આવા આરોપોમાં સતત ૩૦ દિવસ જેલમાં રહ્યા હોય, તો તેમણે ૩૧મા દિવસ સુધીમાં રાજીનામું આપવું પડશે. જો તેઓ રાજીનામું નહીં આપે તો તેમનું પદ આપમેળે ચાલ્યુ જશે. આ બિલ જો કાયદો બને તો તેનો ઉપયોગ કરીને જેલમાં જનારા કોઈ પણ વિપક્ષી મુખ્ય મંત્રીને તેમના હોદ્દા પરથી દૂર કરવાની સત્તા રાષ્ટ્રપતિ અને પ્રધાન મંત્રીના હાથમાં આવી જશે. તમિલનાડુની ડીએમકે સરકારમાં મંત્રી રહેલા વી સેન્થિલ બાલાજીની ધરપકડ બાદ ઊભા થયેલા વિવાદ બાદ આ બિલ લાવવામાં આવ્યું છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

મની લોન્ડરિંગ કેસમાં બાલાજીની ધરપકડ બાદ તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ તેમને પદ પરથી હટાવી દીધા હતા. સુપ્રીમ કોર્ટમાંથી બાલાજીને જામીન મળ્યા બાદ તમિલનાડુના મુખ્ય મંત્રીએ તેમને ફરીથી મંત્રી બનાવ્યા હતા, બાલાજીને ફરીથી મંત્રી બનાવ્યા બાદ સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી. આ પછી ફેરબદલમાં તેમને દૂર કરવામાં આવ્યા હતા. અત્યાર સુધી ઘણા મંત્રીઓ ધરપકડ કે અટકાયતમાં લીધા પછી પણ રાજીનામું આપતા નથી. વિપક્ષનું કહેવું છે કે, આ કાયદાનો દુરુપયોગ થઈ શકે છે. અરવિંદ કેજરીવાલ અને હેમંત સોરેનની મુખ્ય મંત્રી પદ સંભાળતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. આ બંને નેતા સામે આરોપો સાબિત થયા નથી. એટલે તેમની ધરપકડ અંગે વિપક્ષે કહ્યું હતું કે તેમને જાણી જોઈને ફસાવવામાં આવ્યા છે.

આ બિલ અંગે કોંગ્રેસના સાંસદ અને સુપ્રીમ કોર્ટના વકીલ અભિષેક મનુ સિંઘવી કહે કે, આ વિપક્ષને નિશાન બનાવવા માટે છે. ધરપકડમાં કોઈ નિયમનું પાલન થતું નથી. છેલ્લાં 10 વર્ષમાં વિપક્ષી નેતાઓની ધરપકડ વધી છે અને તેમાં ઘણી અસંગતતા છે. નવા પ્રસ્તાવિત કાયદામાં ધરપકડ પછી તરત જ વર્તમાન મુખ્ય મંત્રીને હટાવી દેવામાં આવશે. વિપક્ષને અસ્થિર કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. ચૂંટણીમાં હરાવવામાં નિષ્ફળ જવા છતાં પક્ષપાતી કેન્દ્રીય એજન્સીઓને વિપક્ષી મુખ્ય મંત્રીઓની ધરપકડ કરવા માટે ઉશ્કેરવા અને મનસ્વી રીતે તેમની ધરપકડ કરીને તેમને દૂર કરવા આદેશ થઈ શકે છે. બીજી બાજુ શાસક પક્ષના કોઈપણ વર્તમાન મુખ્ય મંત્રી સાથે ક્યારેય જેલમાં ગયા નથી.

દરમિયાન કેરળના અલ્યુપાના કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે આરોપ લગાવ્યો કે જ્યારે અમિત શાહ ગુજરાતના ગૃહ મંત્રી હતા, ત્યારે તેમના પર આરોપો લાગ્યા પછી પણ તેમણે નીતિશાસ્ત્રનું પાલન કર્યું ન હતું. આ આરોપો અંગે અમિત શાહ ગુસ્સે થયા અને તેમણે કહ્યું કે, મારા પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. તેનો રેકોર્ડ સાફ કરવા માંગુ છું. મેં નૈતિક મૂલ્યોનો હવાલો આપીને રાજીનામું આપ્યું હતું. તેમણે કહ્યું કે મારી ધરપકડ થાય તે પહેલાં મેં મારા પદ પરથી રાજીનામું આપ્યું હતું.

જ્યારે RSP ના એન.કે. પ્રેમચંદ્રને પૂછ્યું કે સરકાર ગૃહમાં ત્રણેય બિલ રજૂ કરવાની આટલી ઉતાવળ કેમ કરી રહી છે, ત્યારે ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે પ્રેમચંદ્રન ઉતાવળની વાત કરી રહ્યા છે. પરંતુ આ પ્રશ્ન ઊભો થતો નથી. કારણ કે, હું આ બિલને સંસદની સંયુક્ત સમિતિને સોંપવા જઈ રહ્યો છું. જો કે, શાહના ખુલાસા બાદ પણ વિપક્ષી સાંસદોએ ગૃહમાં હંગામો જારી રાખતા બંધારણ સુધારા બિલની નકલો ફાડી નાખી અને તેને ગૃહમંત્રી અમિત શાહ તરફ ફેંકી હતી. વિપક્ષો તરફથી AIMIMના અસદુદ્દીન ઓવૈસી, કૉંગ્રેસના મનીષ તિવારી અને કે.સી. વેણુગોપાલ, RSPના એન કે. પ્રેમચંદ્રન અને સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવે બિલ રજૂ કરવાનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ કહ્યું કે હું આ ત્રણ બિલ રજૂ કરવાનો વિરોધ કરું છું. આ બિલ બંધારણનાં મૂળભૂત માળખાને સંપૂર્ણપણે નષ્ટ કરે છે. આ બિલ રાજ્યની સંસ્થાઓ દ્વારા કાયદાના રાજકીય દુરુપયોગનો માર્ગ ખોલે છે, જેમના મનસ્વી વર્તનનો સુપ્રીમ કોર્ટ દ્વારા વારંવાર વિરોધ કરવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે નિયમો અનુસાર આ બિલ રજૂ કરવાની સૂચના સભ્યોને સાત દિવસ અગાઉ આપવામાં આવી ન હતી અને તેની નકલો પણ સમયસર વહેંચવામાં આવી ન હતી. સીપીઆઈએમએલના મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્યએ આ બિલની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તે સંસદીય લોકશાહી પ્રણાલી પર સીધો હુમલો છે.

આ બિલ દ્વારા કેન્દ્રીય એજન્સીઓ ED, CBI, IT અને NIAનો દુરુપયોગ વધશે, આ બિલ અંગે રાષ્ટ્રીય જનતા દળના રાજ્યસભા સાંસદ મનોજ ઝાએ કહ્યું કે, આ બિલ દ્વારા આરોપી અને ગુનેગાર વચ્ચેનો તફાવત ભૂંસી નાખવાની તૈયારી ચાલી રહી છે. બીજી તરફ જાણકારોના જણાવ્યા મુજબ ચંદ્રબાબુ નાયડુની ટીડીપી આ બિલ અંગે સંમત થાય તેવી શક્યતા ઓછી છે. નરેન્દ્ર મોદી ફક્ત ટીડીપીના સમર્થનને કારણે જ વડા પ્રધાન રહ્યા છે. આ બિલનો હેતુ એવું વાતાવરણ બનાવવાનો છે કે સરકાર રાજકારણ અને ભ્રષ્ટાચારના ગુનાહિતિકરણ અંગે ખૂબ કડક છે. આ બિલ પસાર થયા પછી રાજ્યપાલને કોઈપણ મુખ્યમંત્રીને દૂર કરવાની સત્તા મળશે. એ બીજી વાત છે કે રાજ્યપાલ પર મોટા ભાગે તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવે છે. જોકે, રાજ્યપાલને આ કાયદાના કાર્યક્ષેત્રથી બહાર રાખવામાં આવ્યા છે.

ભારતની સંસદમાં 130મો સુધારો કરતુ બિલ રજૂ થયુ, જેમાં ગંભીર આરોપોમાં 30 દિવસ જેલમાં રહેનાર વડા પ્રધાન, મંત્રીઓ અને મુખ્ય મંત્રીઓને પદ પરથી દૂર કરવાની જોગવાઈ છે. આ બિલનો વિપક્ષે જોરદાર વિરોધ કરી આક્ષેપ મૂક્યો છે કે કાયદાનો ઉપયોગ વિપક્ષને ખતમ કરવા થઈ શકે છે

# ધાર્મિક ઉપવાસનું વૈજ્ઞાનિક મહત્ત્વ



દુનિયાના લગભગ તમામ ધર્મોમાં ઉપવાસનું અનેરું મહત્ત્વ છે. માંદા માણસને ઝડપથી સાજો કરવા તેનું શરીર જ તેની પાસે પરાણે ઉપવાસ કરાવે છે આને બદલે જો આપણે જ ઉપવાસનું મહત્ત્વ સમજીને તેનો યોગ્ય અમલ કરીએ તો માંદા પડવાનો અવસર ભાગ્યે જ આવે.

ભારે શરદી થઈ હોય, માથું ચડયું હોય કે તાવ આવ્યો હોય ત્યારે સામાન્ય રીતે આપણને કશું ખાવાનું મન થતું નથી. મનગમતી વાનગી સામે પડી હોય તો પણ તે ઝાપટવાનો ઉત્સાહ થતો નથી. આવા સમયે આપણે વસવસો કરીએ છીએ કે માંદા પડયો એમાં ભૂખ મરી ગઈ. પરંતુ હકીકત આનાથી જુદી છે. આપણા કરતાં આપણું શરીર વધારે બુદ્ધિશાળી છે. આપણે જલદીથી સાજા થઈ જઈએ તે માટે તે એવી સ્થિતિ પેદા કરે છે જેનાથી આપણે અકરાંતિયાની જેમ આલતૂ-ફાલતૂ ચીજો પેટમાં પધરાવતાં કામચલાઉ બંધ થઈ જઈએ. આથી પાચનતંત્ર પર કામગીરીનો બોજ ઘટે છે. આ સમયનો તે ઉત્તમ સદ્ઉપયોગ કરે છે. ખોરાક પચાવાના કામમાંથી છૂટ્ટી મળે એટલે પાચનતંત્ર શરીરમાં જમા રહેલા કચરાનો નિકાલ લાવવાનું શરૂ કરીને શરીર શુદ્ધ કરે છે. ફક્ત માણસ જ નહિ પશુ પક્ષીઓ પણ માંદા પડે ત્યારે ભૂખ ઓછી થઈ ગઈ હોવાનું અનુભવે છે.

માંદા માણસને ઝડપથી સાજો કરવા તેનું શરીર જ તેની પાસે પરાણે ઉપવાસ કરાવે છે આને બદલે જો આપણે જ ઉપવાસનું મહત્ત્વ સમજીને તેનો યોગ્ય અમલ કરીએ તો માંદા પડવાનો અવસર ભાગ્યે જ આવે. દુનિયાના લગભગ તમામ ધર્મોમાં ઉપવાસનું અનેરું મહત્ત્વ છે. જૈનોમાં પર્યુષણ વખતે ઉપવાસ કરવાની પરંપરા છે. તો ઈસ્લામના અનુયાયીઓ પવિત્ર રમઝાન મહિનમાં રોઝા રાખે છે.

હિન્દુ તથા બૌદ્ધ ધર્મમાં પણ વારે તહેવારે ઉપવાસ કરવાની પ્રથા છે. મહાત્મા ગાંધીએ શારીરીક રીતે ચુસ્ત રહેવા તથા સ્વાતંત્ર્યની લડત લડતી વખતે આત્મવિશ્વાસ ટકી રહે તે માટે ઉપવાસનો હાથા તરીકે ઉપયોગ કર્યો હતો. તેમણે ફક્ત બ્રિટિશરો સામે લડવા જ ઉપવાસનું શસ્ત્ર અજમાવ્યું હતું એ વાત અર્ધસત્ય છે. ઉપવાસના ખૂબી પૂર્વકના ઉપયોગને કારણે જ ઢળતી ઉમરે તેઓ જુવાનને શરમાવે તેવી ઝડપથી ચાલતાં.

શારીરિક તંદુરસ્તી માટે ઉપવાસનો ઉપયોગ કરતા પહેલા તેની પાછળનું વિજ્ઞાન સમજી લેવું જોઈએ. ઉપવાસ એટલે આપણા પાચનતંત્રને થોડા સમય માટે રજા પર ઉતારી દેવું, એટલે કે અમુક સમય સુધી ખાવાનું બંધ કરવું. ઘણાં લોકોની દલીલ છે કે આપણા શરીરને સતત કાર્યશીલ રાખવા ઉર્જાની જરૂર પડે છે અને આ ઊર્જા આપણને ખોરાકમાંથી મળે છે.

ખોરાકના માધ્યમથી મળતી ઊર્જા શરીરમાં નવા નવા કોષ ઉત્પન્ન કરે છે. પરંતુ આ ક્રિયા દરમિયાન કચરાનું પણ ઉત્પાદન થાય છે જે કોષની કામગીરીમાં બાધારૂપ બને છે. આપણે જે પણ ખાઈએ તે સઘળું હોજરીમાં જમા થાય છે અને પાચનક્રિયા દરમિયાન ફેફસાં અને કિડનીની જેમ હોજરી પણ કચરાના નિકાલનું કામ કરે છે. પણ ઉપવાસ દરમિયાન ખોરાક લેવાનુ ંબંધ હોઈને હોજરીને બાકી રહેલો કચરો ફગાવી દેવાનો સમય મળે છે. હોજરીના આ કાર્યને ફૂરસદના સમયમાં ઘરની સાફસૂફી કરતી ગૃહિણી સાથે સરખાવી શકાય. શરીરને હરતું ફરતું રાખવા જે ઊર્જાની જરૂર પડે તે આ બાકી રહેલા કચરાનું દહન કરીને મેળવી લેવાય છે. ત્યારબાદ જ શરીરની ચરબીને ખપમાં લેવાય છે. ઉપવાસ દરમિયાન કચરાનો નિકાલ થઈ ગયો હોવાથી કોષની કામગીરીને નડતો અવરોધ ઘટે છે. આથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. રક્ત શુદ્ધ થાય છે અને ત્વચાનો રંગ પણ ઊઘડે છે. કોઈ ઉપવાસી સાધુના દર્શને જઈએ ત્યારે આપણને આ બાબતની સત્યતાની ખાત્રી થાય છે.

### વૈજ્ઞાનિક ઢબે ઉપવાસ કરવાની પદ્ધતિ

■ ઉપવાસની શરૂઆત કરતાં પહેલાં પચવામાં ભારે હોય એવો ખોરાક ન ખાવો જોઈએ. જે દિવસે ઉપવાસની શરૂઆત કરવી હોય તેના બે ત્રણ દિવસ અગાઉથી જ આહારમાં સલાડ, ફળ જેવો પૌષ્ટિક ખોરાક સામેલ કરી દેવો જોઈએ.

■ ઉપવાસ દરમિયાન હોજરીમાં જમા રહેલા કચરાને સંપૂર્ણ રીતે સાફ કરવામાં ત્રિફળા ચૂર્ણ મધ કે હૂંફાળા પાણી સાથે લેવાથી મદદ મળશે.

■ ઉપવાસ વખતે દિવસના ઓછામાં ઓછું આઠ ગ્લાસ હુંફાળું પાણી પીવું જોઈએ. આ પાણીમાં લીંબુ કે મધ પણ ઉમેરી શકાય. ફળોનો રસ પીને ઉપવાસ કરવો ફાયદાકારક છે.

■ ઘણા લોકોને ઉપવાસ દરમિયાન શરીરમાં અશક્તિ વર્તાય છે અને કોઈ કોઈને ચક્કર આવવાની ફરિયાદ પણ રહે છે. આવા સમયે શ્રમવાળું કામ કે વ્યાયામ કરવાનું ટાળવું જોઈએ.

■ પહેલીવાર ઉપવાસ કરતા હોઈએ ત્યારે સીધું જ નકોરડા ઉપવાસ કરતી ઉતરી જવું નહિ. શરૂઆત એક ટંકના ઉપવાસથી કરવી. આદત પડયા પછી કાળક્રમે એકસાથે બે-ત્રણ દિવસના ઉપવાસ કરી શકાય. શરૂઆતના તબક્કાનાં ઉપવાસ દરમિયાન ફળોનો રસ પીવો ફાયદાકારક છે કારણ કે ફ્રૂટ જ્યૂસ શરીરમાં બાકી રહેલાં કચરાનો નિકાલ લાવવામાં મદદરૂપ બને છે.

### ક્યારે ઉપવાસ ટાળવો જોઈએ?

એકાદ અઠવાડિયાનો ઉપવાસ આરામથી ખેંચી શકે, પરંતુ જો ચક્કર આવવા કે હૃદયના ધબકારા અસામાન્ય થઈ જવા જેવી ફરિયાદ સતાવે તો ઉપવાસનો અંત લાવી તબીબની સલાહ લેવી.

■ ગર્ભવતી મહિલાઓએ ભૂલેચૂકે ઉપવાસ પર ઉતરવાનું સાહસ કરવું નહિ. કારણ કે આ એ અવસ્થા છે જેમાં માતા તથા ગર્ભસ્થ શિશુ બંનેને પોષણયુક્ત આહારની જરૂર છે.

■ ક્ષય, કેન્સર રક્તદાબ અને શ્વાસોચ્છવાસની બીમારીથી પીડાતા દરદીઓ ઉપવાસ ટાળવા જોઈએ. વિટામીનની ખામીને કારણે કોઈ બીમારી હોય તેવા લોકોને પણ આજ સલાહ છે. આ ઉપરાંત કિડની અને હોજરીની સમસ્યા સતાવતી હોય તો ઉપવાસથી દૂર રહેવું.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# ઈન્વેસ્ટ કેનેડા-ઈન્ડિયા ઈવેન્ટમાં આલ્બર્ટા ચેપ્ટરનો પ્રારંભ

## કેનેડા અને ભારત વચ્ચે વેપાર, રોકાણ અને સમુદાય ભાગીદારી મજબૂત થવાની આશા બંધાઈ













**એડમોન્ટન, આલ્બર્ટા**

૧૬ ઓગસ્ટ, ૨૦૨૫ - કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC)એ ઈન્વેસ્ટ કેનેડા-ઈન્ડિયા ઈવેન્ટ ૨૦૨૫ દરમિયાન તેના આલ્બર્ટા ચેપ્ટરની સફળતાપૂર્વક શરૂઆત કરી હતી. જે કેનેડા અને ભારત વચ્ચે વેપાર, રોકાણ અને સમુદાય ભાગીદારીને મજબૂત બનાવવામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. કાર્યક્રમનું સંચાલન એમસી પ્રાંશુ પટેલ અને રવિના બોડાવાલાએ કર્યું હતું અને કેલગરીની ૧૩ વર્ષની આંતરરાષ્ટ્રીય સંગીત પ્રતિભા અદિતિ પાટિલ દ્વારા ભાવપૂર્ણ ગણેશ ભજન રજૂ કરવામાં આવ્યું હતું. CHCCના પ્રમુખ કુશાગ્ર દત્ત શર્મા દ્વારા એક ખાસ વિડીયો સંદેશમાં સંસ્થાની મુખ્ય શક્તિઓ, આલ્બર્ટામાં મજબૂત હાજરીનું મહત્વ અને કેનેડા અને ભારત વચ્ચે રોકાણ અને વૃદ્ધિ માટે અનંત તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આલ્બર્ટા ઈવેન્ટ કોર-કમિટીના સભ્યો - રાકેશ પટેલ, ગોપાલ સાની, મિનેશ પટેલ અને દલીપ-શેખાવતને આલ્બર્ટા ચેપ્ટરને જીવંત બનાવવા માટે તેમના અથાક કાર્ય બદલ માન્યતા તકતી પણ રજૂ કરવામાં આવી હતી. સાંજનું મુખ્ય આકર્ષણ આલ્બર્ટા ચેપ્ટરનું સત્તાવાર લોન્ચિંગ હતું. નરેશકુમાર ચાવડાએ આલ્બર્ટા CHCC ચેપ્ટરના પ્રથમ પ્રમુખ તરીકે જાહેરાત કરી હતી. રાકેશ પટેલ અને સેન્ટ્રલ બોર્ડ ડિરેક્ટર્સ અનંત થર્મલિંગમ, રશ્મિકાંત પટેલ, ગોપાલ સાની અને સલાહકાર બોર્ડના સભ્યો ધવલ શાહ અને દલીપ શેખાવત પણ આ તકે હાજર રહ્યા હતા. આલ્બર્ટા ચેપ્ટરનું પ્રમાણપત્ર ઔપચારિક રીતે નરેશકુમાર ચાવડા, ટ્રસ્ટી મંડળના અધ્યક્ષ, CHCC નેતૃત્વ મહર્ષિ જાની VP-ઓપરેશન્સ સાથે રજૂ કરવામાં આવ્યું હતુ. ઉપસ્થિત રહેલા પ્રતિષ્ઠિત મહેમાનોમાં CGI વાનકુવર કોન્સ્યુલ અમિતાભ રંજન, ધારાસભ્ય શેન ગેટ્સન, ધારાસભ્ય પીટર સિંઘ , ધારાસભ્ય જેકી લવલી, સાંસદ ગાર્નેટ જેનુઈસ અને સ્વદેશી સંબંધો મંત્રી રાજન સાહનીનો સમાવેશ થતો હતો. દરેક નેતાએ કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC) માટે તેમની ખરી પ્રશંસા કરી આલ્બર્ટામાં તેની હાજરી કેટલી સમયસર અને જરૂરી છે તેમ કહ્યું હતુ. તેમણે વેપાર, આર્થિક કોરિડોર, કુદરતી સંસાધનો અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં મજબૂત કેનેડા-ભારત સહયોગને પ્રોત્સાહન આપવા માટે સેતુ તરીકે ચેમ્બરની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ધારાસભ્ય શેન ગેટ્સને રોકાણના મહત્વ, ભારતની મુલાકાત લેવા માટેના તેમના વિઝન, અને ભારત અને આલ્બર્ટા વચ્ચેના સંબંધો કેવી રીતે વધુ ઊંચા સ્તરે વધી શકે છે તેના પર એક અદ્ભુત ભાષણ આપ્યું હતુ. મહાનુભાવોએ નોંધ્યું કે, આલ્બર્ટામાં CHCC સાથે બંને દેશો વચ્ચે રોકાણ અને વિકાસ માટે નવા દરવાજા ખરેખર ખુલી શકે છે, જેનાથી બંને અર્થતંત્રો માટે વધુ તકો ખુલી શકે છે. કાર્યક્રમના બીજા ભાગમાં રોહિત ગ્રુપના સ્થાપક રાધે ગુપ્તાએ નવીનતા અને સમુદાય નિર્માણ પર, ધ બાયોસ્પોર્ટના ચીફ ગ્રોથ ઓફિસર લીલા આહીરે મેડિકલ ટુરિઝમ અને આરોગ્ય સંભાળ રોકાણ અને જેમ્સ ઝેલાઝો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સીપીએ ટકાઉ વિકાસ અને રોકાણ માળખા પર માર્ગદર્શન આપ્યું હતુ. જ્યારે ડૉ. શૈલેષ ઠાકરે ગ્લોબલ મેનેજમેન્ટ થિંકર (વિડિઓ દ્વારા), નેતૃત્વ અને સંગઠનાત્મક વિકાસ પર અને નિશા ઓડેદરા (મેપલ એર ચાર્ટરના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર)એ ઉડ્ડયન રોકાણ તકો અને મનપ્રીતે ભારતમાં રિસોર્ટ-શૈલી રોકાણ તકો અંગે છણાવટ કરી હતી. આ કાર્યક્રમનું સમાપન CHCC VP મહર્ષિ જાની દ્વારા આભારવિધિ સાથે થયું હતુ ત્યારબાદ રાત્રિભોજન અને રાજકીય નેતાઓ, ઉદ્યોગ અગ્રણીઓ અને સમુદાયના સભ્યો વચ્ચે નેટવર્કિંગનો કાર્યક્રમ યોજાયો હતો.

# અમદાવાદની માનવસાધના સંસ્થા માટે શિકાગોમાં ૧.૧૧ કરોડ એકત્ર




**શિકાગો**

ગુજરાતના અમદાવાદમાં આવેલી માનવસાધના સંસ્થા સમાજસેવા માટે વિશ્વવિખ્યાત છે. જ્યાં વિરેનભાઈ જોશી નામના સેવાભાવી વ્યક્તિએ પોતાનું જીવન સમર્પિત કરેલું છે. અમેરીકાના શિકાગો શહેરમાં ભારતીય સિનિયર સિટિઝન ઓફ્ શિકાગો નામની સંસ્થાના પ્રમુખ અને મૂળ અમરેલીના મોરઝર ગામના હરીભાઈ ભેંસાણીયાએ તારીખ ૧૬-૧૭ ઓગસ્ટના દિવસે માનવસાધના માટે જગદીશ ત્રિવેદીના બે કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



શિકાગોના રાણા-રેગન કોમ્યુનિટી સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં પ્રથમ દિવસે ૭૭૦૦૦ અને બીજા દિવસે ૪૮૦૦૦ ડોલર મળીને કુલ સવા લાખ અમેરીકન ડોલર એટલે ભારતીય ચલણ મુજબ આશરે એક કરોડ અગીયાર લાખ રૂપિયાનું દાન એકત્ર થયું હતુ.

માનવ સાધનના અમેરીકાના ટ્રસ્ટી પરેશ પટેલે આ રકમ માનવસાધના તરફથી સ્વીકારી હતી અને જગદીશ ત્રિવેદી તેમજ ભારતીય સિનિયર સિટીઝન ઓફ્ શિકાગો સંસ્થાના તમામ કમિટી મેમ્બર્સનો આભાર માન્યો હતો. આ પ્રસંગે અશોકભાઈ નારીચાણીયા તરફથી સંસ્થાના તમામ સભ્યોને જગદીશ ત્રિવેદીનું અંગ્રેજી જીવનચરિત્રનું પુસ્તક Extraordinary Story of An Ordinary Man ભેટ આપવામાં આવ્યું હતું.

# સ્કારબોરો ટોરોન્ટોમાં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી, દેશભક્તિના ગીતોની ગુંજ






## હનુમાન ચાલીસાનો સમુહ પાઠ થયા બાદ નૃત્ય રજૂ થયા

**સ્કારબોરો**

શ્રી હનુમાન ટેકરી સિનિયર્સ ગ્રુપ સ્કારબોરોમાં ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી જયંતીભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ (ગ્રુપના પ્રમુખ), વનરાજ બોડાણા અને સર્વે સિનિયર્સના સહકારથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૪૦૦ જેટલા ભારત પ્રેમી દેશભકતો હાજર રહ્યા હતા. ભાવેશભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. એન્ડ્રીયા હેઝલ (એમ.પી.પી), ડૉ. રેડ્ડી, ઝાકિર પટેલ, અશ્વનિ ભારદ્વાજ, ચંદુભાઈ, ઈશ્વરભાઈ પારેખ, દેસાઈભાઈ, ભગવત પ્રસાદ, અરુણભાઈ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. નારી શક્તિ તરફથી ધર્મિષ્ઠાબેન, પૂર્ણિમાબેન, ચિંતનબેન ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં શ્રી હનુમાન ચાલીસાનો સમૂહમાં પાઠ કરવામાં આવ્યો હતો. જાણીતા સંગીતકાર જયેન્દ્રભાઈ નાયકે દેશ ભક્તિના ગીતોની રમઝટ બોલાવી હતી. વિશાળ જનમેદની દેશભક્તિના રંગમાં રંગાઈ ગઈ હતી. સુશીલાબેનના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભક્તિના ગીત પર નૃત્ય રજૂ કર્યા હતા. રમણભાઈ પટેલનું સફળ સંચાલન રહ્યું હતું. કાર્યક્રમમાં નમસ્તે સ્ટોર, મિર્ચ મસાલા સ્ટોર્સનો આર્થિક સહકાર સાંપડયો હતો. સમારંભના અંતે અલ્પાહારમાં ફાળી ચેવડો, વેફર્સ અને આઈસ્ક્રીમની લિજ્જત માણીને સૌએ વિદાય લીધી હતી.

# અમદાવાદમાં ધો.10ના વિદ્યાર્થીની હત્યા બાદ હંગામો

## શાળામાં હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો

અમદાવાદ : અમદાવાદમાં મંગળવારે (19 ઓગસ્ટ) ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં અભ્યાસ કરતા 10માં ધોરણના વિદ્યાર્થી પર ચપ્પુથી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક 15 વર્ષીય વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, અમદાવાદમાં ધોરણ-8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય 7-8 વિદ્યાર્થીઓ સાથે મળીને 10માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો કરીને તેને ચપ્પુ મારી દીધું હતું. વાત એમ છે કે, હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખી આરોપી વિદ્યાર્થીએ શાળાથી છૂટ્યા બાદ 7-8 વિદ્યાર્થીને ભેગા કરી બદલો લેવા માટે ધોરણ 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર ચપ્પાનો વાર કર્યો હતો.



ત્યારબાદ વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો અને બાદમાં તેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જો કે, સારવાર દરમિયાન હવે વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે. પોલીસે આ મામલે CCTV ફૂટેજ ચેક કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.ઘટના બાદ ગુરુવારે સમગ્ર દિવસ દરમિયાન શાળા પાસે વાલીઓએ ભારે હંગામો મચાવ્યો હતો.

### સ્કૂલની ગંભીર બેદરકારી, ડીઈઓએ સરકારને રિપોર્ટ સોંપ્યો

અમદાવાદ : સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાની ઘટનામાં ભારે હોબાળો-તોડફોડ અને જનાક્રોશ બાદ સરકારે તપાસનો આદેશ આપ્યો હતો. દરમિયાન અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા સવારથી જ અધિકારીઓ સાથે સ્કૂલે જઈને તપાસ શરૂ કરાઈ હતી. શહેર ડીઈઓ દ્વારા પ્રાથમિક તપાસને અંતે શિક્ષણ સચિવને રિપોર્ટ સોંપવામા આવ્યો હતો.જે મુજબ આ ઘટનામાં સ્કૂલની-સંચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. આમ રિપોર્ટ અને તપાસ મુજબ સ્કૂલ સંચાલકની ગંભીર બેદરકારીએ જ વિદ્યાર્થીનો ભોગ લીધો છે.જો સ્કૂલમાં સિક્યુરિટી પુરતી હોત અને બાળક પર હુમલા બાદ તેની તાકીદે સારવાર સહિતની નોંધ લેવાઈ હોત તો આ તે મૃત્યુ પામ્ય ન હોત. અમદાવાદ શહેર ડીઈઓએ શિક્ષણ વિભાગને સોંપેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી ઘટનાની જાણ સ્કૂલ દ્વારા ડીઈઓને સાંજ સુધી કરવામા આવી ન હતી. ડીઈઓ કચેરી દ્વારા સ્કૂલને નોટિસ આપી ખુલાસો માંગવામા આવ્યો હતો પરંતુ આજ સુધીમાં સ્કૂલે ઘટનાને કોઈ ખુલાસો કે જવાબ પણ રજૂ કર્યો નથી.

# ઓઈલ પામની ખેતીમાં ગુજરાત બન્યું અગ્રેસર : દેશનું સાતમું સૌથી મોટું રાજ્ય

**અમદાવાદ**

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રવ્યાપી "નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ-ઓઈલ પામ" (NMEO-OP) અમલમાં મૂક્યું હતું. કૃષિ પ્રધાન રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, સોનેરી પામ તરીકે ઓળખાતું ઓઈલ પામ, દેશમાં ઉત્પાદિત થતા અન્ય તેલીબીયા પાકોની સરખામણીએ પ્રતિ હેક્ટર સૌથી વધુ તેલનું ઉત્પાદન આપે છે. તેથી જ, ઓઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા માટે NMEO-OP હેઠળ ગુજરાતના ૧૮ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના ખેડૂતોએ છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજીત ૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ લણી છે. જેના પરિણામે ગુજરાત વાર્ષિક ૧,૦૦૦ મેટ્રિક ટનથી વધુ પામ ઓઈલના ઉત્પાદન સાથે દેશમાં સાતમા ક્રમે પહોંચ્યું છે. રાજ્યમાં પ્રતિવર્ષ ઓઈલ પામનું વાવેતર સતત વધી રહ્યું છે. ચાલુ વર્ષે જ લગભગ ૨૩૫ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર થયું છે અને આ વર્ષના અંત સુધીમાં કુલ ૧,૦૦૦ હેક્ટર વિસ્તારમાં નવું વાવેતર થવાનો અંદાજ છે.

# ગુજરાત ઓટોમોબાઈલ હબ : ૨૨-૨૩માં રૂ.૨૯,૭૦૦ કરોડનું રેકોર્ડ બ્રેક રોકાણ

**ગાંધીનગર**

ભારતમાં ઓટોમોટિવ ક્ષેત્રે ક્રાંતિ આવી છે તેમાં ગુજરાતનો મોટો ફાળો છે. ગુજરાત તેના વ્યૂહાત્મક સ્થાન, મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણને અનુકૂળ નીતિઓને પગલે અન્ય રાજ્યોની સરખામણીમાં ઓટો કંપનીઓની પહેલી પસંદ બન્યું છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો સુઝુકી મોટર્સ ગુજરાતના કારણે આજે આ ક્ષેત્ર ભારતના અગ્રણી ઓટોમોટિવ ઉત્પાદન કેન્દ્રો પૈકીનું એક બન્યું છે. સુઝુકી મોટર્સ ગુજરાતે 7.5 લાખ કાર યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાતને વૈશ્વિક ઓટો હબ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ સફળતા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પણ પ્રદર્શિત થશે. નોંધનીય છે કે, આગામી 9-10 ઑક્ટોબર, 2025ના રોજ મહેસાણામાં ઉત્તર ગુજરાત માટેની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) યોજાશે.

વર્ષ 2012થી 2015 વચ્ચે ગુજરાતમાં ઓટોમોબાઈલ ક્ષેત્રએ વૈશ્વિક રોકાણકારોને આકર્ષ્યા હતા. 2014માં સુઝુકીએ રાજ્યમાં એક મેગા મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવા માટે MoU પર હસ્તાક્ષર કર્યા અને ગુજરાતનું ઓટો ક્ષેત્ર વેગવંતુ બન્યું. આ કંપનીએ વર્ષોથી ગુજરાતમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે, જેનાથી રોજગારીની પુષ્કળ તકો ઊભી થઈ છે. આજે સુઝુકી મોટરનો ગુજરાત પ્લાન્ટ ભારતમાં ઓટોમોબાઈલ ઉત્પાદન સુવિધાઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે.

# અમદાવાદમાં મિત્ર અને CA દ્વારા ખોટી સહીઓ કરી 217 કરોડનું કૌભાંડ આચરાયું

**અમદાવાદ**

અમદાવાદના એક વેપારી સાથે તેના જ મિત્ર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા વિશ્વાસઘાત અને છેતરપિંડીનો મોટો કિસ્સો સામે આવ્યો હતો. આશરે રૂ.217 કરોડના બિલિંગનો ઉપયોગ કરીને GSTની ચોરી કરી હોવાનો આક્ષેપ છે. નંદન મહેતા અને મિતુલ ઘેલાણીએ રૂ. 19.61 કરોડનો જીએસટી બચાવવા ખોટી સહીઓ કરી રૂ. 197.93 કરોડના ટ્રાન્ઝેક્શન કર્યા હતા. ફરિયાદી આદેશ્વરકુમાર મહેતા 'મહેતા માર્કેટિંગ'ના નામથી મોબાઈલનો વેપાર કરે છે. 2014-15માં તેમના વેપારમાં VAT (વેલ્યૂ એડેડ ટેક્સ) સંબંધિત સમસ્યા ઊભી થઈ હતી. ત્યારે તેમના મિત્ર નંદન મહેતાએ તેમને CA મિતુલ ઘેલાણી સાથે ઓળખાણ કરાવી હતી. મિતુલ ઘેલાણીએ આદેશ્વરકુમારનું VATનું કામ કરી આપ્યું હતું, જેથી આદેશ્વરકુમારે પોતાની પેઢીનું CAનું કામ તેમને સોંપ્યું હતું. 2020માં નંદન મહેતાએ આદેશ્વરકુમારને તેમની કંપની 'ઓમ કોટજીન પ્રા. લિ.'માં થોડા સમય માટે ડિરેક્ટર બનવા માટે સમજાવ્યા. આદેશ્વરકુમાર મિત્રતાના સંબંધે તૈયાર થઈ ગયા. 2021માં મિતુલ ઘેલાણીએ આદેશ્વરકુમારને જણાવ્યું કે VATના કેસ માટે એક બેંક ખાતું ખોલાવવું પડશે. આદેશ્વરકુમારે તેમના પર વિશ્વાસ મૂકીને નવરંગપુરાની મહેસાણા અર્બન કો.ઓપ. બેંકમાં 'મહેતા માર્કેટિંગ'ના નામે ખાતું ખોલાવ્યું હતું. આ ખાતું ખોલતી વખતે, આરોપી નંદન મહેતાએ આદેશ્વરકુમારની જાણ બહાર પોતાનો મોબાઈલ નંબર અને પોતાનું નામ નોમિની તરીકે લખાવી દીધું હતું, જેથી બેંકના તમામ મેસેજ તેના નંબર પર જતા હતા.

# દાહોદમાં આર્થિક તંગીને કારણે પિતાએ બે પુત્ર સાથે આપઘાત કર્યો

**દાહોદ**

રાજ્યમાં મારામારી, હત્યા, આપઘાતના બનાવો સામે આવતા હોય છે, ત્યારે દાહોદમાં પિતાએ બે પુત્ર સાથે આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. દાહોદના કઠલા ગામની સીમમાં પિતાએ બે પુત્ર સાથે સામૂહિક આપઘાત કરવાની ઘટનાને લઈને પોલીસ ઘટનાસ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૂળ દાહોદના ખંગેલા ગામના અરવિંદભાઈ વહોનિયા (ઉ.વ. ૩૨) કઠલા ગામના છાયણ ફળિયામાં પોતાના ૫ વર્ષીય સુરેશ અને ૭ વર્ષના રવિ એમ બે પુત્રો સાથે ઝાડ પર લટકીને આત્મહત્યા કરી છે. સમગ્ર ઘટના મામલે પોલીસે ત્રણેય મૃતદેહને પીએમ અર્થે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં આર્થિક તંગીનું કારણ મનાઈ રહ્યું છે.

થોડા દિવસ પહેલાં દાદરા અને નગર-હવેલીના સેલવાસના સમરવર્ણી વિસ્તારમાં રહેતા અને મૂળ મહારાષ્ટ્રના શખ્સે પોતાના બાળકોને ખોરાકમાં ઝેર ભેળવીને મોતને ઘાટ ઉતાર્યા બાદ ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. સમગ્ર ઘટના મામલે પોલીસ તપાસમાં મૃતકે કૌટુંબિક વિવાદ, નાણાકીય સમસ્યા અને માનસિક અસ્વસ્થ હોવાના કારણે આ પ્રકારનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# અમદાવાદમાં અજાણી યુવતીએ 14મા માળેથી કૂદીને જીવન ટૂંકાવ્યું

**અમદાવાદ**

અમદાવાદના શાસ્ત્રીનગર વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બની હતી, જ્યાં એક અજાણી યુવતીએ આત્મહત્યા કરી લીધી લેતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટના સરદાર પહેલ આવાસના 14મા માળે બની હતી, જ્યાં યુવતીએ ઉપરથી કૂદીને પોતાનો જીવ ટૂંકાવ્યો હતો. પ્રાથમિક વિગતો અનુસાર યુવતી આ બિલ્ડિંગની રહેવાસી નહોતી, અને તે અન્ય કોઈ જગ્યાએથી આવીને અહીં આત્મહત્યા કરવા પહોંચી હતી. યુવતીએ શા માટે આત્મહત્યા જેવું અંતિમ પગલું ભર્યું તે અંગેનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# બેંગકોકમાં વર્ક પરમીટના નામે સાયબર ક્રાઇમની તાલીમનું કૌભાંડ

## અમદાવાદના યુવકને મોકલનારના વચેટિયાને સાયબર ક્રાઇમે ઝડપી લીધો

**અમદાવાદ**

અમદાવાદમાં રહેતા યુવકને બેંગકોકમાં સાયબર ક્રાઈમ કરવાની તાલીમ આપવામાં આવી હતી. આ કેસમાં અમદાવાદ સાયબર ક્રાઈમે યુવકને બગકોક મોકલનાર કિંજલ શાહ નામના વ્યક્તિની ધરપકડ કરી છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમા રહેતા એક યુવકને સોશિયલ મિડીયા પર અભિષેકસિંગ નામના વ્યક્તિએ બેંગકોક થાઈલેન્ડમાં આઈટી કંપનીમાં પ્રતિમાસ રૂપિયા એક લાખના પગારની જોબ ઓફર કરી હતી. જેમાં કંપની રહેવા-જમવાની તેમજ ટિકિટની વ્યવસ્થા કરી આપશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેથી યુવકે હા કહેતા અભિષેકસિંગે ગુજરાતમાં તેના વતી કામ કરતા અને વડોદરામાં રહેતા કેયુર શાહ નામના વ્યક્તિની મદદથી યુવકના વિઝા સહિતની પ્રોસેસ કરાવી હતી. પરંતુ, યુવક જ્યારે બેંગકોક પહોંચ્યો ત્યારે એક કારમાં તેને થાઈલેન્ડની બોર્ડર પર લઈ જવાયો હતો. જ્યાં તેનો પાસપોર્ટ જપ્ત કરીને મ્યાનમાર લઈ જવાયો હતો. જ્યાં તેને સાયબર ક્રાઈમને લગતી તાલીમ લેવા માટે ફરજ પાડવામાં આવી હતી.

# ઓપરેશન અનામત': અમદાવાદમાં પૂર્વ આર્મી જવાનોએ ચક્કાજામ કર્યો

**અમદાવાદ**

ગુજરાતમાં ભૂતપૂર્વ સૈનિકો દ્વારા ચલાવવામાં આવી રહેલું 'ઓપરેશન અનામત' આંદોલન 23માં દિવસે પણ ચાલુ રહ્યું હતું. ગાંધીનગરમાં 'ગુજરાત પૂર્વ સૈનિક સંગઠન' દ્વારા એક મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે 50થી વધુ સૈનિકોની અટકાયત કરી હતી. આ મહારેલી માટે કોઈ પરવાનગી લેવામાં આવી ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. ગાંધીનગરમાં થયેલી અટકાયતથી રોષે ભરાયેલા 1,000 થી 1,500 ભૂતપૂર્વ સૈનિકો અમદાવાદ પહોંચ્યા હતા. તેમણે એરપોર્ટ સર્કલથી ઈન્દિરા બ્રિજ સુધીનો રસ્તો બંધ કરી દીધો હતો.

# દિલ્હી CMને લાફો મારનાર ગુજરાતનો યુવક પાંચ દિવસના પોલીસ રિમાન્ડ ઉપર

## અડધી રાત્રે કોર્ટમાં રજૂ કરાયો હતો, જનતા સુનાવણી દરમિયાન પણ હુમલો

**નવી દિલ્હી**

દિલ્હીમાં બુધવારે સાપ્તાહિક જનતા સુનાવણી દરમિયાન મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલો કરવાના આરોપમાં ધરપકડ કરનાર આરોપી રાજેશ ખિમજી (રાજકોટ, ગુજરાત)ને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલાવામાં આવ્યો છે. આરોપી રાજેશને દિલ્હી પોલીસે અડધી રાત્રે કોર્ટમાં રજૂ કર્યો હતો.

બુધવારે સવારે સાપ્તાહિક જનતા સુનાવણી દરમિયાન મુખ્યમંત્રી રેખા ગુપ્તાના સરકારી નિવાસસ્થાને ફરિયાદી બનીને આવેલા એક યુવાને અચાનક મુખ્યમંત્રી પર હુમલો કર્યો. આરોપીએ પહેલા મુખ્યમંત્રીનેએ કેટલાંક પેપર્સ આપ્યા અને પછી બૂમાબૂમ કરવા લાગ્યો. ત્યારબાદ આરોપીએ મુખ્યમંત્રીને ધક્કો આપ્યો.

પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો કે આરોપીએ મુખ્યમંત્રીએ થપ્પડ પણ માર્યો હતો, જો કે પ્રદેશ અધ્યક્ષ સચદેવાએ થપ્પડ મારવાના દાવાનો ઈનકાર કર્યો છે. આરોપીને ઘટનાસ્થળે જ પકડી લેવામાં આવ્યો હતો. ત્યાં હાજર લોકોએ તેની ધોલાઈ કરી. મુખ્યમંત્રીની સુરક્ષામાં ખામી થવાની ખબર મળતાં પોલીસ તંત્રમાં હડકંપ મચી ગયો હતો. સંયુક્ત પોલીસ કમિશ્નર મધુર વર્મા અને પોલીસ ઉપાયુક્ત રાજા બાંઠિયા તાત્કાલિક મુખ્યમંત્રીએ નિવાસે પહોંચ્યા અને તરત જ મુખ્યમંત્રીએ નજીકના હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આરોપીને ઘટના સ્થળેથી જ પકડીને સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.

# ઉપરાષ્ટ્રપતિ પદના રેડ્ડીએ નોમિનેશન ફાઈલ કર્યું, INDIAના નેતાઓ હાજર

**નવી દિલ્હી**

દેશના ઉપરાષ્ટ્રપતિ પદ માટે આજે વિપક્ષના ગઠબંધન I.N.D.I.A તરફથી સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બી. સુદર્શન રેડ્ડીએ ઉમેદવારી નોંધાવી છે. આ અવસર પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપા નેતા રામગોપાલ યાદવ, એનસીપી પ્રમુખ શરદ પવાર, શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉત સહિત વિપક્ષના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં. ગઈકાલે એનડીએ ગઠબંધનના સીપી રાધાકૃષ્ણનને આ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી.



બી સુદર્શન રેડ્ડીએ ઉમેદવારી નોંધાવતાં પહેલાં સંસદ ગૃહની બહાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમા સમક્ષ નમન કર્યું હતું. તેમણે સ્વતંત્રતા સેનાની અને મહાન નેતાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સૂત્રો અનુસાર, સુદર્શન રેડ્ડીએ ચાર સેટમાં ઉમેદવારી નોંધાવી છે. જેમાં 20 પ્રસ્તાવક અને 20 સમર્થક સામેલ રહ્યા છે.

# યવતમાલમાં રેલવે નિર્માણસ્થળે ખાડામાં ડૂબતાં 4 બાળકનાં મોત

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં સતત વરસાદને કારણે અકસ્માતોની સંખ્યા વધી રહી છે. એવામાં બુધવારે એટલે કે 20 ઓગસ્ટના રોજ મહારાષ્ટ્રના યવતમાલ જિલ્લાના દારવ્હા શહેરમાં રેલવે ફ્લાયઓવરના નિર્માણ માટે ખોદવામાં આવેલા ખાડામાં ભરાયેલા પાણીમાં ડૂબી જવાથી ચાર બાળકોનાં મોત થયાં છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક બાળકોની ઉંમર 10 થી 14 વર્ષની હતી અને આ ઘટના દારવ્હા રેલવે સ્ટેશન પાસે બની હતી. આ દરમિયાન, નાસિક અને તેની આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે ડેમ અને નદીઓ છલકાઈ ગઈ છે, જેના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, બાળકો ફ્લાયઓવરના બાંધકામ સ્થળ નજીક રમી રહ્યા હતા. થાંભલા લગાવવા માટે ખોદવામાં આવેલો મોટો ખાડો વરસાદના પાણીથી ભરાઈ ગયો હતો. એવી આશંકા છે કે બાળકો રમતા રમતા તેમાં પડી ગયા અથવા કદાચ તરવાનો પ્રયાસ કરતા હતા, જેમાં તેઓ નિષ્ફળ રહ્યા અને તેમનું મોત થયું હતુ.

# ઓનલાઈન ગેમિંગને નિયંત્રિત કરતું બિલ પાસ 45 કરોડ લોકોને વર્ષે રૂ. 20,000 કરોડનો ફટકો

## ઇ-સ્પોર્ટ્સ-સોશ્યલ ગેમ્સને મંજૂરી આપવામાં આવી અને મની ગેમ્સ પર સરકારે પ્રતિબંધ લાધો

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ઓનલાઈન ગેમિંગને નિયંત્રિત કરતું મહત્ત્વનું બિલ લોકસભામાં પસાર કરી દીધું છે. તેનો હેતુ ઓનલાઈન મની ગેમ્સ અને સટ્ટાખોરીને સંપૂર્ણપણે રોકવાનો અને ઈ-સ્પોર્ટ્સ તેમજ સોશિયલ ગેમ્સને પ્રોત્સાહન આપવાનો છે. એક અંદાજ મુજબ દર વર્ષે ૪૫ કરોડ લોકો આ ઓનલાઈન મની ગેમ્સના ચક્કરમાં ફસાઈને ૨૦ હજાર કરોડથી વધારે રકમ ગુમાવે છે.

કેન્દ્ર સરકારે દાવો કર્યો છે કે ઓનલાઈન ગેમ્સથી લોકોને થઈ રહેલા નાણાકીય અને સામાજિક નુકસાનને રોકવા માટે તે આ બિલ લાવી છે. આ બિલનું નામ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલ ૨૦૨૫ છે. આ ગેમ્સની લત ફક્ત નાણાકીય નુકસાન જ નહીં પણ એક સામાજિક સંકટ બની ચૂકી છે. કેટલાય લોકોએ આ ગેમ્સના ચક્કરમાં આવીને આત્મહત્યા કરી છે.

ઓનલાઈન ગેમિંગ બિલના ત્રણ મુખ્ય હિસ્સા છે. તેમા આ બિલ દ્વારા પહેલી વખત ઈ-સ્પોર્ટ્સને માન્યતા આપવામાં આવી રહી છે. અત્યાર સુધી દેશમાં સ્પોર્ટ્સ ગેમ્સ માટે કોઈ કાયદાકીય આધાર ન હતો. તેની આગામી માર્ગદર્શિકાઓ રમતગમત મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવશે. આ ઉપરાંત સરકારે ઓનલાઈન સોશ્યલ ગેમ્સને કાયદાકીય માન્યતા આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ગેમ્સ સામાન્ય લોકોના એજ્યુકેશન માટે કામ આવે છે.

# ભારત-ચીન વચ્ચે લિપુલેખના માર્ગે વેપાર શરૂ કરવા સહમતિ થતાં નેપાળ નારાજ

**નવી દિલ્હી**

ભારત અને ચીન વચ્ચે લિપુલેખના માર્ગે વેપાર શરૂ કરવા પર સહમતિ થયા બાદ નેપાળે નારાજગી વ્યક્ત કરી છે. નેપાળે નિરાશા વ્યક્ત કરતાં કહ્યું છે કે, આ વિસ્તાર તેનો અભિન્ન હિસ્સો છે. જે તેના સત્તાવાર નકશામાં પણ સામેલ છે. જો કે, ભારતીય વિદેશ મંત્રાલયે નેપાળના આ દાવાને ખોટો ઠેરવ્યો છે.

નેપાળના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, નેપાળ સરકાર સ્પષ્ટતા કરવા માંગે છે કે મહાકાલી નદીની પૂર્વમાં આવેલા લિમ્પિયાધૂરા, લિપુલેખ અને કાલાપાની નેપાળના અભિન્ન અંગ છે. તેમને નેપાળના નકશામાં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યા છે અને આ વાત અમારા બંધારણમાં નોંધાયેલી છે.

ભારત હંમેશા કહેતું આવ્યું છે કે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધૂરા તેના ક્ષેત્રમાં આવે છે. પરંતુ નેપાળમાં આ એક ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે. વર્ષ ૨૦૨૦માં આ જ મુદ્દે નેપાળમાં હિંસક દેખાવો થયા હતા. મંગળવારે નવી દિલ્હીમાં ભારત અને ચીન વચ્ચે થયેલી વ્યાપક વાતચીત બાદ જાહેર થયેલા સંયુક્ત દસ્તાવેજમાં બંને દેશો વચ્ચે લિપુલેખના માર્ગે વેપાર પર સહમતી નોંધાઈ હતી. જેના પર નેપાળે રોષ વ્યક્ત કર્યો હતો.

નેપાળ સરકારના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આવા દાવા પાયા વિહોણા છે અને જેમાં કોઈ ઐતિહાસિક તથ્યો કે પુરાવાઓ નથી. ભારત અને ચીન વચ્ચે લિપુલેખ ઘાટથી સરહદી વેપાર ૧૯૫૪માં શરૂ થયો હતો અને ઘણા દાયકાઓથી ચાલુ છે. તાજેતરના વર્ષોમાં આ વેપાર કોવિડ અને અન્ય કારણોસર બંધ થઈ ગયો હતો, પરંતુ હવે બંને પક્ષોએ તેને ફરીથી શરૂ કરવા પર સહમતી વ્યક્ત કરી છે.

# જીએસટીમાં મોટો ફેરફાર : 12% અને 28% સ્લેબ ખતમ કરવાની ભલામણ

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારનો જીએસટી સ્લેબમાં ઘટાડો કરવાનો પ્રસ્તાવ ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ (GOM)ની બેઠકમાં સ્વીકારવામાં આવ્યો છે. દિવાળી સુધીમાં જીએસટીનો ૧૨ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ દૂર થવાની સંભાવના પ્રબળ બની છે. કેન્દ્ર સરકારના જીએસટી સ્લેબમાં સુધારાના પ્રસ્તાવને આજે ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે જીએસટીના સ્લેબ ચારથી ઘટાડી બે કરવા ભલામણ કરી હતી. બિહારના ઉપ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળ યોજાયેલી છ સભ્યોની GOMએ કેન્દ્ર સરકારના ગુડ્સ એન્ડ સર્વિસિઝ પર ટેક્સ સ્લેબ ઘટાડી ૫ ટકા અને ૧૮ ટકા કરવાની માગ સ્વીકારી છે. તેમજ લકઝરી અને હાનિકારક પદાર્થો પર જીએસટી ૪૦ ટકા લાગુ કરવાની ભલામણને પણ મંજૂરી આપી છે. જીઓએમની બેઠકમાં ઉત્તર પ્રદેશના નાણા મંત્રી સુરેશ કુમાર ખન્ના, રાજસ્થાનના આરોગ્ય મંત્રી ગજેન્દ્રસિંહ, પશ્ચિમ બંગાળના નાણા મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય, કર્ણાટકના રેવેન્યુ મંત્રી ક્રિષ્ના ગોવડા, અને કેરળના નાણા મંત્રી કેએન બાલાગોપાલ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકને નાણા મંત્રી નિર્મલા સીતારમણે સંબોધી હતી.

# ન્યાય મંદિરો તો બનાવ્યા પણ દરવાજા ખૂબ સાંકળા : CJI

**પટણા**

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ બીઆર ગવઈએ અદાલતોમાં કેસોના ભારણ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે દેશમાં ફક્ત પરંપરાગત મુકદ્દમાબાજી આ ભારણ સહન કરી શકે નહીં. તેમણે બુધવારે કહ્યું હતું કે કાનૂની સહાય અને મધ્યસ્થી દ્વારા દરેક નાગરિક માટે ન્યાય સુનિશ્ચિત કરી શકાય છે.

વધુમાં સીજેઆઈએ ઉમેર્યું હતું કે, "આપણું બંધારણ દરેક નાગરિકને ન્યાય આપવાનું વચન આપે છે. છતાં વ્યવહારમાં, ન્યાયનો માર્ગ લાંબો અને જટિલ હોઈ શકે છે અને તેમાં ઘણા અવરોધો હોઈ શકે છે. ઘણા લોકો માટે, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને સંવેદનશીલ સમુદાયોના લોકો માટે, નિષ્પક્ષ સુનાવણીની યાત્રા સામાજિક, આર્થિક અને ભૌગોલિક અવરોધો દ્વારા અવરોધિત છે."

# નવા કાયદાથી સંસદમાં સંગ્રામ : PM, CM 30 દિવસ જેલમાં રહે તો પદ ગુમાવે

## કેજરીવાલની જેમ મમતા જેલમાં જાય તો ઘરભેગા થાય

**નવી દિલ્હી**

વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી કે રાજ્ય-કેન્દ્ર શાસિત પ્રદેશના મંત્રીઓને ગંભીર ગુનાના કેસોમાં ૩૦ દિવસ સુધી જેલમાં રાખવામાં આવે તો આવી સ્થિતિમાં તેમની પાસેથી વડાપ્રધાન, મંત્રી કે મુખ્યમંત્રીનું પદ પરત લઈ લેવાય એવી જોગવાઈ કરતું બિલ લોકસભામાં રજુ કરાયું હતું. અમિત શાહ દ્વારા રજુ કરાયેલા આ બિલનો વિપક્ષે સુત્રોચ્ચાર સાથે ઉગ્ર વિરોધ કર્યો હતો, એટલુ જ નહીં બિલની કોપીઓ પણ ફાડી નાખી હતી. વિપક્ષના સાંસદો લોકસભાની વેલ સુધી ધસી આવ્યા હતા અને સુત્રોચ્ચાર કર્યા હતા, આ દરમિયાન સાંસદોએ બિલોની કોપી ફાડી હતી અને ગૃહમંત્રી અમિત શાહ તરફ ઉછાળી હતી. જોકે વિવાદ વચ્ચે સરકારે સ્પષ્ટતા કરી હતી કે અમે આ બિલને સંયુક્ત સંસદીય સમિતી જેપીસીને સોંપવાનો પ્રસ્તાવ રજુ કરે છે. બંધારણના ૧૩૦માં સંશોધન માટેના આ બિલને લઈને વિપક્ષ દ્વારા એટલો ઉગ્ર વિરોધ કરાયો હતો કે ગૃહમંત્રીનું માઈક તોડવાનો પણ પ્રયાસ થયો હતો.

# વીમા પ્રીમિયમ પરના જીએસટીને દૂર કરવાનો પ્રસ્તાવ, રાજ્યો સંમત

**નવી દિલ્હી**


કેન્દ્રે જીવન અને આરોગ્ય વીમા પોલિસીને જીએસટીમાંથી મુક્તિ આપવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમ બિહારના નાયબ મુખ્યપ્રધાન અને વીમા અંગે રચાયેલ મંત્રીઓના જૂથના સંયોજક સમ્રાટ ચૌધરીએ એક નિવેદનમાં જણાવ્યું છે. જીવન વીમા અને આરોગ્ય વીમા પોલીસીના પ્રિમિયમની ચુકવણી પર ૧૮ ટકા જીએસટી વસુલ કરવામાં આવે છે. વીમા અંગે રચાયેલ મંત્રીઓના જૂથની અહીં યોજાયેલ બેઠકમાં લગભગ તમામ રાજ્યોએ આ પ્રસ્તાવનું સમર્થન કર્યુ હતું. જો કે તેલંગણાના નાયબ મુખ્યપ્રધાન મલ્લુ ભટ્ટી વિક્રમાર્કે જણાવ્યું છે કે રાજ્યોએ એ સુનિશ્ચિત કરવાની માંગ કરી છે કે ટેક્સમાં ઘટાડોનો લાભ કંપનીઓને નહીં પણ ડાયરેક્ટ પોલિસીધારકોને મળવો જોઈએ. તેમણે જણાવ્યું હતું કે રાજ્યો ઈચ્છે છે કે ટેક્સના દરમાં ઘટાડો કરવામાં આવે અથવા તેમાંથી મુક્તિ આપવામાં આવે.

# અજાણ્યા ભક્તે તિરુપતિ મંદિરમાં ભગવાનને 140 કરોડ રૂપિયાનું 121 કિલો સોનું ચઢાવ્યું

## વ્યવસાયમાં સફળતા મળવા અંગે કરેલી પ્રાર્થના ફળતા ભક્ત ખુશખુશાલ

**હૈદરાબાદ**

વિશ્વ પ્રસિદ્ધ તિરુમાલા તિરુપતિ મંદિરમાં શ્રદ્ધાળુઓએ દાનની નવી મિસાલ કાયમ કરી છે. તાજેતરમાં એક અજાણ્યા ભક્તે મંદિરને 140 કરોડ રૂપિયાની કિંમતનું 121 કિલો સોનું દાન કર્યું છે. આ ભક્તે પોતાની શ્રદ્ધા અનુસાર જે રીતે અઢળક સંપત્તિનું દાન કર્યું છે, તેનાથી સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ માહિતી આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એક જાહેર કાર્યક્રમમાં આપી હતી. ગુન્ટુર જિલ્લાના કાર્યક્રમ



દરમિયાન મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ દાનની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, 'એક ભક્તે તિરુપતિ મંદિરમાં પ્રાર્થના કરી હતી કે, જો તેનો વ્યવસાય સફળ થાય, તો તે મોટું દાન કરશે.' આ ભક્તે પોતાનો વ્યવસાય શરૂ કર્યો અને તેમાં અદભુત સફળતા મેળવી છે. તેણે પોતાની કંપનીના શેર વેચીને 6000થી 7000 કરોડ રૂપિયાની કમાણી કરી છે.

શ્રી વેંકટેશ્વર સ્વામીએ કૃપાથી ધન મળ્યું છે. જ્યારે તેમને ખબર પડી કે, મંદિરની મૂર્તિને દરરોજ 120 કિલો સોનાના આભૂષણોથી શણગારવામાં આવે છે. ત્યારે તેમણે 121 કિલો સોનું દાન કરવાનો સંકલ્પ કર્યો હતો. આ સોનાની કિંમત આશરે 140 કરોડ રૂપિયા છે. ભક્તે કહ્યું કે તે ભગવાન શ્રી વેંકટેશ્વરને સમૃદ્ધિનું પ્રતીક માને છે.

# વિપક્ષમાં ઘણા પ્રતિભાશાળી નેતાઓ છે જેમને મોકો મળતો નથી : PM મોદી

**નવી દિલ્હી**

દેશના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર તીખા પ્રહાર કરતાં કહ્યું કે, લોકસભામાં અનેક પ્રતિભાશાળી વિપક્ષી નેતાઓ છે, પણ રાહુલ ગાંધી તેમની વચ્ચે પોતાના વક્તવ્યથી તેમને બોલવા જ નથી દેતા. વડાપ્રધાને અનૌપચારિક રીતે જણાવ્યુ કે કોંગ્રેસ જાણીજોઈને આવું કરે છે જેથી કોઈ નેતા બોલી ન શકે જે રાહુલ ગાંધી કરતાં વધુ અસરકારક હોય.

આ ટિપ્પણી પીએમ મોદીએ એનડીએના સાંસદો માટે આયોજિત એક ચા પાર્ટી દરમિયાન કરી હતી, જ્યાં કોઈ પણ વિપક્ષી સાંસદ ઉપસ્થિત નહોતા. પીએમના જણાવ્યા અનુસાર વિપક્ષના ઘણા નેતાઓ સારી બોલવાની કળા ધરાવે છે પરંતુ રાહુલ ગાંધી તેમને પ્રોત્સાહન આપતા નથી. પરિણામે, વિપક્ષી સાંસદો ઈચ્છતા હોવા છતાં સંસદની કાર્યવાહી ધોરણસર ચલાવવામાં અવરોધ ઉભો કરે છે.

વધુમાં, લોકસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ માટે સ્થગિત થયા બાદ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ એક ટી પાર્ટીનું આયોજન કર્યું હતું જેમાં વડાપ્રધાન મોદી સહિત એનડીએના ઘણા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દિલ્હીમાં 3 માળની બિલ્ડિંગ ધરાશાયી 3 શ્રમિકોના મોત, રેસ્ક્યૂ ઓપરેશન શરૂ

**નવી દિલ્હી**

રાજધાની દિલ્હીના દરિયાગંજ વિસ્તારમાં સદ્ભાવના પાર્કમાં એક ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ છે, જેમાં ત્રણ શ્રમિકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે. દિલ્હી ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ, બુધવારે (20 ઓગસ્ટ) બપોરે બિલ્ડિંગ ધરાશાયી થઈ હોવાની માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી જઈને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન કાટમાળ નીચેથી ત્રણ ઈજાગ્રસ્તોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે ત્રણ શ્રમિકોના મોત થયા છે. દિલ્હી પોલીસે કહ્યું કે, બુધવારે સદભાવના પાર્કમાં એક બિલ્ડિંગ ધરાશાયી થવાના કારણે ત્રણ લોકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરીને ત્રણ લોકોને બચાવી લીધા છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ પણ ઘટાને ધ્યાને લીધી છે. પોલીસે કહ્યું કે, હાલ બચાવ કામગીરી ચાલી રહી છે, હકીકત સામે આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

# ઉત્તરાખંડમાં લાફાનો બદલો લેવા ધોરણ 9ના વિદ્યાર્થીએ તમંચો કાઢી શિક્ષકને ગોળી મારી દીધી

**દહેરાદૂન**

ઉત્તરાખંડના ઉધમસિંહ નગર જિલ્લાના કાશીપુરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ખાનગી સ્કૂલમાં ધોરણ 9માં ભણતા વિદ્યાર્થીએ તેના શિક્ષક પર તમંચો કાઢી ગોળી મારી દીધી છે. ગોળી શિક્ષકના જમણા ખભા નીચે વાગી હતી, ત્યારબાદ તેમને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે શિક્ષકે વિદ્યાર્થીને થપ્પડ મારતા વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે ઝઘડો શરૂ થયો. ત્યાર પછી વિદ્યાર્થી ગુસ્સામાં પોતાના લંચ બોક્સમાં તમંચો છુપાવીને સ્કૂલમાં લાવ્યો અને વર્ગખંડમાં જ શિક્ષકને ગોળી મારી દીધી હતી. આ સનસનાટીભરી ઘટના બાદ સમગ્ર જિલ્લામાં શિક્ષકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. ઉત્તરાખંડના સીબીએસઈ બોર્ડ સાથે જોડાયેલા શિક્ષકો આ ઘટનાના વિરોધ હડતાળ બાદ ધરણા પર બેઠા છે. કાશીપુર સહિત અનેક જગ્યાએ આજે શાળાઓ બંધ રાખવામાં આવી હતી. પોલીસે વિદ્યાર્થીને કસ્ટડીમાં લીધો છે અને પિસ્તોલ કબજે કરી છે, તેમજ મામલાની તપાસ શરૂ કરી છે. હાલમાં શિક્ષકની હાલત ગંભીર છે. કાશીપુરના કુડેશ્વરી રોડ પર આવેલી એક ખાનગી સ્કૂલમાં બુધવારે શિક્ષક ગગનદીપ સિંહ કોહલી સવારે 9.45 વાગ્યે ભૌતિકશાસ્ત્રનો વર્ગ લેવા પહોંચ્યા હતા. ઈન્ટરવલ પછી તે ક્લાસ રુમમાંથી બહાર આવી રહ્યા હતા ત્યારે પાછળથી આ વિદ્યાર્થીએ ટિફિન બોક્સમાંથી પિસ્તોલ કાઢી અને શિક્ષક પર ગોળીબાર કર્યો હતો. એ પછી વિદ્યાર્થીએ ત્યાથી ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ શિક્ષકોએ તેને પકડી લીધો હતો.

# દિલ્હીમાં ફરીથી ટ્રિપલ મર્ડર : ઘરની અંદર 3 મૃતદેહ મળી આવ્યા, પોલીસ તપાસમાં લાગી

## મહિલાનું મોં કપડાથી ઢંકાયલું અને બે પુરુષોના મૃતદેહ ફ્લોર પર પડેલા મળી આવ્યા

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીમાં ફરી એકવાર એક મોટી ક્રાઈમની ઘટના બની છે. બુધવારે દક્ષિણ દિલ્હીના મેદાન ગઢી વિસ્તારમાં બનેલી ટ્રિપલ મર્ડરની સનસનાટીભરી ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. મેદાન ગઢી વિસ્તારમાં 1 ઘરની અંદર 3 મૃતદેહ મળી આવ્યા છે. એક મૃતદેહ એક મહિલાનો અને બે પુરુષોનો છે. મહિલાનું મોં કપડાથી બાંધેલું હતું. આવી સ્થિતિમાં એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મહિલાનું મોં બાંધીને હત્યા કરવામાં આવી હશે. બે પુરુષોના મૃતદેહ ફ્લોર પર પડ્યા હતા, જે લોહીથી લથપથ હતા. હાલમાં, પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે.

બુધવારે સાંજે દિલ્હી પોલીસને એક ફોન આવ્યો અને ફોન કરનારે જાણ કરી હતી કે મેદાન ગઢી વિસ્તારમાં એક ઘરમાં 3 મૃતદેહ પડ્યા છે. માહિતી મળતા જ પોલીસ ચોંકી ગઈ હતી. એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ. જ્યારે પોલીસની ટીમ ઘરમાં પ્રવેશી ત્યારે એક રૂમની હાલત જોઈને તેઓ દંગ રહી ગયા. એક મહિલા અને બે પુરુષોના મૃતદેહ ત્યાં પડ્યા હતા. મહિલાનો મૃતદેહ પલંગ પર હતો અને બે પુરુષોના મૃતદેહ ફ્લોર પર પડ્યા હતા. મહિલાનું મોં કપડાથી ઢંકાયેલું હતું. બે પુરુષોના મૃતદેહ લોહીથી લથપથ ફ્લોર પર પડ્યા હતા. પોલીસે તાત્કાલિક મૃતદેહોને કસ્ટડીમાં લીધા અને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા.

# મુંબઇનો સૌથી ધનિક ગણેશ મંડપ 474 કરોડનો વીમો કરાવી રેકોર્ડ કર્યો

**મુંબઈ**

મુંબઈના સૌથી ધનિક ગણેશ પંડાલ જીએસબી સેવા મંડળ, કિંગ્સ સર્કલે આ વર્ષે રેકોર્ડ 474.46 કરોડ રૂપિયાનો વીમો કરાવ્યો છે. જ્યારે ગત વર્ષની પોલિસી 400 કરોડ રૂપિયાની હતી. આ વધારો સોના અને ચાંદીની વસ્તુઓની વધતી કિંમતો અને વધુ સ્વયંસેવકો અને પૂજારીઓની ભરતીના કારણે થયો છે.

મંડળે Non-Disclosure કરારનો હવાલો આપતા પ્રીમિયમ રકમનો ખુલાસો નથી કર્યો. ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ દ્વારા આપવામાં આવેલી વીમા પોલિસીમાં સોના-ચાંદીની વસતુઓ, વ્યક્તિગત દુર્ઘટના કવર, આગ અને ભૂકંપ જેવા અન્ય જોખમો અને જાહેર જવાબદારીનો સામેલ છે.

474 કરોડ રૂપિયાની ઓલ-રિસ્ક વીમા પોલિસી, જેમાં સોના, ચાંદી અને રત્નો સામેલ છે, તેની કિંમત 67 કરોડ રૂપિયા છે, જે 2024માં 43 કરોડ રૂપિયા અને 2023માં 38 કરોડ રૂપિયા હતી. સૌથી વધુ 375 કરોડ રૂપિયા વ્યક્તિગત દુર્ઘટના વીમા માટે છે અને તેમાં સ્વયંસેવકો, પૂજારીઓ, રસોઈયાઓ, સેવકો અને સુરક્ષા ગાર્ડોને કવર કરવામાં આવ્યા છે.

# અગ્નિ-5 મિસાઈલનું સફળ ટેસ્ટિંગ, ટાર્ગેટ 5,000 કિમી

**નવી દિલ્હી**

ભારતે બુધવારે ઓડિશાના દરિયાકાંઠા પરથી ખરનાક મિસાઈલનું ટેસ્ટિંગ કર્યું છે. આ મધ્યમ અંતરની બેલેસ્ટિન મિસાઈલનું નામ અગ્નિ-5 બેલિસ્ટિક છે, જે



ભારતીય સેનાને વધુ શક્તિશાળી બનાવશે. અગ્નિ-5 એ ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસિત એક સ્વદેશી લાંબા અંતરની સપાટીથી સપાટી પર પ્રહાર કરતી બેલિસ્ટિક મિસાઈલ છે. ભવિષ્યની સ્થિતિને ધ્યાને રાખી ભારતે આ નવી અને પાવરફુલ મિસાઈલ ડેવલપ કરી છે. અગ્નિ-5ની રેન્જ 5000 કિલોમીટરની છે અને આ મિસાઈલ પરમાણુ હથિયાર વહન કરે છે.

# મહારાષ્ટ્રમાં ફરી નવાજૂનીના એંધાણ, રાજ-ફડણવીસની મુલાકાત બાદ અટકળો તેજ

**નવી દિલ્હી**

મહારાષ્ટ્રમાં ફરી કંઈક મોટું થવાની અટકળો શરૂ થઈ છે. કારણ કે, નાયબ મુખ્યમંત્રી અજિત પવારે ગુરુવારે (૨૧મી ઓગસ્ટ) મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(MNS)ના વડા રાજ ઠાકરે અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેની મુલાકાત પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં સંવાદ જાળવી રાખવી એ એક પરંપરા રહી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (અજિત જૂથ)ના વડા અજિત પવારે કહ્યું કે ઘણાં નેતાઓ એકબીજાને અને મુખ્યમંત્રીને મળે છે, પછી ભલે તે નેતાઓ સત્તામાં હોય કે ન હોય. એકબીજા સાથે સંવાદ જાળવી રાખવો એ રાજ્યની પરંપરા છે. આ મુલાકાતને રાજકીય રંગ આપવાની કોઈ જરૂર નથી. નોંધનીય છે કે,MNSના વડા રાજ ઠાકરેએ દક્ષિણ મુંબઈમાં તેમના બંગલો વર્ષા ખાતે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા, જેના કારણે રાજ્યના રાજકીય વર્તુળોમાં અટકળોને વેગ મળ્યો હતો. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (ઉદ્ધવ જૂથ) અને રાજ ઠાકરેની મનસેએ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય અને ટ્રાન્સપોર્ટ(BEST)ચૂંટણી સાથે લડી હતી.

# આંધ્રમાં રૂ. 23 કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત : 8ની ધરપકડ

**હૈદરાબાદ**

ડીઆરઆઈએ આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લામાં અલપ્રાઝોલન્ના નિર્માણની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ૨૩ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કર્યુ હતું. ચોક્કસ બાતમીને આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, વિજયવાડા અને કાકીનાડા જિલ્લાના અધિકારીઓએ સંયુક્ત રીતે એક સંકલિત કાર્યવાહી હાથ ધરી હતી.

જે હેઠળ માસ્ટરમાઈન્ડ, ફાઈનાન્સર્સ, કેમિસ્ટો અને સંભવિત ખરીદનારાઓ સહિત આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈના અધિકારીઓએ તૈયાર કરવામાં આવી રહેલું ૮૭ કીલો અલપ્રાઝોલમ, ૩૬૦૦ લિટર પ્રવાહી કાચો માલ, ૩૧૨ કીલો ધન પ્રીકર્સર, બે રિએક્ટર, એક સેન્ટ્રીફ્યુઝ, એક ડ્રાયર અને આપત્તિજનક દસ્તાવેજ જપ્ત કર્યા છે.

# એશિયા કપ માટે ટીમ જાહેર : જયસ્વાલ, સિરાજ, ઐયરની અવગણના

## ટીમમાં ચાર બેટર્સ, ચાર ઓલરાઉન્ડર્સ, બે વિકેટ કીપર્સ, ત્રણ પેસર્સ અને બે સ્પિનર્સનો સમાવેશ કરાયો

મુંબઇ : એશિયા કપ ટી૨૦ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ છે અને ફિટ થયેલા સૂર્યકુમાર યાદવને ટીમના સુકાની તરીકે જાળવી રાખવામાં આવ્યો છે. બીજી તરફ વિવિધ અટકળોની વચ્ચે ટેસ્ટ ટીમના સુકાની શુભમન ગિલને એક વર્ષ બાદ ટી૨૦ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે અને તેને ટીમનો ઉપસુકાની પણ બનાવવામાં આવ્યો છે. ભારતે રમેલી છેલ્લી ત્રણ ટી૨૦ શ્રેણીમાં ગિલને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નહોતું. આઈપીએલમાં છેલ્લી બે વખતના ફાઈનાલિસ્ટ સુકાની શ્રેયસ ઐયરની પણ પસંદગી સમિતિએ વધુ એક વખત અવગણના કરી છે. ડાબોડી ઓપનર યશસ્વી જયસ્વાલને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ શ્રેણીમાં અક્ષર પટેલ ટીમનો ઉપસુકાની હતો પરંતુ હવે ગિલનું ટીમમાં પુનરાગમન થતાં અક્ષર પાસેથી ઉપસુકાનીપદ છીનવી લેવાયું છે.

પેસ બોલર જસપ્રીત બુમરાહના રમવા અંગેનું રહસ્ય પણ છતું થઈ ગયું છે. તે એશિયા કપમાં રમતો જોવા મળશે. મિડલ ઓર્ડર બેટ્સમેન રિંકુસિંહ ટીમમાં સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે પરંતુ અગરકરે સ્પષ્ટતા કરી દીધી છે કે રિંકુસિંહ માત્ર બેકઅપ બેટ્સમેન રહેશે એટલે કે તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવશે નહીં. ટીમમાં ચાર નિષ્ણાત બેટ્સમેન, ચાર ઓલરાઉન્ડર્સ છે. જિતેશ અને સંજુ સેમસનના સ્વરૂપે બે વિકેટકીપર બેટ્સમેન છે. ત્રણ નિષ્ણાત પેસર તથા બે નિષ્ણાત સ્પિનર્સ છે. ધ્રુવ જુરેલ, યશસ્વી જયસ્વાલ, પ્રસિદ્ધ ક્રિષ્ના, રિયાન પરાગ તથા વોશિંગ્ટન સુંદર રિઝર્વ ખેલાડી રહેશે.

**ભારતીય ટીમ :** સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડયા, શિવમ દૂબે, અક્ષર પટેલ, જિતેશ શર્મા, જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપસિંહ, કુલદીપ યાદવ, સંજુ સેમસન, હર્ષિત રાણા, રિંકુસિંહ
**રિઝર્વ પ્લેયર્સ :** પ્રસિદ્ધ ક્રિષ્ના, વોશિંગ્ટન સુંદર, ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, જયસ્વાલ




## મોહમ્મદ સાલાહે વિક્રમી ત્રીજી વખત PFA પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો

લંડન : ઈજિપ્ત અને લિવરપૂલના સ્ટાર ખેલાડી મોહમ્મદ સાલાહે ૨૦૨૪-૨૫ માટે પ્રોફેશનલ ફૂટબોલ એસોસિયેશનનો (પીએફએ) સતત ત્રીજી વખત પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીતીને હેટ્રિક નોંધાવી છે. સતત ત્રણ વખત એવોર્ડ જીતનાર તે વિશ્વનો પ્રથમ ફૂટબોલર બન્યો છે. એવોર્ડ માટે છ ખેલાડીઓનો શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા જેમાં લિવરપૂલના અન્ય ખેલાડી એલેક્સિસ મેક એલિસ્ટરનું પણ નામ સામેલ હતું પરંતુ વોટિંગમાં સાલાહે મેદાન માર્યું હતું. લિવરપૂલના કોઈ ખેલાડીને પીએફએ



મેન્સ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ અપાયો હોય તેવું ૧૦મી વખત બન્યું છે. સાલાહ માટે વર્તમાન સિઝન શાનદાર રહી છે. તે ૨૦૨૪-૨૫ની સિઝન માટે ફૂટબોલ રાઈટર્સ એસોસિયેશન ફૂટબોલર ઓફ ધ યર અને પ્રીમિયર લીગ પ્લેયર ઓફ ધ સિઝનનો એવોર્ડ પણ જીતી ચૂક્યો છે.

## રોહિત-કોહલીને વન-ડે રેન્કિંગમાંથી હટાવી ICCએ બ્લન્ડર કર્યું, ફેન્સ ભડક્યા

દુબઇ : આઈસીસીએ બુધવારે નવી વન-ડે પ્લેયર્સ રેન્કિંગ જાહેર કરી હતી પરંતુ તેમાં તેણે કરેલી બ્લન્ડરથી અનેક સમર્થકો ભડક્યા હતા. નવી રેન્કિંગમાંથી આઈસીસીએ ભારતના બે દિગ્ગજ ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલીને હટાવી નાખ્યા હતા. બંને ગયા સપ્તાહે ટોપ-પ બેટ્સમેનોમાં હતા. તમામ યૂઝર્સ આઈસીસીની આકરી ઝાટકણી કાઢીને વિવિધ આક્ષેપો પણ કર્યા હતા. ત્યારબાદ આઈસીસીએ તાત્કાલિક સુધારો કરીને બંને બેટ્સમેનોને ફરીથી ટોપ-૧૦મા સ્થાન આપી દીધું હતું.

## વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ માટે ભારતની ટીમ જાહેર, હરમનપ્રીતને ગોલ્ડન ચાન્સ

મુંબઇ : બીસીસીઆઇએ આઈસીસી વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. હરમનપ્રીત કૌરને ૧૫ સભ્યની ટીમનું સુકાન સોંપવામાં આવ્યું છે. તે પ્રથમ વખત ૫૦ ઓવર્સની ફોર્મેટના વર્લ્ડ કપમાં ભારતની કેપ્ટનશિપ કરશે. સ્મૃતિ મંધાનાને ઉપસુકાની બનાવાઈ છે. ટૂર્નામેન્ટ ૩૦મી સપ્ટેમ્બરથી ભારતની યજમાનીમાં શરૂ થશે. ભારત અત્યાર સુધી ક્યારેય વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ જીતી શક્યું નથી.

**વન-ડે વર્લ્ડ કપ માટેની વિમેન્સ**




**ટીમ :** હરમનપ્રીત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, પ્રતિકા રાવલ, હરલીન દેઓલ, દીપ્તિ શર્મા, જેમિમા રોડ્રિગુઝ, રેણુકાસિંહ ઠાકુર, અરુંધતિ રેડ્ડી, રિચા ઘોષ (વિકેટકીપર), ક્રાંતિ ગૌડ, અમનજોત કૌર, રાધા યાદવ, શ્રીચરણી, યાસ્તિકા ભાટિયા, સ્નેહ રાણા.

ઈન્ટરનેશનલ

# ચીન ઉપર સકંજો કસવો હોય તો ભારત સાથે સંબંધ સુધારો, ટ્રમ્પને ફરીવાર દિગ્ગજની સલાહ

**વોશિંગ્ટન**

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત નિક્કી હેલીએ ટ્રમ્પ વહીવટીતંત્રને ફરી એકવાર ચેતવણી આપી છે કે ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો એક મહત્વપૂર્ણ તબક્કે છે અને જો વોશિંગ્ટન ચીનની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને રોકવા માંગે છે તો તેણે ભારત સાથેના સંબંધોને ઝડપથી સુધારવાની જરૂર છે. બુધવારે ન્યૂઝવીકમાં પ્રકાશિત એક લેખમાં હેલીએ કહ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે રશિયન ઓઈલ અને ટેરિફ વિવાદોના મુદ્દાને કારણે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓ વચ્ચે ફાટ ન થવા દેવી જોઈએ. અમેરિકાએ તેના માટે સૌથી મહત્વપૂર્ણ શું છે તે ભૂલવું ન જોઈએ. ચીનનો સામનો કરવા માટે, અમેરિકાને ભારત જેવા મિત્રની જરૂર છે.

## અમેરિકા આડું ફાટશે તો ભારતનો માલ અમે ખરીદશું : રશિયા

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ભારત પર નાખેલા ટેરિફ સામે રશિયા ભારતની મદદે આવ્યું છે અને તેણે સોઈ ઝાટકીને જણાવી દીધું છે કે ભારતને અમે જે ડિસ્કાઉન્ટે ઓઈલ આપીએ છીએ તે જારી રાખીશું. તેની સાથે જણાવ્યું હતું કે અમેરિકા ભારતનો માલ ન ખરીદે તો કંઈ નહીં તેના માટે રશિયન બજારો ખુલ્લા છે. આમ ટ્રમ્પના પ્રતિબંધ પછી રશિયા જાહેરમાં ભારતના સમર્થનમાં બહાર આવ્યું છે. રશિયન રાજદૂત રોમન બાબુશ્કિને ભારતને રશિયા સાથે એક વ્યાપક ટ્રેડ કોરિડોર બનાવવા રજૂઆત કરી. આ કોરિડોરને તેમણે સમયની માંગ ગણાવ્યો. વ્હાઈટ હાઉસની સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે ટ્રમ્પે રશિયા-યુક્રેન સંઘર્ષનો અંત લાવવા માટે ભારત પર ૫૦ ટકા ટેરિફ નાખ્યો છે.

# ખૈબર પખ્તુનખ્વામાં સેનાના વાહન પર હુમલો, 10થી વધુ સૈનિકોના મોત

### મોટી સંખ્યામાં લોકો ગ્રસ્ત થયા હોવાનો પણ રિપોર્ટ

**ખૈબર પખ્તુનખ્વા**

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના બાજૌર જિલ્લાના સૌથી મોટા વ્યાપારી બજાર ઈનાયત કલાઈમાં સેનાના વાહન પર ભયાનક હુમલો થયો હોવાના સમાચાર સામે આવ્યા છે.

આ ઘટનામાં વાહનમાં મુસાફરી કરી રહેલા 10થી વધુ પાકિસ્તાની સેનાના સૈનિકો માર્યા ગયા હોવાના અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનો રિપોર્ટ છે. ઘટના બાદ બજારમાં હોબાળો મચી ગયો. કહેવામાં આવી રહ્યું છે કે પશ્તુન લડવૈયાઓએ પાકિસ્તાની સેનાના કાફલાને નિશાન બનાવ્યો છે.

આતંકવાદ પર નજર રાખતી સંસ્થાઓના ડેટા મુજબ, 2025માં પાકિસ્તાનમાં આતંકવાદી હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મુખ્ય હુમલાઓ આતંકવાદી સંગઠનો જેવા કે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને બલૂચ લિબરેશન આર્મી (BLA) દ્વારા કરવામાં આવ્યા છે. આ હુમલાઓમાં સુરક્ષા દળો, પોલીસકર્મીઓ અને ચીની નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા છે.

## સંપૂર્ણ ગાઝા વિજયની યોજનાને ઈઝરાયલની મંજૂરી : 60,000 જેટલા સૈનિકોને બોલાવી લીધા


**તેલઅવીવ**

ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ 'સંપૂર્ણ ગાઝા વિજય'ની યોજના ઈઝરાયલની કેબિનેટ સમક્ષ રજૂ કરી હતી, જેને મંજૂરી મળી ગઈ છે, તેથી હવે સંરક્ષણ મંત્રી, ઈઝરાયલ કાત્ઝે ૬૦,૦૦૦ જેટલા અનામત રાખેલા સૈનિકોને સેનામાં સક્રિય બનાવી દીધા છે. આ માહિતી આપતા એસોસિએટેડ ફ્રી પ્રેસ (એએફપી)ના સંવાદદાતા જણાવે છે કે એક તરફ આ યુદ્ધમાં શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થીઓ લાંબા સમયના યુદ્ધ વિરામ માટે પ્રયત્નો કરી રહ્યા છે. તો બીજી તરફ ઈઝરાયલ તરફથી કોઈ પ્રતિભાવ મળતો નથી. માહિતગાર વર્તુળો જણાવે છે કે, ઈઝરાયલી સંરક્ષણ મંત્રી ઈઝરાયલ-કાત્ઝે ઈઝરાયલની તે યોજના વિષે એએફપીને જણઆવ્યું હતું.

## પાક.માં હિન્દુઓનું ધર્માંતરણ, મોબ લિન્ચિંગ, બળજબરીથી લગ્નો વધ્યા

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આ ખુલાસો પાકિસ્તાન માનવ અધિકાર સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ પરનો અત્યાચાર બહુ જ ઝડપથી વધી રહ્યો છે. અનેક હિન્દુ-ખ્રિસ્તી સગીરાઓનું ધર્માંતરણ કરવામાં આવે છે, સગીર વયે જ બળજબરીથી તેમની સાથે લગ્ન કરવામાં આવે છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ દ્વારા લાહોરમાં એક કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ જાહેર




કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ, ખ્રિસ્તી, અહમદીસ વગેરે પર અત્યાચારોનું પ્રમાણ વધી રહ્યું છે. તેમના ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવી રહ્યો છે. તેમનું ટાર્ગેટ કિલિંગ પણ વધી રહ્યું છે. સૌથી વધુ પંજાબ અને સિંધ પ્રાંતમાં હિન્દુ યુવતીઓને નિશાન બનાવવામાં આવી રહી છે.

## ભારતને ૨૧ મિલિયન ડોલર આપ્યાનો ટ્રમ્પનો દાવો ખોટો

**ન્યૂયોર્ક**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફેબ્રુઆરી-૨૦૨૫માં કહ્યું હતું કે, 'યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ(USAID)એ ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરવાના ઈરાદાથી ભારતને ૨૧ મિલિયન ડૉલર (૧૭૨ કરોડ રૂપિયા)નું ફંડ ફાળવ્યું હતું. ટ્રમ્પના આ દાવા બાદ ભારતના રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો. જોકે હવે અમેરિકન દૂતાવાસે ટ્રમ્પના દાવાની પોલ ખોલી નાખી છે.

દિલ્હીમાં અમેરિકન દૂતાવાસે ભારતના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે,'USAIDદ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ભારતની ચૂંટણી પ્રક્રિયામાં કોઈ ફન્ડિંગ કરવામાં આવ્યું નથી, એટલું જ નહીં આવી કોઈપણ ગતિવિધિ લાગુ કરવામાં આવી નથી.' દૂતાવાસનું આ નિવેદન ટ્રમ્પના દાવાથી બિલકુલ વિપરીત છે.

# પેનોરમા ઈન્ડિયા સ્વતંત્રતા દિવસ પરેડ



# “એક ભારત, શ્રેષ્ઠ ભારત”ની પ્રેરણાદાયી થીમ સાથે NYCOનું ગુજરાત ફ્લોટ ચમક્યું

## ફ્લોટ પર શક્તિશાળી, તથ્યપૂર્ણ સૂત્રો સાથે ભારતની પ્રગતિ અને એકતાની ગાથાનો ચિતાર રજૂ કરાયો

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (NYCO) દ્વારા ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ નાથન ફિલિપ્સ સ્ક્વેર ખાતે પેનોરમા ઈન્ડિયા ડે ફેસ્ટિવલ અને ગ્રાન્ડ પરેડમાં ગુજરાતની ભાવનાનું ગર્વથી પ્રદર્શન રજૂ થયું હતુ. આ સાથે જ ફરી એકવાર પ્રામાણિકતા અને સર્જનાત્મકતા માટે તેને ટોચના સન્માન મળ્યા હતા.

“એક ભારત, શ્રેષ્ઠ ભારત” (એક ભારત, મહાન ભારત)ની પ્રેરણાદાયી થીમ સાથે NYCOનું ગુજરાત ફ્લોટ 25 સુંદર રીતે શણગારેલા ફ્લોટ્સમાં ચમક્યું હતુ, જેને વર્ષની સૌથી અધિકૃત અને થીમ-આધારિત એન્ટ્રીઓમાંની એક તરીકે ઓળખવામાં આવી હતી. ફ્લોટ ડિસ્પ્લેમાં ગાંધી આશ્રમની પ્રતિકૃતિ, સરદાર વલ્લભભાઈ પટેલનું સન્માન કરતી ઉંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી અને રાજ્યની સમૃદ્ધ પરંપરાઓ, હસ્તકલા, સાંસ્કૃતિક વારસો અને ટેકનોલોજીમાં આધુનિક પ્રગતિને ઉજાગર કરતા પ્રદર્શનો સાથે ગુજરાતના સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને ઐતિહાસિક ગૌરવને જીવંત બનાવવામાં આવ્યું હતું. ફ્લોટ પર શક્તિશાળી, તથ્યપૂર્ણ સૂત્રો સાથે ભારતની પ્રગતિ અને એકતાની ગાથાનો ચિતાર રજૂ કરાયો હતો. NYCOને ફ્લોટમાં પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અને પ્રખ્યાત લોકસાહિત્યકાર જોરાવરસિંહ જાદવનું ખાસ મહેમાન તરીકે સ્વાગત કરવા બદલ ખૂબ જ સન્માન મળ્યું હતુ. તથા કોચરબ આશ્રમના સંચાલક રમેશભાઈ ત્રિવેદી મહેમાન તરીકે આવ્યા હતા. ફ્લોટના ઉદ્ઘાટનમાં ભારતના કાર્યકારી કોન્સ્યુલ જનરલ કપિધ્વજ પ્રતાપસિંહની આગેવાની હેઠળ પરંપરાગત આરતી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ, જે સાંસ્કૃતિક સંવાદિતા અને આધ્યાત્મિક એકતાનું પ્રતીક છે.

> **પ્રખ્યાત લોકસાહિત્યકાર જોરાવરસિંહ જાદવ ખાસ મહેમાન તરીકે હાજર રહ્યા**







સાડી અને ધોતી વોક દ્વારા રજૂ થયેલા પ્રદશને આકર્ષણ જમાવ્યું હતુ. આ ઉપરાંત અનેક સભ્યોએ જીવંત બાંધણી અને લહેરિયો સાડી પહેરી હતી, અને પુરુષો કુર્તા-પાયજામા, લુંગી અને ધોતી પહેરીને આવ્યા હતા. વારસાનું આ રંગબેરંગી પ્રદર્શન અને તાળીઓનો ગડગડાટ હજારો લોકોનું દશ્ય સમુદાયના ગૌરવ અને ભાગીદારીનો સાચો પુરાવો હતો. પેનોરમા ઈન્ડિયા દ્વારા ટોરોન્ટોના કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયાના સહયોગથી આયોજિત ઈન્ડિયા ડે ફેસ્ટિવલ અને ગ્રાન્ડ પરેડમાં સાંસ્કૃતિક પ્રદર્શન, ચાર ભારતીય ભાષાઓમાં બાળકોના ગીતો અને સેલિબ્રિટી ગેસ્ટ શરાયુ દાતે દ્વારા લાઈવ કોન્સર્ટ, ભારતીય રાજ્યો અને સમુદાય જૂથોનું પ્રતિનિધિત્વ કરતા ફ્લોટ્સનો જીવંત પરેડનો સમાવેશ થતો હતો.

અંતે NYCOએ તેના પ્રાયોજકો, સ્વયંસેવકો, ભારત-કેનેડા સમુદાય સંગઠનો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. NYCOના સ્થાપક અને પ્રમુખ ચિંતન ભાવસારે સમુદાય, ભાગીદાર સંસ્થાઓ, સ્વયંસેવકો, મીડિયા સમર્થકો અને કાર્યક્રમમાં સહયોગ આપનારાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.











# કેનેડામાં ગુજરાતી વેટરનરી ડોક્ટરો દ્વારા સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

## કુદરતી સૌંદર્ય વચ્ચે ક્રિકેટ, અંતાક્ષરી, ધૂન, ભજન તથા ગરબાની રમઝટ સાથે સભ્યોએ રીમઝીમ વરસાદનો આનંદ માણ્યો

કેનેડામાં વસતા ગુજરાતી વેટરનરી ડૉક્ટરોએ ભારત માતા, તુજે સલામના નારા સાથે સ્વાતંત્ર્ય દિન ઉજવવા સાથે પિકનિકની મજા માણી હતી. ગત તા. ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ગુજરાતમાંથી કેનેડામાં સ્થાયી થયેલા વેટરનરી ડોક્ટરો દ્વારા ગ્દછફ્યેંત્નના નેજા હેઠળ પિકનિકનું આયોજન કરાયું હતુ. આ વર્ષે હાર્ટલેક પાર્કના બર્ચવ્યું પોઈન્ટ ઉપર વેટરીનરી ડોક્ટરો તથા તેના પરિવારના સભ્યો મળી કુલ ૧૨૦ નાગરિકો ભેગા થયા હતા.











પિકનિકની શરૂઆતમાં કેનેડા અને ભારતના રાષ્ટ્રધ્વજ લહેરાવ્યા હતા. ત્યારબાદ બાળમિત્રોની સાથે મધુર સ્વરમાં કેનેડાનું રાષ્ટ્રગીત ઓ કેનેડા ગાયું હતું અને પછી સમૂહમાં ભારતીય તિરંગાને સલામી સાથે ભારતના રાષ્ટ્રગીત જન ગણ મન ગવાયું હતું.

ઓપરેશન સિંદૂરમાં વીર સૈનિકોએ બતાવેલા શોર્યને બિરદાવાય હતુ. જે પછી સૌએ આઝાદીની લડાઈમાં શહિદ થયેલા ક્રાંતિવીરોને અને અત્યારે સરહદની રક્ષા કરી રહેલા વીર સૈનિકોને યાદ કર્યા હતા.

જે બાદ દેશભક્તિના માહોલ વચ્ચે ભારત માતા તુજે સલામ*ના નારા ગૂંજવી પિકનિકની શરૂઆત કરાઈ હતી. આ પિકનિકમાં ગુજરાતની વેટરનરી કોલેજના પ્રોફેસર ડો. મગનલાલ પાંડે તથા ડો મક્કર, બી એ કોલેજ ઓફ એગ્રિકલચરના ડીન ડો. મહેશભાઈ પટેલ પણ સહકુટુંબ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતથી પધારેલ સિનિયર વેટરીનરીઅન્સ ડો.કિરીટ રાવલ, ડો.બી.પી.પટેલ, ડો.પી.સી.પટેલ, યુ એસએથી પધારેલા ડો. શૈલેષ પટેલ, ડો.મહેશ પટેલનું પણ સ્વાગત ડો. મેરજાએ એમની ખાસ શાયરી * ફૂલ આપું તમને કે ફેરમ આપું તમને, તમે પધાર્યા પ્રેમથી, આખી મોસમ આપું તમને બોલીને કર્યું હતું. ત્યાર બાદ નવા આવેલા યુવાન ક્રિસ્ટીઅન શેલેતને સિનિયર ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ જ્વલંત કારકિર્દી બનાવવાની પ્રેરણા આપી હતી. ડો. અતુલ પખાવાલાએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ડો. હસમુખ મેરજાએ એમની આગવી શૈલીમાં દેશભક્તિની શાયરીઓ સાથે અભિવાદન કર્યા બાદ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરીને તમામ સ્પોન્સરને બિરદાવાયા હતા. કુદરતના ખોળે ક્રિકેટ, અંતાક્ષરી, ધૂન, ભજન તથા ગરબાની રમઝટ સાથે સાથે

રીમઝીમ વરસાદનો સૌએ આનંદ માણ્યો હતો. પિકનિકમાં સર્વેએ પકોડા, ચાય, કટલેસ, ચાટ પાપડીનો નાસ્તો, તળબુચની મજા માણી હતી.

# હ્યુમન ફોર હાર્મની દ્વારા ભારતના 79મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી, ધ્વજવંદન





## વરિષ્ઠ નાગરિકોએ ગીતો ગાયા, કાર્યક્રમમાં કાર્યકારી કોન્સ્યુલ જનરલ કપિધ્વજ પ્રતિપસિંહે હાજરી આપી

**ટોરોન્ટો**

ભારતીય સ્વાતંત્ર્યના 79મા વર્ષના પાવન અવસરે **Humans for Harmony** સંસ્થા દ્વારા ટોરોન્ટોમાં ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. હાલના કાર્યક્રમમાં કાર્યકારી કોન્સ્યુલ જનરલ કપિધ્વજ પ્રતિપસિંહ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમણે પોતાના ભાષણમાં ઈન્ડો-કેનેડિયન સમુદાયની વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલી પ્રગતિની પ્રશંસા કરી હતી. સાથે જ ભારતના અંતરીક્ષ સંશોધન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રમતગમત અને અર્થતંત્ર ક્ષેત્રે થઈ રહેલા વિકાસ પર પ્રકાશ પાડ્યો અને દરેક ભારતીયને આ સિદ્ધિઓ પર ગર્વ અનુભવવાની પ્રેરણા આપી હતી. **Humans for Harmony**ના પ્રમુખ ડોન પટેલે સ્વાગત પ્રવચનમાં સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની ચર્ચા કરી હતી. તેમણે ખાસ કરીને જન્સુઈસ ગ્રુપના સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કર્યો હતો, જેમણે આ કાર્યક્રમની સફળતા માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતુ. સાથે જ તેમણે ભવિષ્યમાં પણ સંસ્થા દ્વારા સમુદાયને એકત્ર કરતી વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે તે વાત કરી હતી. કાર્યક્રમ દરમિયાન ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાનું વિધિવત્ ધ્વજવંદન કપિધ્વજ પ્રતિપસિંહના હસ્તે થયું હતુ. ધ્વજવંદન બાદ વરિષ્ઠ નાગરિકોએ દેશભક્તિ ગીતો ગાયા હતા. અનેક યુવાનો તથા બાળકો દ્વારા ભારત તથા કૅનેડાની સંસ્કૃતિ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેઓએ જણાવ્યુ કે, "અમે કૅનેડામાં જન્મ્યા છતાં ભારતીય પરિવારમાં ઉછરવાના કારણે બંને સંસ્કૃતિઓનું સન્માન કરીએ છીએ. કાર્યક્રમનું સંચાલન ત્રણ યુવા વક્તાઓ ધેનુ પટેલ, મૈત્રી પંચાલ અને મેહલ પટેલે ખુબ જ સુંદર રીતે કર્યું હતુ. આ પ્રસંગે દીપક પટેલે આગામી ગરબા મહોત્સવ અંગે માહિતી આપી હતી.

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટન દ્વારા ઉત્સવોની ઉજવણી : વિવિધ થીમ પર કાર્યક્રમો





## પ્રાર્થના બાદ ભારત અને કેનેડાના રાષ્ટ્રીય ગીતોનુ ગાન કરાયું, કૃષ્ણ જન્મોત્સવ સાથે ભજનો અને ડાન્સ રજૂ થયા

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની મિટીંગ ૧૭ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ ગોરમેડો લાયબ્રેરી ખાતે રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત 'ॐ तत् श्री नारायण' પ્રાર્થનાથી થયા બાદ થીમને અનુરૂપ ઉત્સવ ઉજવાયા હતા. જેમાં ગણેશચતુર્થી, રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન અને જન્માષ્ટમી સંલગ્ન કાર્યક્રમ યોજાયા હતા.

રેણુકાબેન દેસાઈએગણેશ વંદના 'સુખ કર્તા, દુઃખ હર્તા' ગીત પર કસરત કરાવ્યા બાદ શિલાબેન નેગાંધીએ સૌનું સ્વાગત કર્યું હતુ. ત્યારબાદ રાષ્ટ્રીય 'ગીત જન-ગણ-મન' અને 'ઓ કેનેડા'નું સમૂહ ગાન કરાયું હતુ. સ્વાતંત્ર્ય સૈનિક નિધીશભાઈ દલાલે કરેલી દેશસેવાને બિરદાવી તેમનું સન્માન થયું હતુ. જે બાદ હર્ષદભાઈએ સંસ્થાકીય માહિતી આપી સ્પોન્સર્સની જાહેરાત કરી હતી. ત્યારબાદ ચાલુ માસમાં જે તે મેમ્બર્સની બર્થ ડે અને એનેવર્સરીહોય, તેની ઉજવણી થઈ હતી. રેણુકાબેન- અમીતાબેન એન્ડ ગ્રુપે રક્ષાબંધન પર રિમિક્સ સોંગ પર ભાવુક પરફોર્મન્સ આપ્યું હતુ. ભૂપેન્દ્રભાઈ ભટ્ટની આગેવાની હેઠળ ગણેશજીની શ્લોક સાથે વંદના કરી, 'ગણપતિ બાપા મોરિયા' ના નારા સાથે શોભાયાત્રા યોજવામાં આવી હતી. રાવજીભાઈ પટેલે સ્વાતંત્ર્ય દિન- ૧૫ ઓગષ્ટ પર વક્તવ્ય આપી પોતાના વિચારો રજૂ કર્યા હતા. અંતરાલમાં સૌએ મસાલેદાર ચા સાથેનાસ્તામાં સ્વાદિષ્ટ ચવાણું અને નાનખટાઈ આરોગ્યા હતા. દેશભક્તિના ગીત પર સુશીલાબેન જોષી એન્ડ ગ્રુપે વિશેષ વેશભૂષા સાથે સુંદર નૃત્ય રજૂ કરી સૌને ખુશ કર્યા હતા. મુકેશભાઈ- દિપીકાબેન ગ્રુપે ૧૫ મી ઓગષ્ટ પર, કૌટુંબીક સંવેદનશીલ સંવાદ સાથે સુંદર અભિનય સાથે રજૂ કરી સૌને ખૂબ જ ભાવવિભોર કરી દીધા હતા.

# બ્રામ્પટનમાં 'નંદ ઘેર આનંદ ભર્યો, જય કનૈયા લાલ કી'નો નાદ ગૂંજ્યો

## બાળકોએ રાધા, કૃષ્ણ તેમજ ગોપ, ગોપી જેવા વેશભૂષા ધારણ કર્યા, ઢોલ, મંજીરાં સાથે ભજન કિર્તનની રમઝટ જામતા વાતાવરણ કૃષ્ણમય બની ગયુ

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના બ્રામ્પટનમાં સેન્ડલવુડ - ચીન્ગુકોશી જગ્યાએ સનાતની ગુજરાતી વૈષ્ણવ સમાજ દ્વારા જન્માષ્ટમીના પાવન અવસરે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓન્ટેરિયોના વિવિધ શહેરોમાં રહેતા વૈષ્ણવો, કૃષ્ણ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન શ્રી કૃષ્ણના પ્રાગટયનો મંગલ ઉત્સવ, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી. જેમાં બાળકોએ રાધા, કૃષ્ણ તેમજ ગોપ, ગોપી જેવા વેશભૂષા ધારણ કર્યા હતા. જે બાદ ઢોલ, મંજીરાં સાથે ભજન કિર્તનની રમઝટ જામતા સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતુ. ઉપસ્થિત વૈષ્ણવોએ શ્રી કૃષ્ણના ઉપદેશો ઉપર







પોતાના વિચારો વિમર્શ કર્યા હતા. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મટકી ફેડ (દહી હાંડી)નું આયોજન હતું, જે એક જીવંત અને રોમાંચક પરંપરા છે. જેમાં સૌ ગોવાળિયાઓ પરમ્પરાગત રીતે દહીંથી ભરેલી માટકીને તોડવા માટે માનવ પિરામિડ બનાવે છે, જે ભગવાન શ્રી કૃષ્ણના બાળપણની લીલાઓનું પ્રતીક છે. અત્રે નાના બાળ ગોવાળિયાઓ પર મટકીમાંથી રેવડી, ચોકલેટ, ફૂલ, પતાસા અને સિક્કાઓ વરસાવીને તેની ઉજવણી કરાઈ હતી. વૈષ્ણવોએ પરંપરાગત વેશ ધારણ કરી ગરબા રાસની રમઝટ પણ બોલાવી હતી અને બ્રામ્પટનને વૃંદાવન બનાવી દીધુ હતું. ઉજવણી દરમિયાન વાતવરણમાં એક અલગ પ્રકારની ઊર્જાનો અહેસાસ તમામ લોકોને થયો હતો. વૈષ્ણવ ભક્તોએ આ પ્રસંગ માટે બનાવેલા ખાસ વિવિધ પ્રકારના પ્રસાદ, પંજરી વગેરેનો આનંદ માણ્યો હતો. ઉજવણીના ભાગરૂપે મહાપ્રસાદનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફાળી વ્યંજનો સાથે ગરમ ફાળી ભોજન પીરસાયું હતુ. આ કાર્યક્રમ કૃષ્ણ-ભક્તિ, શક્તિ, એકતા અને સનાતની સંસ્કૃતિનો સુંદર સમન્વય સમો બની રહ્યો હતો.

# ગુજરાતી કેથોલિક સમાજ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી, રાષ્ટ્રીય ગીતનું ગાન

ક્રિકેટ ટૂર્નામેન્ટ અને રમત ગમત સાથે બાળકો માટે રંગપૂરણી સ્પર્ધાનું આયોજન થયું, મંત્રી ગ્રેહામે કેનેડિયન નાગરિક તરીકે એકબીજાના ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ રાખવા અપીલ કરી






બ્રામ્પ્ટન : ટોરોન્ટોમાં વસતા ગુજરાતી કેથોલિક ક્રિશ્ચિયન સમાજનું સંગઠન 'ગુજરાતી કેથોલિક પરિવાર ઓફ્ કેનેડા' (GCPC) છેલ્લા લગભગ પંદરેક વર્ષોથી ય્છમાં કાર્યરત છે અને ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરતું આવ્યું છે. તારીખ ૧૬ ઓગસ્ટ શનિવારના રોજ આવા એક કાર્યક્રમમાં ભારતના ૭૯મા સ્વતંત્રતા દિવસની ધામધૂમપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓ સાથે ગ્રીનબ્રાયર રીક્રીએશન સેન્ટર, બ્રામ્પ્ટન ખાતે ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદનના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઓન્ટેરિયો સરકારના મિનિસ્ટર ઓફ્ મલ્ટીકલ્ચરાલીઝમ એન્ડ સીટીઝનશીપ ગ્રેહામ મેકગ્રેગર હાજર રહ્યા હતા. અન્ય આમંત્રિત મહેમાનોમાં કોન્ઝર્વેટિવ પાર્ટી ઓફ્ કેનેડાના ફેડરલ ઈલેક્શન માટેના પ્રથમ ગુજરાતી ઉમેદવાર અને સામાજીક અગ્રણી ડોન પટેલ, ઓન્ટેરિયો સરકાર દ્વારા નામિત 'ઓન્ટેરિયો કોલેજ ઓફ્ ઓક્યુપેશનલ થેરાપીસ્ટ્સ'ના પબ્લિક ડાયરેક્ટર પથિક શુક્લા અને કેનેડાની નેશનલ ક્રિકેટ ટીમના કેપ્ટન સાદ બીન ઝફ પણ હાજર રહ્યા હતા.

ભારતથી કેનેડાની ટૂંકી મુલાકાતે આવેલા ગુજરાત ડાયોસીસના વીકાર જનરલ ફધર ટેલેક્સ ફર્નાન્ડીસે પણ કાર્યક્રમમાં હાજરી પુરાવીને ધ્વજારોહણ કર્યું હતું. ધ્વજ ફકાવ્યા પછી ભારતના રાષ્ટ્રીય ગીત 'જન...ગણ...મન' અને 'વંદે માતરમ' ગવાયું હતુ. આ સાથે જ દેશભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો. ધ્વજવંદન પછી ગ્રેહામે પોતાના વક્તવ્યની શરૂઆત ગુજરાતીમાં 'કેમ છો' બોલીને કરી હતી. ગ્રેહામે શાંતિ, સદભાવના અને સન્માન ઉપર ભાર મૂકીને એક સાચા કેનેડિયન નાગરિક તરીકે એકબીજાના ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ રાખવાની વાત કરી હતી. ડોન પટેલે ભારતીય અને ખાસ તો ગુજરાતી તરીકે સંગઠનાત્મક રીતે સમાજની પ્રગતિ વિશે જણાવ્યું હતું. જ્યારે પથિક શુક્લાએ પ્રભુ ઈસુએ આપેલા શાંતિ, પ્રેમ અને કરુણાના સંદેશના ફેલાવવા ઉપર ભાર મૂક્યો હતો. સમાજના સિનિયર સિટિઝન્સ દ્વારા મિનિસ્ટર ગ્રેહામનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ગ્રેહામને વિલેક્સ અને જીમીના હસ્તે મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. ડોન પટેલ અને પથિક શુક્લાને પણ કેરન અને વત્સલ ક્રિષ્ટી દ્વારા મોમેન્ટો અર્પણ કરાયો હતો. પ્રકાશ મેકવાન દ્વારા સંગઠનનો પરિચય મહેમાનોને કરાવવામાં આવ્યો હતો. ચંદ્રવદન મેકવાન દ્વારા આભાર વિધિ કરાઈ હતી. વધુમાં ક્રિકેટ ટુર્નામેન્ટ અને રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિફૅર્મ સાથે લીગ પદ્ધતિથી ચાર ટીમો વચ્ચે લિમિટેડ ઓવરની મેચનું આયોજન કરાયું હતું. જેમાં યુવાનોએ ઘણા ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મેચના અંતે કેનેડા ક્રિકેટ ટીમના કેપ્ટન સદર બીન ઝફના હસ્તે ટ્રોફી વિતરણ કરાયું હતું. બાળકો માટે પણ રંગપૂરણી સ્પર્ધા અને અન્ય રમતોનું આયોજન કરાયું હતું.

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC) દ્વારા નચ બલિયે તિયાં દા મેલો યોજાયો



તિયાં દા મેળા જેવા કાર્યક્રમો સાંસ્કૃતિક વારસાને જાળવવા સાથે વરિષ્ઠોમાં પોતીકી ભાવનાને ઉજાગર કરે છે : ગિયાન પોલ

બ્રામ્પ્ટન : બ્રામ્પ્ટન ઓન્ટેરિયો ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC) દ્વારા નચ બલિયે તિયાં દા મેલાનું આયોજન કરાયું હતુ. જેમાં સંસ્કૃતિનો પ્રચાર ઉપરાંત એકતની ભાવના સાથે ૧૦૦થી વધુ વરિષ્ઠ સભ્યો ભેગા થયા હતા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ બ્રામ્પટનના પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સૌપ્રથમ અધ્યક્ષ ગિયાન પોલે સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને આવા મેળાવડાના મહત્વ પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતુ કે, તિયાં દા મેળા જેવા કાર્યક્રમો ફક્ત આપણા સાંસ્કૃતિક વારસાને જ સાચવતા નથી, પરંતુ આપણા વરિષ્ઠો માટે ખુશી અને પોતાનાપણાની ભાવના પણ લાવે છે.

સાંજ રંગબેરંગી પ્રદર્શન, હાસ્ય અને સંગીતથી ભરેલી હતી. પરંપરાગત પોશાક પહેરેલા પુરુષો અને સ્ત્રીઓએ તેમના ઉત્સાહથી કાર્યક્રમમાં રંગત જમાવી હતી. સમારંભના મુખ્ય પાત્ર તરીકે, જોયતીએ પ્રેક્ષકોને વ્યસ્ત રાખ્યા હતા. તેણીએ કહ્યું હતુ કે, આટલા જીવંત કાર્યક્રમનું આયોજન કરવું એ સન્માનની વાત છે. કાર્યક્રમમાં ભાવનાત્મક ગીતો, એકલ પ્રદર્શન, જીવંત સ્કીટ્સ અને ઈન્ટરેક્ટિવ રમતોનો સમાવેશ થતો હતો. પુષ્પિંદર કૌર દ્વારા રજૂ કરાયેલ મનમોહક સ્ક્રીપ્ટ એક મુખ્ય આકર્ષણ હતું, જે સાંજનું મુખ્ય આકર્ષણ સાબિત થયું. ફેશન શો અને કપલ ડાન્સે ભવ્યતા અને મજા ઉમેરી હતી. સભ્યોએ માત્ર મનોરંજન જ નહીં, પરંતુ સારા ભોજન, હાસ્ય અને હૂંફનો આનંદ પણ માણ્યો હતો. પ્રમુખ જસવિંદર દૈંડે પોતાના સમાપન ભાષણમાં સાંજને ભવ્ય રીતે સફળ બનાવવા બદલ બધાનો આભાર માન્યો હતો.


HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21. Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income. This home has lots to offer, you won't be disappointed.




Live upstairs and rent the basement for an extra income. Thousands spent $$$ on this two- bedroom Legal basement 2 bedroom apartment with an ensuite laundry. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Near Fanshawe College and Western University.




Must see 3 Bedroom 3 Bath impeccably finished home in Ajax! Spectacular carpet free floors throughout, stainless steel appliances, and more. Open concept main floor with powder room, recreational style finished basement with custom-finished flat ceiling, spacious bedrooms with excellent lighting on the upper floor. Master bedroom has walkout balcony, overlooking expansive park/green space. Close to schools, shopping, restaurants, hiking trails, cinema. You don't want to miss this rare opportunity.

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

## હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

### *Chapel Ridge*
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

### *North Toronto*
*Crematorium Inc.*

Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE





**Vilo**
Licensed Funeral Director
(416) 993-0826



**Harjinder**
Licensed Funeral Director
(647) 966-0093



**Christeen**
Licensed Funeral Director
(416) 258-6759



**Kirti**
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4895.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga

North Toronto CREMATORIUM



Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**